૩૮૪
ડિસેમ્બર '૫૫
વર્ષ ૩૨ · અંક ૧૨

કુમાર


આવતી કાલનાં નાગરિકોનું માસિક




અજંતાની ૧૯મા નંબરની ગુફાના આંગણામાંના એક મોટા ગોખમાં નાગરાજ-નાગરાણીનું જાણીતું શિલ્પ

સંપા. ર. મ. રાવળ · તંત્રી બચુભાઈ રાવત

વર્ષ ૩૨ · અંક ૧૨
ડિસેમ્બર '૫૫
૩૮૪



પુષ્પિતાગ્રા ચિત્રકાર કનુ દેસાઇ



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-નાટિકા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

વાચકો લખે છે

અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

'કુમાર'ના સંખ્યાબંધ વાચકો અને મિત્રો તરફથી નૂતન વર્ષ નિમિત્તે મળેલા અભિનંદનપત્રો માટે એ સૌનો આભાર માનીએ છીએ. એમાં ઘણાએ સ્વહસ્તે ચિત્રાંકનો કરીને તથા કોઇએ સ્વરચિત કાવ્યો સાથે મોકલ્યાં છે, જે પૈકી કેટલાંક ગણનાપાત્ર ચિત્રોનો સમૂહ આ વિભાગમાં છાપીએ છીએ. આશા છે કે આવતે વર્ષે એવી ગણનાપાત્ર કાવ્યકણિકાઓ પણ નીકળશે.

સપ્ટેમ્બરના અંકમાં ડૉ.શિવપ્રસાદની રોગોની માહિતી આપતી સુંદર લેખમાળામાં 'ડિપ્થેરિયા' અંગેનો લેખ વાંચ્યો. એ રોગનાં કેટલાક મુખ્ય લક્ષણો ગણાવતાં એમણે તાવ વિશે લખ્યું છે કે આ રોગમાં પહેલા અઠવાડિયામાં તાવ ૧૦૦° થી ૧૦૪° જેટલો રહે છે. હું માનું છું એમણે તાવ વિશે કંઇક વિસ્તાર કરવો જોઇતો હતો; કારણ આપણા સમાજમાં જો બીજાં ખાસ લક્ષણ ન દેખાય અને તાવ ૯૯ કે ૧૦૦–૧૦૦½ ડિગ્રી હોય તો કદાચ કેટલીક વાર કેટલાંક માબાપને ખબર પણ પડતી નથી અને કેટલીક વાર ખબર પડે છે તો આવા 'સામાન્ય' તાવની દરકાર કરતા નથી.

આ રોગમાં તાવ ૧૦૪ડિગ્રીસુધી સામાન્ય રીતે ઘણા કેસમાં જોવામાં આવતો નથી. સેવીલ એની 'ક્લીનિકલ મેડિસિન' (૧૩મી આવૃત્તિ) માં લખે છે 'બીમારીનાં બીજાં લક્ષણોના પ્રમાણમાં તાવ આમાં ઓછો રહે છે, અને ૧૦૦°ની ઉપર તાવ તો કોઈક જ કેસમાં અગર જવલ્લે જ જોવામાં આવે છે. જ્યારે કેટલાક 'ખરાબ' કેસમાં તો તાવ બિલકુલ હોતો જ નથી.' એટલેકે તાવ કદાચ ન હોય ને બીજાં લક્ષણો જણાતાં પણ 'તાવ નથી' એમ માની બેદરકાર ન રહેતાં તુર્તજ ચિકિત્સકની સલાહ લેવી આવશ્યક છે.

(સૂરત) —પ્રફુલ્લ બી. વૈદ્ય

શ્રી દામુભાઈ શુક્લની યોગાસનોની પુસ્તિકાના અભ્યાસ પછી તે તંદુરસ્તી માટે તેમજ માનસિક વિચારો માટે ઉત્તમ છે એવું અનુભવ્યું. પણ થોડા વખત પૂર્વે એક સાધુ (જેઓ તર્કશાસ્ત્રના અભ્યાસી છે) એ જણાવ્યું કે વિદ્યાર્થી જીવનમાં આ બધું જરૂરી નથી. ઉપરાંત મુદ્રા કરતાં કરતાં આપણો જીવ કોઈક વખત બ્રહ્માંડમાં જતો રહે છે અને તે બધું મુશ્કેલીભર્યું છે. માત્ર શીર્ષાસન ખાસ જરૂરી અને સારું છે. આથી હું મૂંઝાઉં છું. તો યોગ્ય માર્ગદર્શન કરવા મહેરબાની કરશો.

(વડોદરા) —રણછોડભાઈ પટેલ

[ઉપરના પત્રનો અમે શ્રી દામુભાઈ પાસેથી જ મેળવેલો ઉત્તર નીચે આપીએ છીએ: 'આસનો અષ્ટાંગ યોગનો એક ભાગ છે, અને યોગમાર્ગના અભ્યાસીઓ સામાન્ય માણસોને મુશ્કેલ લાગે એવી રીતે દીર્ઘ સમય સુધી આસનો કરતા હોય છે. એમને શો અનુભવ થતો હશે અને એમનો 'જીવ' કયાં ફરતો હશે એનો આપણને અનુભવ નથી. આપણે તો શુદ્ધ શારીરિક એટલે કે આરોગ્યની દૃષ્ટિ ધ્યાનમાં રાખીને જ પુસ્તિકામાં જણાવ્યાં છે એ આસનો, મુદ્રા વગેરે કરવાનાં છે. એમ કરતાં જીવ કોઈ પણ ઠેકાણે ન જતાં જ્યાં હોય છે ત્યાં જ સ્થિર થઈને રહે છે એવો મારો અને બીજા અનેકોનો જાતઅનુભવ છે. એટલે આ ભાઇએ કોઈ પણ પ્રકારની આશંકા ન રાખતાં પોતાને જેનાથી ચોખ્ખો ફાયદો જણાયો છે એ આસનો કરવાનું ચાલુ રાખવું. —દામુભાઈ શુક્લ]

પાન ૪૬૦ ઉપર 'સેનાપતિ હેમૂનો વધ' લેખમાં વર્ણવેલી 'બહેરામખાને અકબરને હેમૂનો વધ કરી 'ગાઝી'નો ઈલ્કાબ મેળવવા જણાવ્યું અને અકબરે તલવાર વડે હેમૂના મસ્તને ધડથી જુદું કર્યું એ વાત ખોટી છે. ખરી વાત એમ છે કે બહેરામખાને ઘાયલ હેમૂને અકબર સમક્ષ ખડો કર્યો અને અકબરને હેમૂનો વધ કરવા કહ્યું, પણ અકબરે કહ્યું કે 'ઘાયલ શત્રુને મારવામાં શી બહાદુરી છે?' અને તેણે હેમૂનો વધ ન કર્યો પણ પછી બહેરામખાને તેનો વધ કર્યો.

(આતરસુંબા) —રવિ પ્રેમાર્થી

[અમે આપેલી હકીકત વિન્સેન્ટ સ્મિથ કૃત 'ધી ઑક્સફર્ડ હિસ્ટરી ઑવ ઇંડિયા' નામના આધારભૂત ઇતિહાસગ્રંથમાંથી લીધેલી છે, જેમાં આ પરત્વે નીચે મુજબ લખ્યું છે: 'The boy (Akbar) naturally obeying the instruction of his guardian, smote the prisoner on the neck with his scimitar, and the bystanders finished off his victim. The commonly accepted story that young Akbar exhibited a chivalrous unwillingness to strike a wounded prisoner is a later,courtly invention.]

અંક ૩૮૨–૩૮૩માં ગોવર્ધનરામના ચરિત્રમાં પૃ. ૪૩૨ની બીજી કૉલમના બીજા તથા ચોથા પૅરૅગ્રાફ સ્વ. રણજિતરામ વાવાભાઈના લેખમાંથી અને ત્રીજો પૅરૅગ્રાફ આચાર્ય આનંદશંકર ધ્રુવના લેખમાંથી લેવામાં આવેલ છે. છતાં એ અધિકારી લેખકોનાં નામ જણાવવામાં આવ્યાં નથી. શ્રી મુનશીનું કથન તેમના નામ સાથે જોડીને મૂકવામાં આવ્યું છે જ.

પૃ ૪૩૧ પર ઈ. ૧૮૮૫માં નર્મદે નર્મગદ્ય લખવું શરૂ કર્યું એમ કહ્યું છે તે ખોટું છે. ૧૮૮૬માં તો નર્મદનું અવસાન; અને નર્મગદ્ય તો ઘણું વહેલું શરૂ થયું હોવું જોઇએ.

ગોવર્ધનરામે ચાળીસમે વર્ષે નિવૃત્તિ લીધી તેમાં પણ વિગતદોષ છે. ઈ. ૧૮૯૮માં એટલે કે ૪૩મે વર્ષે નિવૃત્તિ લીધેલી.

'માધવરામ–સ્મારિકા', 'ક્ષેમરાજ અને સાધ્વી' વગેરે કૃતિઓનો ઉલ્લેખ થયો છે, ત્યારે 'Practical Asceticism' નામનો તેમનો કૉલેજકાળનો અત્યંત મહત્ત્વનો નિબંધ, અને 'સાક્ષરજીવન', 'દયારામનો અક્ષરદેહ' અને 'ક્લાસિકલ પોએટ્સ ઑવ ગુજરાત' પુસ્તકોમાંથી કોઇનો ઉલ્લેખ થયો નથી. 'हृदयत्रिशतकम्'નો નથી ઉલ્લેખ થયો, નથી એના અને 'સ્નેહમુદ્રા'ના મૂળમાં રહેલ પ્રથમ પત્ની સાથેના એમના ગાઢ સ્નેહસંબંધની વાત પણ કરવામાં આવી. એમણે લખેલ 'રા.નવલરામની જીવનકથા'નો ઉલ્લેખ થયો છે, પણ એ જેની સાથે જોડવામાં આવેલું એ 'નવલગ્રંથાવલિ'ના ચાર ભાગના સંપાદનની વાત નથી કરી.

પૃ. ૩૭૯ પર જે કહેવામાં આવ્યું છે કે 'સરસ્વતીચંદ્ર લખવાની પ્રેરણા એમને શ્રી તેલંગના જીવન પરથી મળેલી' તેનો કાંઈ આધાર આપવામાં આવે તો ઉપયોગી થઈ પડે.

પુત્રપુત્રીઓનાં જનોઈ, લગ્ન વગેરે ઝીણી વિગતો લખવામાં આવી છે, પણ જેના વિષે ગોવર્ધનરામે આખું પુસ્તક લખ્યું એ વિદુષી અને ધર્મપ્રેમી પુત્રી લીલાવતીનો એકાદ વાક્યમાં યે કયાં ય પરિચય નથી આપ્યો.

તેમના દેશપ્રેમને પ્રગટ કરતી હકીકતો–અમદાવાદની કૉંગ્રેસઅને નડિયાદની સ્વદેશી સહકારી પ્રવૃત્તિમાં ભાગ–પણ ચુકાઈ ગઈ છે.

(રાજકોટ) —જયંતી કોઠારી

[નિર્દેશેલી ભૂલો માટે આભાર માની જણાવવાનું કે 'નર્મગદ્ય' આરંભાયાની તથા નિવૃત્તિ લીધાની સાલની છાપભૂલ પ્રૂફરીડરની બેકા-



મિત્રો અને વાચકો તરફથી સ્વહસ્તે આલેખાઇને આવેલા નૂતન વર્ષાભિનંદન-પત્રો ઉપરનાં ગણનાપાત્ર ચિત્રો—મોકલનાર: મથાળેથી (૧) શાન્તિ શાહ (૨) જગમોહન મિસ્ત્રી—પાંચ રંગનું સિલ્કસ્ક્રીન મુદ્રણ (૩) પ્રદ્યુમ્ન તન્ના—હરણ (૪) પ્રમોદ પટેલ (૫) એચ. વી. કાપડિયા (૬) મનુભાઈ.

ભૂલથી રહી જવા પામી છે. આખો લેખ જુદાંજુદાં એટલાં બધાં સાધનો પરથી સંપાદિત થયો છે કે અવતરણચિહ્નો મૂકતાં સર્વત્ર અવતરણચિહ્નો જ આવે. વિગતો લેવા તથા પડતી મૂકવાની બાબતમાં સંપાદકના દૃષ્ટિબિંદુનો તફાવત હોઈ શકે. પણ અમે ઘણી ખુશીથી ઉપલી સઘળી માહિતી પ્રકટ કરીએ છીએ અને તે માટે ધન્યવાદ આપીએ છીએ.]

ઑક્ટોબર અંકમાં 'ગોવર્ધનરામ'ના લેખમાં પ્રભુરામના પુત્ર બાલકૃષ્ણ વિરક્ત થઈ 'ગિરિનાર' પર જઈ રહ્યાનું લખેલું છે. પણ વૃંદાવન પાસે ગિરિનાર નહિ પરંતુ ગિરિરાજ હોવું જોઈએ. ગિરિનાર તો સોરઠમાં છે.

(રાજકોટ) —ત્રંબકલાલ ત્રિવેદી

ઑગસ્ટ અંકમાં 'દિનવિશેષ'માં સર ફિરોજ-શાહ મહેતાનું જન્મ વર્ષ ૧૮૧૪ છે તે ૧૮૪૫ જોઇએ.

(નાગપુર) —ઝેનુ મલક

નવેમ્બર અંકના પૃ. ૪૫૫ પર શ્રી પ્રદ્યુમ્ન તન્નાનાં ચિત્રો છે તેમાં ઉપર ડાબી બાજુ બેઠેલી કન્યાના ચિત્રમાં જમણા પગનો અંગૂઠો ખોટી રીતે ચિત્રિત થયો છે.

(નિકોરા) —દિનેન્દ્ર શિ. જોશી

શ્રી છોટુભાઈ સુથારે 'જિમ કૉર્બેટ ભૂતપ્રેતમાં માનતા ને માણસખાઉ વાઘનો શિકાર કરવા જતાં પહેલાં એકાદ કાળા નાગનો શિકાર અવશ્ય કરતા' એ બાબત મારી

પાસે પ્રમાણ માગ્યું છે. ભૂતપ્રેતની માન્યતા બાબત આજથી ૮-૧૦ મહિના પહેલાંના 'Illustrated Weekly'માં તેમની શિકાર કથાઓ ચારેક અંકમાં પ્રગટ થયેલ તેમાં પેલી દુર્ગમ ડુંગરની ચોટી પર રાતના તેમણે જોએલ દીવાઓના દૃશ્ય તરફ તેમનું લક્ષ ખેંચ્યું છું. શ્રી કૉર્બેટના મંતવ્ય પ્રમાણે તે ભૂતાવળ હતી.

નાગના શિકાર બાબત તેમની 'Man-eaters of Kumaon' પુસ્તકમાં 'Kanda man-eater'માંનું તેમનું કથન તેમના જ શબ્દોમાં ઉતારું છું: "However little faith we have in the superstitions we share with others—thirteen at a table, the passing of wine at a dinner, walking under a ladder and so on—our own private superstitions, though a source of amusement to our friends, are very real to us... My own private superstition concerns snakes. When after man-eaters I have a deep-rooted conviction that however much I may try, all my efforts will be unavailing until I have first killed a snake."

આ કથનથી શ્રી છોટુભાઇને સંતોષ થશે.

(વીંછિયા) —એમ. જે. જોશી

ગયા અંકમાં સ્વ. ર. ભી.નો લેખ વાંચ્યો. શ્રી રખડપટ્ટીશંકર ભીંડાશંકરની એક વાર્તા 'ગરુડના કાકાની વાત' એક વાર 'કુમાર'માં આવેલી તે રખડપટ્ટીશંકર એ રત્નમણિરાવ ને?

(સુરેન્દ્રનગર) —રમેશ બી. શાહ

[સાચી વાત: રખડપટ્ટીશંકર ભીંડાશંકર એ જ ર. ભી.—રત્નમણિરાવ ભીમરાવ]

'કુમાર'માં ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની ને ફોટોગ્રાફી અંગેની લેખમાળા ખૂબ જ ગમી.

ફોટોગ્રાફી વિષે એક નમ્ર સૂચન કરવાનું છે કે આપે ઘણીખરી માહિતી આપી દીધી છે, પણ 'કૅમેરાની કરામત' વિષે માહિતી આપી નથી તો તે અંગે ઘટતું કરીને તેના અંગે એક લેખમાળા શરૂ કરશો એવી વિનતિ છે. એક જ પ્રિન્ટ ઉપર એક જ માણસનાં બે અથવા વધુ ચિત્રો કેવી રીતે લેવાં? ફોટોની બૅકગ્રાઉન્ડમાં માણસની કાળી છાયા ઉપર તે જ માણસનું સ્પષ્ટ ચિત્ર કેવી રીતે લેવું? વગેરે ઘણી એવી બાબતો છે. તે પર જાણકાર પાસે લેખમાળા શરૂ કરાવશો તો આભાર થશે. હમણાંની જે કલર ફિલ્મ આવે છે તેમાં કલર કેવી રીતે ઉપસાવવા તે સંબંધી પણ માહિતી આપશો.

(નડિયાદ) —સંતુરામ મગનલાલ ઠાકર

'કુમાર'માં શ્રી બળવંત ભટ્ટ, શ્રી જગન મહેતા વ૦ના સુંદર ફોટોગ્રાફો પ્રસિદ્ધ થાય છે. આ ચિત્રો સાથે તેની સંપૂર્ણ માહિતી data (ડાયાફ્રામ, લાઈટ, સ્પીડ, ફિલ્ટર વ૦) પણ જો આપવાનું શક્ય બને તો એ ચિત્રો વધારે આવકારદાયી અને ઉપયોગી થઈ પડે.

(જેતપુર) —પ્રસન્ન વછરાજાની

માધુકરી વિભાગમાં, 'કાંટો વાગ્યો છે?' માં ઉપાય બતાવવામાં આવ્યો છે તેવો જ બીજો એક ઉપાય મારી જાણમાં છે.

પગના તળિયામાં ખીલી, ફાંસ કે કોઈ ચીજ લાગીને નીકળી ગયા છતાં તે પાકી જાય છે. એ પર નીચેનો ઉપાય કરવાથી મટી જાય છે.

એક તોલા જેટલો ગોળ તથા થોડા અજમા લેવા. એક તવેથાને ઠીક પ્રમાણમાં ગરમ કરી ગોળને ગરમ તવેથા ઉપર મૂકવો. તે નરમ થયે, તેની ઉપર અજમા નાખવા, અને બંનેને મેળવી નાખવું. એ પછી એક સાફ કપડાના કટકા ઉપર ગોળની ગરમ લૂગદી નાખવી ને જ્યાં જખમ થયો હોય તે જગા ઉપર બાંધવું તથા ગરમ તવેથાના ચપકા દેવા. આવી રીતે બે-ત્રણ વાર કરવાથી દર્દ મટી જાય છે.

(મુંબાઈ) —કાસમઅલી જમાલ

ઑક્ટોબરના અંકમાં સરદાર સાહેબનું જીવન આપેલું તેમાં જણાવ્યું છે કે 'તેમનાં લગ્ન ગણામાં ઝવેરબા સાથે થએલાં.' ગામનું નામ 'ગણા' નહિ 'ગાના' જોઇએ.

(ગાના) —ધીરુ. ર. પટેલ

સપ્ટેમ્બરના અંકમાં શ્રી ઉદાણી 'કુમાર'માં શિલ્પકળાઓ પાછળ નકામાં પાનાં અને ફોટો આપો છો તે પ્રત્યે અણગમો દર્શાવે છે. ઘણીવાર થોડા છૂટા અભિપ્રાયને બહુમતીનો અભિપ્રાય માનવાની ભૂલ કરાય છે. મોટાભાગના વાચકોની રુચિ શી છે એ શ્રી ઉદાણી કરતાં 'કુમાર'ના તંત્રી પ્રમાણભૂત રીતે જાણતા હોય અને એને આધારે 'કુમાર'માં વાચનસામગ્રી પીરસવાની નીતિ ઘડે એ દેખીતું છે. વર્ષો થયાં ગુજરાતી ભાષામાં માત્ર ગુજરાતની જ નહિ પરંતુ દેશવિદેશની શિલ્પકળાની સર્વોત્તમ કૃતિઓ, ચિત્રકૃતિઓ ને ચિત્રકારો, કટાક્ષચિત્રકારો આદિનો પરિચય ગુજરાતી વાચકોને આપી, તે વિષેનું આપણું અક્ષમ્ય અજ્ઞાન દૂર કરી એમાં રસ લેતા કર્યા છે, એટલું જ નહિ પરંતુ ગુજરાતના નામાંકિત ગણાતા ચિત્રકારોને પ્રેરણા તાલીમ ને પ્રોત્સાહન આપી માનવંતું સ્થાન મેળવવામાં મદદ કરી છે; ભારતીય લલિતકળાઓમાં ઊંડાણપૂર્વક રસ લઈ તેની સૂક્ષ્મ ખૂબીઓ પારખનાર એક વર્ગ ઊભો કર્યો છે. ભૂતકાળમાં આપણા અજ્ઞાનને કારણે આપણી ઉત્તમ કૃતિઓ પરદેશી કળાપારખુને હાથે ચડતાં, યુરોપ ને અમેરિકાનાં સંગ્રહસ્થાનોમાં પહોંચી ગઈ છે.

કોઈપણ પ્રજાના સર્વાંગી સાંસ્કૃતિક વિકાસ માટે તેનાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, સંગીત આદિ લલિત કલાઓનો વિકાસ, લોકાદર ને સન્માન થવાં જરૂરી છે. 'કુમારે' ગુજરાતી વાચકોને માત્ર ભારતીય જ નહિ પણ દેશવિદેશની કળાકૃતિઓ ને કલાકારોનો પરિચય, સંશોધન, વિવેચનલેખો ને ચિત્રસામગ્રી આપી પોતાની વિશિષ્ટતા ને અનોખું વ્યક્તિત્વ જાળવી રાખ્યું છે અને એ જ નીતિ ભવિષ્યમાં પણ ચાલુ રાખે એવી આગ્રહભરી વિનંતી કરું છું.

(બોરીવલી) —ચિમનલાલ જે. સોમપુરા


ઑગસ્ટ માસમાં પૂરો થયેલ શ્રી સાધુરામ દવેનો 'લઘુયોગ' લેખ ખરેખર પ્રશંસનીય છે. તેનાથી ખૂબ જ લાભ મળી શકે એવું લાગે છે. શરૂઆત પણ કરેલ છે. એવાં જ આસનો સંબંધી વિવિધ લેખની ક્રમમાળા જો આપવામાં આવશે તો વાચકોને ખૂબ લાભ થશે ને અયોગ્યરીતે આસન થતાં અટકશે. તે તેમજ 'આ તમે જાણતા હતા?' એ શીર્ષક હેઠળ આવતા (જેવા કે મીઠું, ફટાકડા, પૉલિશ વ૦) લેખો પણ ખૂબ જ્ઞાનદાયક હતા. તે બન્ને જો બની શકે તો આપતા રહેશો. મારી જેમ બીજા વાચક પણ તેને અનુમોદન આપશે.

એક ફરિયાદ કરવાની છે. પત્રમિત્રો ઇચ્છતાઓ જ પોતાનાં નામો 'કુમાર'માં છપાવે તેવું કંઈક કરો તો સારું. મેં તેમાં આવતી નામાવલિમાંથી બેત્રણ વ્યક્તિઓને પત્રો લખેલા, પરંતુ હજુ સુધી, એટલે છએક માસથી કોઇનો જવાબ નથી. તો ઘટતું કરશો.

(મોરબી) —જિતુ ધ્રીયા

નવેમ્બર અંકમાં ભારતના 'સંગીત-સાહિત્યનો સુવર્ણકાળ' એ શીર્ષક તળે શ્રી વિભુકુમાર શિ. દેસાઇનો મનનીય લેખ વાંચ્યો. ભારતીય સંગીત પર પ્રકાશ પાડતા બેત્રણ લેખો કુમારમાં આવી ગયા છે જે સંશોધનની દૃષ્ટિએ બહુ જ ઉત્તમ કોટિના હતા. અત્યારે ખાસ કરીને શાસ્ત્રીય સંગીત પર બહુ જ ઓછા લેખો આવે છે. કુમારે લલિત કલાના ક્ષેત્રમાં અવનવું જે ઉત્તમ સ્થાન જારી રાખ્યું તે ગૌરવ અને આનંદની વસ્તુ છે.

(રાજકોટ) —મગનલાલ ત્રિવેદી



ખાડામાં ફસાએલો ઝમુર્રદ રાક્ષસ: 'હમઝાનામા'માં મુઘલ કલમનું એક ઉત્તમ ચિત્ર

અકબરના વખતનો સૌથી પ્રથમ ચીતરાએલો ગ્રંથ 'હમઝાનામા' મુઘલ ચિત્રકારીમાં એક શ્રેષ્ઠ ગ્રંથ ગણાય છે. એની ચિત્રશૈલી સંપૂર્ણપણે વિકસેલી છે અને ચિત્રો ચિત્રકળાના બધા જ ગુણોથી સંપન્ન છે. એનું સંયોજન સુઘટિત અને પ્રમાણબદ્ધ તથા એનું આલેખન વેગપૂર્ણ અને જીવંત છે. ઉપર્યુક્ત વિષય જેવા અદ્ભુત રસના આલેખનમાં તો એના ચિત્રકારોએ અસાધારણ સફળતા મેળવી હતી. શૈલીની દૃષ્ટિએ જોતાં એમાં ઈરાની અને ભારતીય તત્ત્વોનો સમન્વય છે. રાક્ષસ, માનવ, પશુપ્રાણી, વનસ્પતિ અને સ્થાપત્ય, સર્વ તત્ત્વોને ન્યાય આપતી એની ચિત્રણામાં સુચક્ર સંયોજન, મનોરમ ભાતગૂંથણી અને જીવંત ભાવાલેખન છે.



કલામય આંગણું ચિત્રકાર રસિકલાલ પરીખ

અવતાર-દ્વય

· વસંતતિલકા ·

૧ શ્રીરામ

આનંદકેલિમય નિર્મલ બ્રહ્મબાલ
રામાવતાર મિષ ગંભીર ધર્મરૂપે
ચિંતાની કર્ચલી ધરી નિત બેઉ ભ્રૂ પે
આવ્યો દયાળુ પૃથિવીકળણે મરાલ.

સ્વચ્છંદ નંદ જ ન પાત્ર સુધાનું એક,
છે બધને ય કવિતા, કરવા તું સિદ્ધ
આવેલ માનુષ બધા દરદોથી વિદ્ધ,
કારુણ્ય કાવ્ય છલ્યું મોદથી યે વિશેક!

સીંચ્યાસમાજ-વપુ-સંધિ ઋતેઅખિલ,
સામાન્યશેરીજનવત્ વિધિને અધીન;
તું ઊર્ધ્વ ના વિધિ સ્વયં,વિધિજાળલીન,
તું બ્રહ્મ તો ય વધુ માનુષધર્મશીલ.

છે કર્મધર્મથી ય ઊર્ધ્વ મુદાવિલાસ,
તેં આવતે જનમ રાખી મૂકેલ રાસ.

૨ શ્રીકૃષ્ણ

જન્મ્યો સનાતનશિશુ પરમાત્મ જાતે
કૃષ્ણસ્વરૂપ રસક્રીડનમોદમૂર્તિ,
ગાળેલ કેલિમય બાલ્ય યથા નિરાંતે
શેષાયુની સરણી તે ય શિશુત્વપૂર્તિ!

તું કૃષ્ણ! પુત્ર ન, સખા ન, પિયુ ન ભાઈ,
સંબંધ રાસ સરખો સહુ સંગ બાંધી
નિઃસંગ છોડયું વ્રજ દર્દ તને ન કાંઈ,
છોને જતાં તું વન એ ચગી મેહ-આંધી.

ક્રીડાથી એક અવરે શિશુ જાય સ્હેજે
તું તેમ બંસી થકી ચક્ર ભણી વળેલ;
ખેલ્યો વિધિ થઈ તું ભારતભાગ્ય ખેલ,
તું ઊર્ધ્વ જાળ થકી, જાળ ગ્રથેલ તેં જે.

સર્વોચ્ચ તું નિયતિ, ઊર્ધ્વ તું સૂત્રધાર,
સૌ નંદપુત્રમન ક્રીડનના પ્રકાર.

ઉશનસ્

સંવત્સર

આ અતીતની સૌ રમણા!
સંવત્સરના સરતા મણકા, આપણ એ તો ભ્રમણા.—આ૦

અનંતની આંગળીએ ફરતી મેર વિનાની માળા,
ગણતાં પ્હેલાં જાય ગળી એવાં મોતી મર્માળાં!
દીધ પરોવી દોર વણીને
તેજ-તિમિરના બમણા.—આ૦

કાળ તણું ધુમ્મસ ધરતી પે ઠરી બને બે બિંદુ,
એ ય આપણે માની લઈએ ઘોર ઘૂઘવતા સિંધુ,
ઝાકળને જલ ડૂબકી દઇને
શોધી રહ્યા શાં શમણાં ?!
આ અતીતની સૌ રમણા!

વિનોદ અધ્વર્યુ

ઘરની બહાર

હું મુજ ઘરની બહાર,
કૈંક ટકોરા કરું તોય ના હજી ય ખૂલતાં દ્વાર. હું૦

ગઠરી ભારે શિર પરે ને ધ્રૂજી રહ્યા મુજ પાય,
વાયુતણા સુસવાટા દિલને કંપાવે અસહાય;
મુજ આંગણિયે અજાણ જેવી પામું ન કૈં આધાર. હું૦

'દ્વાર સાંકડું; ગઠરી સાથે અંદર નહીં અવાય.'
—સુણું સાદ હું માંહ્યથી, માયા છૂટે ન એની છતાં ય;
પામું પ્રવેશ ન, અકળાઉં હું, ત્યજાય તો ય ન ભાર. હું૦

ગીતા પરીખ

આ સામેનું મુખચિત્ર

કલામય આંગણું—એવું આ ચિત્રનું નામ સૂઝયું ત્યાં અંદરથી કોઇ પોકારી ઊઠયું કે આટલા કવિત્વમય ચિત્રનું આવું ગદ્યાળું નામ ? એનું નામ તો હોવું જોઇએ 'સંસારનું સ્વર્ગ' કે 'સ્વર્ગીલું આંગણું' કે એવું કાંઈક. રંગ રેખા અને રચનાસૌંદર્યના સિદ્ધહસ્ત કલાકાર રસિકલાલ પરીખે પોતાની ચાલુ પદ્ધતિમાંથી જરા ચાતરીને કરેલા આ ચિત્રનાંઅંગોમાંવાસ્તવિકતાનેથોડું ડિઝાઈનનું સ્વરૂપ આપીને તેની ગૂંથણીને કેવી દિલચસ્પ બનાવી દીધી છે! છેક નીચે પગથિયાની કિનાર પર મૂકેલા પુષ્પકળશથી શરૂ કરી, માતાના પગ તથા ચોટલાના વળાંકને માર્ગે આગળ વધતી આપણી આંખ, બાળકીની લટો ગૂંથતા તેના હાથ દ્વારા બાળકીના દેહ, ઘોડાની ડોક, ઝાડનાં થડ, નમણી ડાળીઓ, ઢળેલાં છાપરાં, સરવરજળનાં લ્હેરિયાં ને દૂર ઢોળાવવાળી ક્ષિતિજ પર સોહતી મઢૂલી તથા રંગભર્યા આકાશમાં ઝાડની ડાળે ટહૂકતા પંખી સુધીની બધી લીલાઓમાં વળાંકાનું સૌંદર્ય પીતીપીતી તૃપ્ત બની જાય છે. જરા વળાંકો લેતા ઓટલા પર બેઠેલી માતાની પાછળ, સુંદર પાત્ર ધરી રહેલા ગોખલાની ચોમેર કરેલું શોભન જુઓ, બે ખાંચા પાડીને મનોહર બનાવેલી પેઢલીની પાર ઢોળાવ પર દેખાતું ડિઝાઇન સ્વરૂપી ઝાડ જુઓ, તેની ઓથેથી લજ્જાળુ રમણીની ઊંચી કરેલી આંખ જેવું ડોકાતું મઢૂલીનું દ્વાર જુઓ, ઝાડના થડ ને છાપરાની પાંખ વચ્ચેના ગાળામાં બેઠેલું કબૂતર જુઓ કે મઢૂલીના ઢળેલા છાપરા સાથે પ્રણય કરવા ઢળતી ઝાડની ડાળીઓ જુઓ, કે ક્રીડા કરવાને આમંત્રે એવા ડહેકતા તળાવ પર ઊડતું પંખી જુઓ,—બધે લાવણ્યનાં જ દર્શન થશે, અને મન ઓચિંતું પેલી જગજાણીતી પંક્તિઓ બોલી ઊઠશે કે 'અગર ફિર-દોસબરૂએ ઝમીનસ્ત— હમીનસ્તો હમીનસ્તો હમીનસ્ત.' (પૃથ્વી પર સ્વર્ગ હોય તો તે અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે.)

સ્વ. યશવંત પંડયા



માંદગી પહેલાંના સમયની તસ્વીર (ફોટો - જગન મહેતા)

આ વર્ષે ગુજરાતે ઉપરાઉપરી ગુમાવેલા સાહિત્યકારોમાં ગઇ દિવાળીને દિવસે ભાવનગરમાં શ્રી યશવંત સવાઇલાલ પંડયાના અકાળે થએલા અવસાનથી એક દુઃખદ ઉમેરો થાય છે; અને શ્રી રામનારાયણ પાઠક તથા શ્રી રત્નમણિરાવ ભીમરાવના જેવા જ તેઓ પણ 'કુમાર'ના એક અત્યંત મમતાળુ શુભેચ્છક અને અમારા એક અતિ નિકટના મિત્ર હતા એ હકીકતથી અમારું દુઃખ દ્વિગુણિત બને છે. 'કુમાર'ના ઘણાખરા વાચકો જાણતા હશે કે દર વર્ષે 'કુમાર'માં પ્રકટ થએલી ઉત્તમ કૃતિ માટે અપાતો 'કુમાર-ચન્દ્રક' એ શ્રી યશવંત પંડયાની દેણગી હતી. ઈ ૧૯૪૨-માં લેવાએલા 'કુમાર' બંધ કરવાના નિર્ણય બાદ આ સંસ્થા જાહેર મૂડીથી લિમિટેડ કંપની તરીકે ચાલુ કરવાના પ્રયત્નો વખતે અમારા સંખ્યાબંધ મિત્રોએ એમાં મમતાપૂર્વકનો જે ફાળો આપ્યો તેમાં શ્રી યશવંત પંડયાની આ દેણગીનો પ્રકાર અભિનવ હતો. તેમણે લાગટ દસ વર્ષ સુધી ચન્દ્રક આપી શકાય એટલી રકમ એકી સાથે આપીને તેની શરૂઆત કરી, અને તે પછી એને ચાલુ રાખવાના અમારા પ્રયત્ન વિષે સહાનુભૂતિપૂર્વક વિચાર પણ કરી રહ્યા હતા. પોતે એક સારી કોટિના નાટચકાર અને સાહિત્યસેવી હોવા ઉપરાંત ગુજરાતી સાહિત્ય માટેની મમતા દર્શાવતી આવી એમની બીજી દેણગી તે, પોતાના વતન ભાવનગરની સામળદાસ કૉલેજના ગુજરાતી અભ્યાસખંડ માટે, એમણે ગુર્જરસાહિત્યકારોની તૈલરંગી તસ્વીરો શ્રી રવિશંકર રાવળ પાસે ખાસ તૈયાર કરાવી અર્પણ કરી છે તે. એ ચિત્રસમૂહ આ સાથે પ્રકટ કરીએ છીએ.

એમનો જન્મ વિદ્વત્તા અને વૈદકમાં લબ્ધ પ્રતિષ્ઠ એવી સૌરાષ્ટ્રની પ્રશ્નોરા જ્ઞાતિમાં ઈ. ૧૯૦૬માં પચ્છેગામમાં થયો હતો, અને અગ્રણી સરકારી ઇજનેરના પુત્ર તરીકે મળેલા ઉચ્ચ સંસ્કાર અને શિક્ષણની અસરને લીધે કૉલેજકાળથી જ એ લખતા થયા હતા, જેમાં શ્રી જયંતી દલાલ જેવા સમવયસ્કના સહકારથી નાટચલેખન અને નાટચપ્રવૃત્તિ પ્રત્યે તેમને વિશેષ આકર્ષણ થયું. જો કે તે અગાઉ એમણે 'સાહિત્ય' માસિકમાં 'જગજીવન શિવશંકર પાઠક'ની સહીથી લખેલાં સમકાલીનોનાં રેખાચિત્રો તથા ટૂંકી વાર્તાઓ અને કટાક્ષકાવ્યો પર પણ સફળ હાથ અજમાવ્યો હતો. પણ એમનાં એકાંકી નાટકો એમની કીર્તિદા બન્યાં, અને ગુજરાતી સાહિત્યમાં નવીન શૈલીનાં એકાંકી લખનારાઓમાં આદ્ય એવા સ્વ. બટુભાઈ ઉમરવાડિયા તથા તે પછી શ્રી પ્રાણજીવન પાઠક વગેરેની પરંપરા ચાલુ રાખવામાં તેમનો ફાળો ગણનાપાત્ર હતો. એવી જ પ્રશસ્ય એમની બીજી પ્રવૃત્તિ તે શિષ્ટ અને સંગીન સાહિત્યકૃતિઓનું 'વાર્ષિક' કાઢવાની હતી, જેના ફલસ્વરૂપ નીકળેલા 'વીણા' અને 'શરદ'ના અંકો, આજનાં એવાં પ્રકાશનોના અગ્રચારી કહી શકાય. મુંબાઈના જાણીતા 'કલમમંડળ'ના સ્થાપક સભ્યોમાંના તેઓ એક હતા.

'પડદા પાછળ', 'અ. સૌ. કુમારી', 'મદનમંદિર', 'રસજીવન', 'સરતના ઘોડા', 'ઘરદીવડી', 'ત્રિવેણી' વગેરે નાટિકાઓના સંગ્રહો તથા લેખો વગેરે દ્વારા ઈ. ૧૯૨૧થી સવા-દોઢ દાયકા સુધી ચાલેલી એમની એ સાહિત્યપ્રવૃત્તિ ત્યાર પછી વ્યવસાયમાં પડવાને લીધે મંદ પડવા છતાં એમનાં સાહિત્યપ્રીતિ અને સંસ્કારસંપર્ક તો સતત ચાલુ જ હતાં, અને બૉમ્બે લાઈફ એશ્યોરન્સ કંપનીની દિલ્હી ખાતેની શાખાના સર્વાધિકારી સંચાલક નિમાયા પછી દિલ્હીમાંનું એમનું ઘર સંસ્કારી ગુજરાતીઓનું એક થાણું બની રહ્યું હતું. દિલ્હીના 'ગુજરાતી સમાજ'ના પ્રમુખપદે લાગટ ત્રણ વર્ષ રહીને એમણે આપેલી ઉજ્જ્વલ સેવાઓના ફળશરૂપ એમણે એ સમાજને માટે મેળવેલું મોટું કુશાદે મકાન છે. દિલ્હીની આર્ટસ ઍન્ડ ક્રાફ્ટસ સોસાએટીની નાણાંસમિતિનું અધ્યક્ષપદ એ દિલ્હીના એમના વિશાળ સંસ્કારસંબંધોના દ્યોતકરૂપ એક જ ઉદાહરણ બસ થશે.

એકાદ વર્ષ પર લોહીના ઉચ્ચ દબાણના આક્રમણથી એમને પક્ષાઘાતનો હુમલો થયો તે પહેલાં યે એક ગંભીર ઑપરેશનમાંથી તેઓ સફળતાપૂર્વક પાર ઊતર્યાં હતા; પણ લોહીનું ઉચ્ચ દબાણ ચાલુ જ હતું અને ગઈ ૧૪મી નવેમ્બરે આવેલો એનો ત્રીજો હુમલો અંતે ઘાતક નીવડયો. એમનાં કુટુંબીજનોને માટે તો, માત્ર ૪૯ વર્ષની વયે થએલા આવા ભદ્ર સ્વજનનું અવસાન કપરા આઘાતરૂપ છે જ, પરંતુ એમના સંપર્કમાં આવનારા ગુજરાતના સાહિત્ય અને સંસ્કારસેવી સર્વ સજ્જનો તથા એમના સદા યે સહાયતત્પર અને સ્નેહાળ સ્વભાવની મીઠાશ અનુભવનારા સૌને એમની વિદાય સદાકાળ ખૂંચ્યા કરશે. આ નીચે શ્રી રવિશંકર રાવળે એમને આપેલી અંજલિરૂપ લેખ રજૂ કરવાની સાથે અમે એ મમતા અને મધુરતાભર્યા મિત્રને અમારી હૃદયપૂર્વકની અંજલિ અર્પીએ છીએ.

દર વર્ષે સર્વોત્તમ લેખ માટે 'કુમાર-ચન્દ્રક' આપનાર 'કુમાર'ના હોંસીલા મિત્ર અને સ્વજન ભાઈ યશવંત પંડયા ફક્ત ૪૯ વર્ષની અકાળ વયે લકવાનો ભોગ બની ૧૪ નવેમ્બરની સવારે આ દુનિયા તજી ગયાના સમાચાર 'કુમાર'ના વાચકોને તો જરૂર ગમગીન યાદ બની રહેશે એટલું જ નહિ, પણ સારા ગુજરાતમાં તેમના અંગત સંપર્કમાં આવેલા, તેમનું સૌહાર્દ અનુભવી ચૂકેલા અનેકાનેક મિત્રોને તેમની ખોટ જીવનભર તાજી રહેશે.



જાન્યુઆરી

ર.	૧	૮	૧૫	૨૨	૨૯
સો.	૨	૯	૧૬	૨૩	૩૦
મં.	૩	૧૦	૧૭	૨૪	૩૧
બુ.	૪	૧૧	૧૮	૨૫	
ગુ.	૫	૧૨	૧૯	૨૬	
શુ.	૬	૧૩	૨૦	૨૭	
શ.	૭	૧૪	૨૧	૨૮	

ફેબ્રુઆરી

ર.		૫	૧૨	૧૯	૨૬
સો.		૬	૧૩	૨૦	૨૭
મં.		૭	૧૪	૨૧	૨૮
બુ.	૧	૮	૧૫	૨૨	૨૯
ગુ.	૨	૯	૧૬	૨૩	
શુ.	૩	૧૦	૧૭	૨૪	
શ.	૪	૧૧	૧૮	૨૫	

માર્ચ

ર.		૪	૧૧	૧૮	૨૫
સો.		૫	૧૨	૧૯	૨૬
મં.		૬	૧૩	૨૦	૨૭
બુ.		૭	૧૪	૨૧	૨૮
ગુ.	૧	૮	૧૫	૨૨	૨૯
શુ.	૨	૯	૧૬	૨૩	૩૦
શ.	૩	૧૦	૧૭	૨૪	૩૧

એપ્રિલ

ર.	૧	૮	૧૫	૨૨	૨૯
સો.	૨	૯	૧૬	૨૩	૩૦
મં.	૩	૧૦	૧૭	૨૪	
બુ.	૪	૧૧	૧૮	૨૫	
ગુ.	૫	૧૨	૧૯	૨૬	
શુ.	૬	૧૩	૨૦	૨૭	
શ.	૭	૧૪	૨૧	૨૮	

મે

ર.		૬	૧૩	૨૦	૨૭
સો.		૭	૧૪	૨૧	૨૮
મં.	૧	૮	૧૫	૨૨	૨૯
બુ.	૨	૯	૧૬	૨૩	૩૦
ગુ.	૩	૧૦	૧૭	૨૪	૩૧
શુ.	૪	૧૧	૧૮	૨૫	
શ.	૫	૧૨	૧૯	૨૬	

જૂન

ર.		૩	૧૦	૧૭	૨૪
સો.		૪	૧૧	૧૮	૨૫
મં.		૫	૧૨	૧૯	૨૬
બુ.		૬	૧૩	૨૦	૨૭
ગુ.		૭	૧૪	૨૧	૨૮
શુ.	૧	૮	૧૫	૨૨	૨૯
શ.	૨	૯	૧૬	૨૩	૩૦

જુલાઇ

ર.	૧	૮	૧૫	૨૨	૨૯
સો.	૨	૯	૧૬	૨૩	૩૦
મં.	૩	૧૦	૧૭	૨૪	૩૧
બુ.	૪	૧૧	૧૮	૨૫	
ગુ.	૫	૧૨	૧૯	૨૬	
શુ.	૬	૧૩	૨૦	૨૭	
શ.	૭	૧૪	૨૧	૨૮	

ઑગસ્ટ

ર.		૫	૧૨	૧૯	૨૬
સો.		૬	૧૩	૨૦	૨૭
મં.		૭	૧૪	૨૧	૨૮
બુ.	૧	૮	૧૫	૨૨	૨૯
ગુ.	૨	૯	૧૬	૨૩	૩૦
શુ.	૩	૧૦	૧૭	૨૪	૩૧
શ.	૪	૧૧	૧૮	૨૫	

સપ્ટેમ્બર

ર.	૩૦	૨	૯	૧૬	૨૩
સો.		૩	૧૦	૧૭	૨૪
મં.		૪	૧૧	૧૮	૨૫
બુ.		૫	૧૨	૧૯	૨૬
ગુ.		૬	૧૩	૨૦	૨૭
શુ.		૭	૧૪	૨૧	૨૮
શ.	૧	૮	૧૫	૨૨	૨૯

ઑક્ટોબર

ર.		૭	૧૪	૨૧	૨૮
સો.	૧	૮	૧૫	૨૨	૨૯
મં.	૨	૯	૧૬	૨૩	૩૦
બુ.	૩	૧૦	૧૭	૨૪	૩૧
ગુ.	૪	૧૧	૧૮	૨૫	
શુ.	૫	૧૨	૧૯	૨૬	
શ.	૬	૧૩	૨૦	૨૭	

નવેમ્બર

ર.		૪	૧૧	૧૮	૨૫
સો.		૫	૧૨	૧૯	૨૬
મં.		૬	૧૩	૨૦	૨૭
બુ.		૭	૧૪	૨૧	૨૮
ગુ.	૧	૮	૧૫	૨૨	૨૯
શુ.	૨	૯	૧૬	૨૩	૩૦
શ.	૩	૧૦	૧૭	૨૪	

ડિસેમ્બર

ર.	૩૦	૨	૯	૧૬	૨૩
સો.	૩૧	૩	૧૦	૧૭	૨૪
મં.		૪	૧૧	૧૮	૨૫
બુ.		૫	૧૨	૧૯	૨૬
ગુ.		૬	૧૩	૨૦	૨૭
શુ.		૭	૧૪	૨૧	૨૮
શ.	૧	૮	૧૫	૨૨	૨૯

કૅલેન્ડર • ૧૯૫૬

અહીંથી કાપી લઈને જાડા પૂઠા ઉપર ચોંટી લેવું

કુમારકાર્યાલય લિમિટેડ

૧૪૫૪ રાયપુર

AHMEDABAD





મથાળે: વડોદરાના સાહિત્ય-સંમેલન વખતે લેખક-મિલનની સ્થાપના સમયની છબિ પાછળથી ડાબી બાજુથી: સુન્દરમ્, ઉમાશંકર જોષી, યશવંત પંડયા, ગુલાબદાસ બ્રોકર, બલવંતરાય ઠાકોર, કિશનસિંહ ચાવડા, બચુભાઈ રાવત; જમણી બાજુ: સ્વ. યશવંત પંડયા કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે. નીચે: ઈ. ૧૯૩૩માં અમદાવાદમાં અવેતન રંગભૂમિના પ્રયોગો માટે સ્થાપેલું 'નૂતન રંગમંડળ'–પાછળ ઊભેલા: જયશંકર ઓઝા, જયંતી દલાલ, બુધાભાઈ શાહ, પ્રદ્યુમ્ન ભટ્ટ; ખુરશીમાં: કાન્તિલાલ પટેલ, સૂર્યકાન્ત શાહ, યશવંત પંડયા, ધનંજય ઠાકર, જનાર્દન શર્મા. નીચે: નરોત્તમ ઝવેરી, માધવલાલ ભટ્ટ

છેલ્લાં કેટલાંક વર્ષોથી દિલ્હી તેમનું જીવનક્ષેત્ર બન્યું હતું. 'બૉમ્બે લાઈફ ઍશ્યૉરન્સ કંપની'ની દિલ્હી શાખાના તેઓ સંચાલક અને વિસ્તારક હતા. એમની સૌજન્યપૂર્ણ વ્યવહારશક્તિ અને વિશાળ માનવપ્રેમથી કંપનીનાં હિતોમાં તો એમણે સંવૃદ્ધિ કરી જ બતાવી, પણ સાથે દિલ્હીના ગુજરાતી સમાજ અને વસતિમાં પણ તેમણે અનહદ લાગણી અને સદ્ભાવ પ્રાપ્ત કર્યાં હતાં. દિલ્હીમાં તેમણે ગુજરાતી સમાજના ઉત્કર્ષ માટે કરેલા પ્રયાસોથી ગુજરાતી સમાજનું ભંડોળ વધ્યું અને કાયમનું એક મોટું મકાન ખરીદાયું તે ભાઈ યશવંત પંડયાની કારકિર્દીનું સ્મરણ આપશે.

હું તો એમને દિલ્હીમાં ગુજરાતના 'દિક્પાલ' કહેતો. પૂનામાં પૂ. ત્રિવેદીસાહેબે ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ દાખવ્યું એવા જ ગરવા ગુજરાતી તરીકે ભાઈ યશવંત દિલ્હીમાં દીપતા હતા. ગુજરાતના આ સપૂતે દિલ્હીમાં બૃહદ ગુજરાત જમાવ્યું હતું. દિલ્હી જઈ આવેલ કોઈક જ એવો ગુજરાતી હશે કે જેને કોઈ ને કોઈ રીતે ભાઇ યશવંતનો પરિચય મળ્યો ન હોય.

દિલ્હીવાસી બનીને તેમણે દિલ્હીનાં સરકારી અને સંસ્કારી કેન્દ્રો સાથે એક ભદ્ર જન તરીકે નાતો જમાવ્યો હતો. તેથી અનાથ–સનાથ દરેક નાના-મોટા ગુજરાતી માટે કંઈ ને કંઈ સેવા કે માર્ગદર્શન આપવાની તેમનામાં વિભૂતિ પ્રકટી હતી. દિલ્હી ખાતે કોઇને કંઈ કામ હોય, મુશ્કેલી હોય, ઠેકાણું ન હોય, તે બધાનું વિશ્રામસ્થાન ભાઇ યશવંત પડયા હતા. કોઇ અદનો વિદ્યાર્થી, કલાકાર, કવિ કે લેખક હોય અથવા ઉચ્ચ કોટિની રાજદ્વારી કે સરકારી વ્યક્તિ હોય યા લોકનેતા હોય—એ દરેક ભાઇ યશવંતને સ્વજન કે મિત્ર દાવે મળતા અને તેમની સહાય કે સૂચનાનો લાભ પામતા.







સ્વ. બલવંતરાય ઠાકોર સાથે: ડાબી બાજુ સ્વ. યશવંત પંડ્યા; જમણી બાજુ—શ્રી રવિશંકર ભટ્ટ જેઓ આજથી એક વીશી પૂર્વે વિચાર-પ્રધાન શૈલીનાં સુંદર કાવ્યો લખતા અને હાલ જેઓ મુંબાઈ રાજ્યની ફાઈનેન્શ્યલ કૉર્પોરેશનના મૅનેજિંગ ડિરેક્ટર છે. જમણી તરફ: શ્રી રવિશંકર રાવળે છેલ્લાં વર્ષોમાં કરેલો સ્કેચ.

મને તો તેમણે કુટુંબીજન જેવો ગણ્યો હતો, પણ હું તેમને ત્યાં હોઉં ત્યારે મને કોઈ મળવા આવે તેને પણ મારે ઘેર આવ્યા હોય એવો સત્કાર તે આપતા. તેમના દરેક મિત્ર સાથે તેમનો આવો ઉદાર વર્તાવ હતો. દિલ્હીમાં તો છાશવારે કોઈ કમિટી, સભા-પરિષદ હોય જ અને યશવંતભાઈને ત્યાં કોઇનો ને કોઈનો બિસ્તર પડ્યો જ હોય. એક વાર મારી હાજરી સાથે દશ બિસ્તરા પડ્યા હતા. તેઓ બધા જ અવ્વલ દરજ્જાના આવનારને સ્ટેશને લેવાને ગાડી મોકલે. ચા વખતે સાથે બેસી વાતો કરે અને પછી તેમના કામ વિષે પોતાને જે કંઈ માહિતી હોય તે આપે, ટેલિફોનથી ગોઠવણો કરી આપે અને છેવટે પોતાના પ્રશ્નને અડચણ ન આવે એવી રીતે તેને જમાડી તેને યોગ્ય સ્થાને પહોંચાડી દે. દિલ્હીમાં નવા માણસને ઠેકાણું શોધવું લગભગ અશક્ય લાગે છે એટલે તેને અધ્ધરથી જવા દેવાય જ નહિ. આવા મહેમાનો ક્વચિત નહિ, પણ રોજના સરેરાશ એક-બે હોય જ.

રૅશનિંગના વખતમાં આવું આતિથ્ય નિભાવતાં તેમને અને ઘરનાં માણસોને શી મૂંઝવણો અને મુશ્કેલીઓ વેઠવી પડતી હશે તે ઘણા તો વિચારી શકતા નહિ. એમનાં પત્ની એક કુશળ ગુજરાતી ગૃહિણીની આવડત અને સંયમથી એ બધાંનું ભાણું સાચવી લેતાં. ઘરના નોકરો પણ એવા ટેવાએલા કે પંડ્યા સાહેબના મહેમાન આવે કે ચા-નાસ્તાની ગોઠવણમાં પડી જાય. એ બધાની પાછળ શ્રી હીરાબેનની તનતોડ અને મનતોડ પાર વગરની રહેતી. બાળકોને તૈયાર કરી નિશાળે કે કૉલેજોમાં મૂકી મહેમાનોની આગતાસ્વાગતામાંથી પરવારતાં તેમની તબિયત પણ ઘણી વાર ચિંતાજનક બનતી, છતાં આ દંપતીનાં મોં ઉપર રાચતા પરસ્પરના વિશ્વાસના હાસ્ય અને વિનોદી વાતચીતથી મહેમાનો કંઈ કળી શકતા નહિ. એ દાંપત્યમાં વિધિએ કુઠાર મારી કેવી આપત્તિ સરજી તેનો ખયાલ કરતાં મન કંઈ જ સમાધાન લઇ શકતું નથી. આવેલા મહેમાનોમાં વિદ્વાન, કવિ કે કળાકાર હોય તો તેને મળવાલાયક માણસો મેળવી દેવા, સંસ્થાઓ બતાવવી અને છેવટ 'ગુજરાતી સમાજ'માં એક વ્યાખ્યાન અપાવવું કે રેડિયો પરના



નવી દિલ્હીમાં: ડાબી બાજુથી-(૧) સ્વ. યશવંત પંડ્યા; (૨) ...(૩) શ્રી કનૈયાલાલ મુનશી ઉત્તર પ્રદેશના રાજ્યપાલ(૪)... (૫) શ્રી મણિલાલ ચતુરભાઇ શાહ—કેન્દ્ર સરકારના નાયબ નાણાંપ્રધાન; (૬) શ્રી ગગન વિહારી મહેતા—અમેરિકામાં ભારતના એલચી;(૭) શ્રી જયસુખલાલ હાથી—કેન્દ્રસરકારમાં નાયબ પ્રધાન; (૮) શ્રીમતી લીલાવતી મુનશી












સ્વ. યશવંત પંડ્યાએ ભાવનગરની સામળદાસ કૉલેજના ગુજરાતીના અભ્યાસખંડ માટે શ્રી રવિશંકર રાવળ પાસે ચીતરાવીને ભેટ આપેલી, ગુજરાતના અગ્રણી સાહિત્યકારોની, તૈલરંગી તસ્વીરો : મથાળેથી ડાબી બાજુથી—નર્મદ, 'કલાપી', 'કાન્ત', ગોવર્ધનરામ, નરસિંહરાવ, ગાંધીજી, આનંદશંકર ધ્રુવ, નાનાલાલ કવિ, ક. મા. મુનશી, બળવંતરાય ઠાકોર

મિત્રો મારફત પરદેશો માટે એક વાર્તાલાપ કરાવવો આ તો તેમની રોજની સહજ ઉપકારક પ્રવૃત્તિ હતી.

ભાઈ યશવંત માણસભૂખ્યા હતા દિલ્હીના તેમના મિત્રો અને તેમના કુટુંબને મળવાને કોઈ પણ તક ચૂકતું નહિ. તે સાથે ઊંચે દરજ્જે ગએલા નેતાઓ અને અમલદારો પણ શ્રી પંડ્યાને જુએ ત્યારે ઉમળકાથી મળતા મેં જોયા હતા. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રી મુનશીજી, કેન્દ્ર સરકારના મંત્રી પટેલ, કે શેઠ શ્રી વાડીલાલ લાલભાઈ અથવા દિલ્હીના સિનેમા-સંચાલક છોટુભાઇ—સૌ કોઇને પંડ્યા એક અંગત મિત્ર અને સ્વજન જેવા થઈ પડ્યા હતા. તળ દિલ્હીવાસીઓ પણ એમને મિલનસાર પ્રકૃતિના અને સર્વે પ્રવૃત્તિઓમાં રસ લેતા એક ઉત્તમ નાગરિક અને વ્યવહારકુશળ મિત્ર ગણતા. વિલિંગ્ડન ક્લબમાં તેમની લોકપ્રિયતા ખૂબ જ હતી. દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટીએ તેમને આગ્રહથી કાર્યસમિતિમાં પકડી રાખ્યા હતા, ને પોતાની નાણાં-સમિતિના અધ્યક્ષ નીમ્યા હતા. ત્યાં તેઓ ઘણી વાર ગુજરાતી કલાકારોના હિતમાં લાભ અને સગવડો અપાવી શકતા. તેમને માટે દિલ્હીમાં કંઈ અશક્ય રહ્યું નહોતું, છતાં તેમણે કોઈ નેતા પાસે કે કોઇ મુત્સદ્દી મિત્ર પાસે અંગત માગણી સ્પૃહા બતાવી નહોતી. સર પ્રભાશંકર પટણી અને તેમના નાતાના માણસો માટે એમણે કેટલાં યે કામો કરી આપ્યાં હશે, સગવડો આપી હશે; પણ એમણે પોતાના વતન ભાવનગરમાં તેનો કદી બદલો પણ ઇચ્છ્યો નહોતો.

એમના પિતા શ્રી સવાઈલાલભાઇ અમદાવાદમાં સરકારી એન્જિનિયર હતા ત્યારે તેમણે પોતાના સૌજન્ય અને આતિથ્યની જે સુવાસ મેળવી હતી તેનો પ્રસાદ ભાઈ યશવંતમાં અનેકગણો વિકાસ પામ્યો હતો. તેમના જીવનમાં કમાવાની કે નોકરીની ઉપાધિ ન હોત તો એક પ્રખર સાહિત્યસેવી કે સંસ્કારપ્રેમી તરીકે પણ દીપી જાત. વિદ્યાર્થી જીવન દરમ્યાન તેમણે 'વીણા' 'શરદ' જેવાં વાર્ષિક પ્રકાશનમાં જે રસવૃત્તિ અને સંપાદનશક્તિ બતાવી હતી તે તેનાં સાક્ષી છે. સ્વ. બળવંતરાય ઠાકોરના તે નિકટના વત્સ જેવા હતા, અને ઉમાશંકર, કિશનસિંહ વગેરે મિત્રો તેમની સાહિત્યભક્તિને વશ થયા હતા. તેમણે લખેલાં ટૂંકાં સાક્ષર-ચરિત્રો અને નાટિકાઓ એક અનોખી લેખનકલાના નમૂના છે. ભાવનગર સામળદાસ કૉલેજને માટે પ્રમુખ



દિલ્હીની આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાએટીના નવા મકાનનું ખાતમુહૂર્ત રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદને હસ્તે થયું તે પ્રસંગે, મજકૂર સોસાએટીની નાણાં-સમિતિના પ્રમુખ તરીકે રાષ્ટ્રપતિને વંદન કરતા.

સાક્ષરોની છબીઓ તેમણે ક્રમશઃ મારી પાસે જ કરાવવા આગ્રહ રાખ્યો હતો. તેમની આ ભેટ વતન માટે સ્થાયી યાદગીરી થઈ છે.

પણ આ બધા બાહ્ય વ્યાપારો કરતાં તેમના મનમાં ભાવિ ગુજરાતનાં જે સ્વપ્નાં હતાં તે જો વાસ્તવિક થાત તો તેમાં કોઈ એકાદ નિસર્ગરમણીય સ્થાને કળાકારો, કવિઓ અને સંગીત-પ્રેમીઓનું કલ્પનાનગર રચાત. એક વાર તે માટે તેમણે એક યોજના પણ મિત્રોને મોકલી હતી, આજે તો મિત્રોને એમનાં સંભારણાં રહ્યાં અને કુટુંબીજનો તથા પરિવારને દોહ્યલો વિયોગ રહ્યો. **રવિશંકર રાવળ**

નીચે : દિલ્હીમાં રાજઘાટ પર મહાત્મા ગાંધીજીની સમાધિ ઉપર અંજલિ અર્પતા મુંબાઈ રાજ્યના શિક્ષણપ્રધાન શ્રી દિનકરરાવ દેસાઈ તથા ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રી કનૈયાલાલ મુનશી સાથે.



સુભાષિત

(ઉપજાતિ)

कदर्थितस्यापि हि धैर्यवृत्तेः
न शक्यते धैर्यगुणः प्रमाष्टुम् ।
अधोमुखस्यापि कृतस्य वह्नेः
नाधः शिखा याति कदाचिदेव ॥

(અનુવાદ)

તાવો, સતાવો, પણ ના કદાપિ
ચારિત્ર્યસંપન્ન સ્વધર્મ ચૂકશે;
ઊંધો કરો અગ્નિ, છતાં ન તેની
નીચે વળે જ્વાળ, જશે જ ઊંચે.

[શ્રી મુકુંદ પારાશર્યે કરી મોકલેલો ઉપર્યુક્ત સુભાષિતનો મુક્ત અનુવાદ એટલો વિશદ છે કે, આપણા સાહિત્યના આ એક શ્રેષ્ઠ મુક્તક વિષે વધુ વિવરણની જરૂર રહેતી નથી. દૃઢ ચારિત્ર્યવાળા માણસની સિદ્ધાંતનિષ્ઠા અને સત્યાચરણની ચુસ્તતા દર્શાવવા અગ્નિજ્વાળનું જે અતીવ સુંદર રૂપક એમાં યોજાયું છે તેની ચોટ આ સુભાષિતનો બોધ આપણા જીવનમાં દૃઢમૂલ તેમજ ચિરસ્થાયી બનાવી દે એવી છે.]

કુમારના ચિરપરિચિત અને પ્રિય લેખક
'સુકાની'
લિખિત ચાલુ વાર્તા આવતા વર્ષથી
'કુમાર'માં શરૂ થશે.

ક્રૂરતા અને કરુણા

આપણાં કર્મ ભલે ગમે એવાં બૂરાં હોય; પરંતુ કરુણા, દયા, પ્રેમ અને ભક્તિની આપણાં હૃદયો પર કોઈ જાતની અસર જ ન થાય તે અસંભવિત છે. નાદિરશાહની દિલ્હીમાંની કારમી કત્લેઆમ તો જાણીતી છે. પરંતુ તે વખતે કઈ વસ્તુથી પ્રભાવિત થઇને તેણે કત્લેઆમ બંધ કરી હતી તે બહુ ઓછા જાણતા હશે. દિલ્હીના બાદશાહના વજીરે જ્યારે જોયું કે નાદિરશાહનો ક્રોધ કોઈ પણ રીતે શાંત થતો નથી અને દિલ્હીવાસીઓના લોહીની તો નદી વહેવા માંડી છે; એટલે સુધી કે નાદિરશાહની ઊલટભરી મહેરબાનીને પાત્ર બનેલા તેના સંપૂર્ણ વફાદાર અફસરો પણ તેની સામે જવાનું સાહસ નહોતા કરતા, ત્યારે તે મોતને હથેળીમાં લઈ નાદિરશાહની પાસે ગયો અને એક શેર બોલ્યો :

'કસે ન માંદ કિ દીગર બ તેગે નાજ ખુશી,
મગર કિ જિંદા કુની ખલ્ક રા વબાજ કુશી.'

તેનો અર્થ થતો હતો—'તારા પ્રેમની તલવારે હવે કોઇને જીવતો નથી છોડયો. હવે તારે માટે આ સિવાય બીજો કોઈ ઉપાય નથી રહ્યો કે તું મુડદાંઓને ફરી સજીવન કરી દે અને ફરીથી તેમને મારવા શરૂ કરી દે.' આ એક પ્રસિદ્ધ ફારસી કવિનો શૃંગાર-વિષયક શેર છે, પણ તેમાંથી ઊપજતો અર્થ સમજતાં નાદિરશાહમાં રહેલો મનુષ્ય જાગી ઊઠયો. વજીરે સંભળાવેલો શેર તેના હૃદયના કોમળ ભાગને સ્પર્શી જતાં નાદિરશાહે એને એ જ વખતે શહેરમાં ચાલી રહેલી અમાનુષી કત્લેઆમ બંધ કરાવવા હુકમ આપ્યો.

શેરલૉક હોમ્સ

ખુદ એના સર્જક કરતાં પણ વિશેષ ખ્યાતિ પામેલો જગતનો મહાન ડિટેક્ટિવ: જેની કીર્તિથી એના લેખકને એટલી નફરત થઈ કે તેણે અંતે એને મારી નાખ્યો.

લેખક: ચન્દ્રકાન્ત બક્ષી



Sherlock Holmes

ઈ. ૧૮૭૯માં એડિનબર્ગ યુનિવર્સિટીના એક અભ્યાસખંડમાં ડૉ. જોઝફ બેલ મેડિકલના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રયોગો કરી રહ્યા હતા. એ પ્રયોગો હતા નિરીક્ષણવિદ્યાના,—પહેલી નજરે કોઈપણ વસ્તુના ગર્ભમાં જવાનો પ્રયાસ કરીને તેનાં ઇતિહાસ, પ્રકૃતિ, સ્વભાવ ઇત્યાદિને પ્રકાશમાં લાવવાં. એક લાંબા, વિચિત્ર લાગતા વિદ્યાર્થી તરફ ફરીને એમણે કહ્યું, 'મિ. કૉનન-ડોઈલ, હવે તમે બીજો કેસ દાખલ કરો.'

એક સુકાએલા માણસને લાવવામાં આવ્યો. ડૉ. બેલે કેસ તપાસીને વિદ્યાર્થીઓ તરફ ફરતાં કહ્યું, 'વારુ, ગૃહસ્થો! આ માણસ ધંધે મોચી હોવો જોઇએ અને એ બધું કામ ડાબા હાથથી કરે છે.' વિદ્યાર્થીઓના સ્તબ્ધ ચહેરા તરફ સ્મિત ફેંકતાં ડૉ. બેલે ચાલુ રાખ્યું, 'બિલકુલ સરળ છે. એના પાટલૂનના જમણા ભાગ પર વધુ ઘસારો છે–ખાસ કરીને જ્યાં ચામડું કૂટનારા ખોળાનો પથ્થર (lapstone) રાખે છે ત્યાં. આનો જવાબ શું હોઈ શકે? એ જ કે ડાબા હાથથી ચામડું કુટાતું હશે.'


ડૉ. બેલના આ આશ્ચર્યજનક પ્રયોગોએ પેલા વિદ્યાર્થી પર ઘેરી અસર કરી. ડૉ. બેલનું વ્યક્તિત્વ એના મગજમાં કાયમ રહ્યું અને વર્ષો બાદ એનું યશસ્વી રૂપાંતર થયું—સાહિત્યના સૌથી પ્રસિદ્ધ અને શ્રેષ્ઠ ડિટેક્ટિવ શેરલૉક હોમ્સમાં.

શેરલૉક હોમ્સ અંગ્રેજ સાહિત્યકાર સર આર્થર કૉનન ડૉઈલની ડિટેક્ટિવ નવલિકાઓનું પ્રધાન પાત્ર છે. જગત્સાહિત્યમાં બહુ ઓછાં પાત્રો આટલાં મશહૂર થયાં છે. દુનિયાભરની ગુપ્તચર અને પોલીસ સંસ્થાઓમાં હોમ્સની ગુના પકડવાની રીતોનો વૈજ્ઞાનિક અભ્યાસ થાય છે. તાજેતરમાં થએલા એક અમેરિકન કેસમાં હોમ્સનો અભ્યાસી ડિટેક્ટિવ હોમ્સની એક વાર્તાનો મુદ્દો અજમાવીને ઉકેલ લાવ્યો હતો: ઘરમાં ઘૂસી આવેલા ખૂનીને જોવા છતાં કૂતરો ભસ્યો ન હતો. ફલતઃ સાબિત થયું હતું કે ખૂની કૂતરાનો પરિચિત હતો અને ઘરમાં જ રહેનાર એક માણસ હતો. ફોજદારી કાનૂનોના વિદ્યાર્થી માટે હોમ્સની રીતોનો અભ્યાસ અનિવાર્ય બને છે. આજે વર્ષો વહી જવા છતાં હજી હોમ્સનું આકર્ષણ પૂર્વવત્ છે અને કૉનન ડૉઈલનો વાચકવર્ગ વિકસતો રહ્યો છે. એડગર રાઈસ બરોઝના ટારઝનની જેમ શેરલૉક હોમ્સ પણ પોતાના સર્જક કરતાં વિશેષ ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂક્યો છે. દેશવિદેશમાં 'હોમ્સ ક્લબો' છે; થોડાં વર્ષો પર લંડનમાં હોમ્સ પ્રદર્શન ભરાએલું. લંડનની પોસ્ટ ઑફિસોમાં હજી આજ સુધી એ કલ્પિત હોમ્સના કલ્પિત નિવાસસ્થાન ૨૨૧, બેકર સ્ટ્રીટના સરનામાવાળા પત્રો દુનિયાભરથી આવે છે!

શેરલૉક હોમ્સની ગુના પકડવાની ખાસ રીત છે, જે method of deductive reasoningને નામે ઓળખાય છે. પ્રથમ પ્રત્યેક શક્ય દૃષ્ટિકોણથી વસ્તુને બરાબર જોવી અને સંકળાએલાં પ્રશ્નો તથા અસરોને સમજવા કોશિશ કરવી. અનુમાન અને અપક્વ ઉત્સાહને આ પદ્ધતિમાં સ્થાન નથી. જે વસ્તુનો અભ્યાસ થઈ રહ્યો છે એ પણ સામાન્ય એકમ માત્ર છે. આરંભમાં માહિતી, બાતમી અને અસરો એકત્ર કરવાની હોય છે; પછી જ ઉકેલ તરફ આગળ વધવાનું. બીજું પગથિયું છે બાદબાકીનું. સમસ્યાના ઉકેલ માટે અશક્યમાં અશક્ય જણાતો માર્ગ પણ અજમાવાય છે ને બંધ ન બેસતી બધી જ વિચારધારાઓ ફેંકી દેવાય છે. આ પ્રક્રિયાને અંતે આપોઆપ જે નિષ્કર્ષ મળી જાય એ ખરો રસ્તો.

હોમ્સના મત અનુસાર પ્રત્યેક ડિટેક્ટિવની સફળતા માટે ત્રણ ગુણો આવશ્યક છે: નિરીક્ષણ (observation), ચપળ તારવણી (deduction) અને જ્ઞાન (knowledge). 'ધ સાઈન ઑવ ફોર' નામની વાર્તામાં હોમ્સ પોતાના શાગિર્દ ડૉ. વૉટસનને એ પદ્ધતિ બહુ સિફતથી સમજાવે છે: 'મારું નિરીક્ષણ મને કહે છે કે આજે સવારે તમે વિગ્મોર સ્ટ્રીટની પોસ્ટ ઑફિસમાં ગયા હતા, પણ સામાન્ય સમજણથી હું તારવી શકું છું કે તમે ત્યાં જઇને તાર કર્યો છે.'

શેરલૉક હોમ્સની પદ્ધતિ જેટલી સરળ છે એટલી જ વિસ્મયજનક છે. 'એ સ્કૅન્ડલ ઇન બોહીમિયા' વાર્તામાં હોમ્સ વિશેષ સ્પષ્ટ બને છે: 'બની ગએલી 'ઘટના'ને બરાબર ગોઠવ્યા વિના પહેલેથી જ 'સિદ્ધાંતો' લાગુ પાડવા એ જબરદસ્ત ભૂલ છે. ઘણી વાર લોકો સિદ્ધાંતોને સ્થિર રાખીને ઘટનાઓને એ સિદ્ધાંતો સાથે લાગુ પાડવાની કોશિશ કરે છે. વસ્તુતઃ જે બીના બની ગઈ છે એ સ્થિર છે, અફર છે. દા. ત. ખૂન, લૂંટ. માત્ર એ પરિણામનાં કારણો શોધવા માટે આપણે આપણા સિદ્ધાંતો અજમાવવા પડશે અને જરૂર પડયે સિદ્ધાંતો ફેરવવા પણ પડશે. દૃષ્ટાંત: એક ખંડમાં એક વ્યક્તિનું ઝેરથી મોત થયું છે એ એક ઘટના છે. આપઘાત, હત્યા કે અકસ્માતના સિદ્ધાંતોનો અત્યારે વિચાર કરવાનો નથી. આ તબક્કે પ્રાથમિક મહત્ત્વની બાબત છે 'ઘટના' અર્થાત્ ઝેરથી થએલું મોત. ઘટનાને સ્થિરબિંદુ રાખીને સિદ્ધાંતો તરફ જવાનું છે અને પ્રાસંગિક અસરોનું નિરીક્ષણ કરીને નકામા સિદ્ધાંતોને ફેંકી દેવાના છે. અંતે બની ગએલી ઘટના અને એ સંજોગોને બંધબેસતો



શેરલૉક હોમ્સનો સર્જક આર્થર કૉનન ડૉઈલ

જે જવાબ મળી આવે એ સાચો માર્ગ. 'એ સ્ટડી ઇન સ્કાર્લેટ'માં હોમ્સ આ પદ્ધતિ દ્વારા લગભગ અશક્ય લાગતું નિરાકરણ શોધી કાઢે છે કે ખૂનીએ મરનારને બળાત્ ઝેર પાયું હતું !

ભારતમાં આ અમર ડિટેક્ટિવની પદ્ધતિના અનુયાયીઓમાં મુખ્ય સ્થાન આવે છે ભારતના સંરક્ષણ ખાતાના પ્રધાન ડૉ. કૈલાસનાથ કાત્જુનું. ડૉ. કાત્જુ અલ્લાહાબાદ હાઈકોર્ટની સફળ કારકિર્દી દરમ્યાન હોમ્સની પદ્ધતિથી ઘણા કેસો જીત્યા છે ને એમની 'લૉ ડાયરી'માં એમણે હોમ્સને ભાવુક અંજલિ આપી છે. થોડા સમય પર એમનો 'શેરલૉક હોમ્સ ઇન ઇંડિયા' નામનો લેખ ભારતનાં પત્રોમાં ચમકી ગયો હતો.

ઈ. ૧૮૮૨માં નવા ડૉક્ટર થયેલા આર્થર કૉનન ડૉઈલે નં. ૧ બુશ વીલાસ, સાઉથ સી માં રહેવાસ શરૂ કર્યો. પ્રૅક્ટિસ ચાલતી ન હતી પણ ચોકસાઈ અને પારદર્શક અભ્યાસ શરૂથી હતાં. પોતાની માતા મિસિસ મેરી ડૉઈલને (જેને સૌ ''મા'મ'' કહેતા) એક પત્રમાં આર્થરે લખ્યું, 'હજી દર્દીઓ આવતા નથી; પણ બુધવારે સાંજે ૨૫ મિનિટમાં ૩૮ માણસો મારા નામની તકતી સામે થોભ્યા હતા અને કાલે પંદર મિનિટમાં મેં ચોવીસ માણસો ગણ્યા. આ રીતે ખોટું નથી !'

આરંભના દિવસો તંગીના હતા. ખાસ કમાણી ન હતી, એટલે કૉનન ડૉયલે ત્રણ વર્ષ પર લખેલી એક વાર્તા 'મિસ્ટરી ઑવ ધ સેસેસ્સા વૅલી' 'ચેમ્બર્સ જર્નલ'માં મોકલી. એ વાર્તા સ્વીકારાઈ અને પુરસ્કાર રૂપે ત્રણ ગિની આપવામાં આવી. દર્દીઓની રાહ જોતાં જોતાં બીજી વાર્તા 'હેબેકક જેપસન્સ સ્ટેટમેન્ટ' જન્મી અને પ્રખ્યાત 'કૉર્નહિલ મૅગેઝીન' તરફથી જ્યારે ૨૯ ગિનીઓ મળી ત્યારે વાર્તાકાર તરીકેનો કસબ જામવા માંડ્યો હતો.

દરમ્યાન કૉનન ડૉઈલના જીવનમાં એક પ્રસંગ બની ગયો. ડૉ. પાઈક નામના મિત્ર-ડૉક્ટરે કૉનન-ડૉઈલને જૅક હૉકિન્સ નામનો એક બીમાર છોકરો મોકલ્યો, જેનો કોઈ જ ઉપચાર થઈ શકે તેમ ન હતો. વધુમાં દર્દીની ૨૭ વર્ષની બહેન લૂઈ અને વિધવા માતાને રહેવા માટે પણ સ્થાન ન હતું. કૉનન-ડૉઈલે આ કુટુમ્બને પોતાને ત્યાં રાખ્યું. પ્રૅક્ટિસ ચાલવા લાગી હતી. જૅક થોડા દિવસમાં મરી ગયો, પણ કૉનન-ડૉઈલ અને લૂઈ હૉકિન્સનો પરિચય મા'મની સંમતિથી લગ્નમાં પરિણમ્યો.

ડૉ. બેલની સ્મૃતિ અને પોતાની વૈજ્ઞાનિક પાર્શ્વભૂમિએ કૉનન-ડૉઈલના લેખકના આત્માને સતેજ કર્યો. નાની વાર્તાઓને સ્થાને ડિટેક્ટિવ નવલિકાના વિચારે સ્થાન જમાવ્યું. પણ હજી મુખ્ય પાત્રનો જન્મ થયો ન હતો. સાઉથ સી વાળા મકાનના અભ્યાસખંડમાં કૉનન-ડૉઈલે એક કાગળ પર નામ લખવા માંડ્યાં. છેવટે એક નામ નજરમાં આવ્યું: શેરિંગફૉર્ડ હોમ્સ! નામ સરસ હતું. પણ જરા લાંબું હતું. કૉનન-ડૉઈલે વિચારવા માંડ્યું, 'શેરિંગ ફૉર્ડ.....શેરીન....શેર્લે.... શેર્લૉક...' બસ, શેર્લૉક હોમ્સ ગમી ગયું. આઈરિશ નામ હતું અને મજાનું હતું. મુખ્ય પાત્રના સહયોગી તરીકે કોનું નામ રાખવું? કૉનન-ડૉઈલનું ધ્યાન ગયું પોતાના ડૉક્ટર મિત્ર જેમ્સ વૉટસન પર. આ નામ પણ યોગ્ય હતું. જરા ફેરફાર થતાં હોમ્સના સાથી 'ડૉ. જૉન એચ. વૉટસન'નો જન્મ થયો. થોડી જ વારમાં ત્રીજું પાત્ર પણ પ્રકાશમાં આવી ગયું: ઉઠાઉગીર પ્રોફેસર મોરીઆર્ટી.

એપ્રિલ ૧૮૮૬માં પહેલી શેરલૉક હોમ્સ નવલિકા-'એ સ્ટડી ઇન સ્કાર્લેટ'-લખાઈ. 'કૉર્નહિલ' માસિકે એ વાર્તા પરત કરી. કૉનન-ડૉઈલે બીજા પત્ર પર રવાના કરી, જ્યાંથી વંચાયા વિના જ એ પાછી આવી! છેવટે કૉનન-ડૉઈલે દુ:ખી દિલે એ નવલિકાના બધા જ અધિકાર માત્ર ૨૫ પાઉંડમાં વેચી નાખ્યા ! એને ખબર ન હતી કે હોમ્સની વાર્તાના એક એક શબ્દ માટે પ્રકાશકો દસદસ શિલિંગ આપવા હરીફાઈ કરશે !



→ જમણી બાજુ: શેરલૉક હોમ્સનું નિવાસસ્થાન નં. ૨૨૧ બી. બેકર સ્ટ્રીટ. એ પણ એના માલિકની માફક એટલું જગત્ખ્યાત થયું છે કે એ કલ્પિત હોવા છતાં હજી આજે પણ એ સરનામે લંડનની પોસ્ટ ઑફિસોમાં હોમ્સ-રસિયાઓના પત્રો આવે છે. થોડાં વરસ પર ઇંગ્લૅંડમાં ભરાએલા 'હોમ્સ-પ્રદર્શન' વખતે આ ઓરડો ઊભો કરવામાં આવેલો, જેમાં હોમ્સના વર્ણન મુજબનો સામાન ગોઠવેલો.

ડિટેક્ટિવ વાર્તાના નિરાશાભર્યા અનુભવ પછી કૉનન-ડૉઈલે ઐતિહાસિક વાર્તાઓ તરફ નજર દોડાવી. સર વૉલ્ટર સ્કૉટની કૃતિઓનો અભ્યાસ શરૂ થયો. કૉનન-ડૉઈલની ઇચ્છા ઐતિહાસિક વાર્તાકાર તરીકે પ્રસિદ્ધ થવાની હતી અને ફેબ્રુઆરી ૧૮૮૯માં પ્રથમ ઐતિહાસિક નવલકથા 'માઈકા ક્લાર્ક' બહાર આવી, જે મા'મને અર્પણ કરવામાં આવી હતી. આલોચકોએ આ કૃતિની સારી પ્રશંસા કરી અને કૉનન-ડૉઈલે બીજી ઐતિહાસિક વાર્તા 'ધ વ્હાઈટ કંપની' લખી. કૉર્નહિલ માસિકમાં એ હપતાવાર છપાઈ અને તંત્રી જેમ્સ પેઈનના મતાનુસાર સ્કૉટના 'આઇવૅનહો' પછીની એ શ્રેષ્ઠ ઐતિહાસિક નવલકથા હતી! ડિટેક્ટિવ વાર્તાઓમાં અફળ ગએલાને ઐતિહાસિક વાર્તાઓમાં સફળતા મળી!


પણ આ દરમ્યાન એક અમેરિકન પ્રકાશક લિપિનકૉટે 'એ સ્ટડી ઇન સ્કાર્લેટ' વાંચી અને હોમ્સની વધુ વાર્તાઓની માગણી કરી. કૉનન-ડૉઈલે જવાબમાં પૂછ્યું, 'તમે 'ધ વ્હાઈટ કંપની' વાંચી છે?' લિપિનકૉટે વાંચી હતી, પણ ડિટેક્ટિવ વાર્તાઓ માટેનો આગ્રહ ચાલુ રહ્યો. વધુમાં આગળ મેડિકલ અભ્યાસ માટે વીએના જવા સારુ કૉનન-ડૉઈલને પૈસાની જરૂર હતી, અને એણે હોમ્સની વાર્તાઓ લખવાનું કબૂલ્યું. હોમ્સની વાર્તાઓ ફરી શરૂ થઈ, અને બીજે વર્ષે ઈંગ્લંડના 'સ્ટ્રૅન્ડ' માસિકમાં જ્યારે છેલ્લી વાર્તા 'ધ મૅન વિથ ધ ટ્વિસ્ટેડ લિપ' છપાઈ ત્યારે આર્થર કૉનન-ડૉઈલની ખ્યાતિ બે-લગામ થઈ ચૂકી હતી. ડિટેક્ટિવ હોમ્સના બીજા હપતાની આખું લંડન કાળને ડોળે રાહ જોતું હતું...

વીએનાથી પાછા આવ્યા બાદ કૉનન-ડૉઈલે લંડનમાં જગ્યા લીધી, પોતાનું દવાખાનું બંધ કરી દીધું અને લેખન પ્રવૃત્તિને મુખ્ય વ્યવસાય બનાવી દીધો. સ્ટ્રૅન્ડ માસિકે છ વાર્તાઓ માટે દરેક વાર્તાના ૩૫ પાઉંડ આપ્યા. છેવટે બધી જ વાર્તાઓ છપાઇ રહી ત્યારે સ્ટ્રૅન્ડ માસિકે વધુ વાર્તાઓ માગી. કૉનન-ડૉઈલે ના પાડી દીધી. શેરલૉક હોમ્સ આર્થર કૉનન-ડૉઈલને ગમતો ન હતો, એ એક ગમગીન સત્ય છે! પોતાનું પાત્ર સર્જક કરતાં વધુ મશહૂર થઇ જાય એ એક કડવો ઘૂંટડો હતો. પરંતુ હજારો વાચકો શેરલૉક હોમ્સને એક જીવંત વ્યક્તિ ધારતા હતા અને તંત્રી પર વાચકોના પત્રોનો અવિરત મારો ચાલુ હતો.

સ્ટ્રૅન્ડ માસિક ગભરાટમાં પડ્યું. કૉનન-ડૉઈલ પર હોમ્સની વાર્તાઓ માટે દબાણ કરવામાં આવ્યું. કૉનન-ડૉઈલે પોતાની શરત મૂકી કે 'ગમે તેટલી ટૂંકી વાર્તાઓ લખું–તમારે દરેકના ૫૦ પાઉંડ આપવા પડશે.' સ્ટ્રૅન્ડ કબૂલ્યું અને છ નવી વાર્તાઓ લખાઇ. કૉનન-ડૉઈલે ફરી ઐતિહાસિક નવલકથાઓ તરફ નજર ફેરવી.

શેરલૉક હોમ્સથી તંગ આવી ગએલા કૉનન-ડૉઈલે મા'મને એક પત્રમાં લખ્યું, 'મારી છેલ્લી વાર્તામાં હું હોમ્સને મારી નાંખીશ અને ડિટેક્ટિવ વાર્તાઓ બંધ કરી દઇશ. એ માણસ મને સારી વસ્તુઓથી દૂર રાખે છે.' મા'મે એમ ન કરવાનો સખત અનુરોધ કર્યો. આ અરસામાં સ્ટ્રૅન્ડ માસિકે બાર હોમ્સ વાર્તાઓ માગી અને વાર્તા દીઠ ૧૮૦ પાઉંડની લોભાવનારી ઑફર આપી. કૉનન-ડૉઇલે ઑફર સ્વીકારી પણ શેરલૉક હોમ્સનું મોત નક્કી થઇ ગયું હતું! ૧૮૯૩માં કૉનન-ડૉઇલે સપત્નીક સ્વિટ્ઝર્લૅન્ડનો પ્રવાસ કર્યો, જ્યાં જાણીતા રીશેનબેક ધોધની મુલાકાત લીધી. આ જ સ્થાન હતું જ્યાં ડિટેક્ટિવ હોમ્સનો અંત આવવાનો હતો. કૉનન ડૉઇલે પત્રમાં લખ્યું, 'અહીં બધું જ સરસ છે. છેલ્લી હોમ્સ વાર્તા સમાપ્ત કરવા આવ્યો છું. અહીં આ મહાશય અદૃશ્ય થઈ જશે –હમેશને માટે. મને એ નામ તરફ નફરત થઇ ગઈ છે.'

અંતિમ હોમ્સ વાર્તાનો એવો જ અંત આવ્યો. પ્રો. મોરાએર્ટી શેરલૉક હોમ્સને રીશેનબેક ધૉધમાં ફેંકી દે છે અને વાર્તાનો અંત આવે છે. શેરલૉક હોમ્સનું મૃત્યુ થઇ ગયું—પણ માત્ર લેખકની દૃષ્ટિએ.


Dearest Mam.
I have done five of the Sherlock Holmes Stories of the new Series They are 1. The Adventure of the Blue Carbuncle 2 The adventure of the Speckled Band 3 The Adventure of the Noble Bachelor 4 The Adventure of the Engineer's Thumb 5 The Adventure of the Beryl Coronet I think that they are up to the standard of the first series, & the twelve ought to make a rather good book of the sort I think of slaying Holmes in the sixth & winding him up for good & all He takes my mind

સર આર્થર કૉનન ડૉઇલના હસ્તાક્ષર: માતાને લખેલો પત્ર

સર આર્થર કૉનન-ડૉઈલનું ૧૯૩૦માં અવસાન થયું ત્યારે અંગ્રેજી સાહિત્યમાં તેણે એક અમર સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું. તેના પુત્રે 'રીવાઈવલ ઑાવ શેરલૉક હોમ્સ' હમણાં થોડા સમય પર પ્રસિદ્ધ કર્યું હતું, જેને સારો આવકાર મળ્યો હતો.

હોમ્સની એક પ્રસિદ્ધ વાર્તા ભારતીય પૂર્વભૂમિકા પર રચાએલી છે: 'ધ સાઇન ઑાવ ફોર.' જૉનાથન સ્મૉલ નામનો ભાગેડુ અંગ્રેજ સિપાહી અને ત્રણ શીખો ૧૮૫૭ના વિપ્લવ સમયે આગ્રાના કિલ્લામાંથી પુરાણો મુઘલ ખજાનો ઉઠાવવાની કોશિશ કરે છે એ વિષે આખી વાર્તા રચાએલી છે. શીખ પાત્રોનાં નામ છે મહમ્મદસિંહ, અબ્દુલ્લાખાન અને દોસ્ત અકબર! શીખ પાત્રો અને ભારતની તત્કાલીન પરિસ્થિતિનાં હાસ્યાસ્પદ વર્ણનો એ સમયના અંગ્રેજ લેખકોનું ભારત વિષેનું અજ્ઞાન બતાવી જાય છે.

પ્રેતવાદ અને મૃત્યુ પછીની જિંદગીમાં કૉનન-ડૉઇલને વિશેષ રસ હતો, અને એ દિલચસ્પી તેના પુત્ર ડેનિસ કૉનન-ડૉઇલને વારસામાં મળી હતી. ડેનિસે પાડેલા પ્રેતોના ફોટાઓનો સંગ્રહ ખ્યાતિ પામી ચૂક્યો છે. શિકાર શોખીન એ ડેનીસનું ગત માર્ચ માસમાં એના મિત્ર મ્હૈસૂરના મહારાજાને ત્યાં ૪૩ વર્ષની વયે અવસાન થયું ત્યારે ખ્રિસ્તી અવસાનગીતો વચ્ચે એક હિંદુના હાથે એમને અગ્નિસંસ્કાર થયો હતો.

'ધ સાઇન ઑાવ ધ ફોર'માં શેરલૉક હોમ્સે પોતાના સાથી ડૉ. વૉટસનને કહેલા શબ્દો હોમ્સ-વિચારધારાનો સારભૂત નિષ્કર્ષ છે: 'પ્રવૃત્તિહીન પરિસ્થિતિમાં મારો દિમાગ બળવો કરે છે. મને સમસ્યાઓ આપો, કામ આપો, મુશ્કેલમાં મુશ્કેલ સવાલ મૂકો–અને હું મને યોગ્ય રૂચિકર વાતાવરણમાં આવી જાઉં છું. મને યાદ નથી કે કામથી હું કોઈ દિવસ તંગ આવ્યો હોઉં; જોકે, આળસ મને બિલકુલ થકવી નાખે છે. જીવનની શાંત, ગતિહીન ઘરેડ તરફ મને નફરત છે. હું માનસિક આનંદ માટે તલસું છું.'





હઝરત મહમ્મદ પયગંબર સાહેબની સહી મનાતી આ આકૃતિ તમે કલમ ઉપાડ્યા વિના સળંગ દોરી શકો? જવાબ નીચે છે.



પાષાણયુગમાં માણસ કદી ઘરડો થતો જ નહિ. તે સમયના માનવીઓની ખોપરીઓનો અભ્યાસ કરી માનવવંશશાસ્ત્રીઓએ સાબિત કર્યું છે કે ત્યારે ૪૦ વર્ષથી વધુ કોઈક જ જીવી શકતું.

૨૫૧	૧૦૯૧	૧૫૭	૩૭૯	૭૧
૪૦૯	૩૧	૨૮૧	૧૦૩૧	૧૯૭
૧૦૬૧	૧૩૭	૪૪૯	૬૧	૨૪૧
૧૦૧	૨૭૧	૧૦૨૧	૧૬૭	૩૮૯
૧૨૭	૪૧૯	૪૧	૩૧૧	૧૦૬૧

ઊભું આડું ગમે તેમ ગણતાં ૧૯૪૯ની જ સંખ્યા આવતા આ સમસરવાળાના ચોરસમાં વપરાએલી બધી જ સંખ્યા અવિભાજ્ય જ છે.



ચા સૌ પ્રથમ ઈંગ્લૅંડમાં આવી ત્યારે લોકો તેને ઉકાળીને ખાતા ને પાણી ફેંકી દેતા!

જાબ્બાન નામે આ ઠીંગણો ને બદસૂરત તુર્ક ગુલામ દિલ્હીના રાજમહેલમાં ભિસ્તી હતો તે ક્રમશઃ વધીને શાહી શિકારીઓનો વડો, લશ્કરી અમલદાર, રાજ્યનો વઝીર ને અંતે દિલ્હીનો સુલતાન થયો. એ ચકોર પણ કડક અને વિદ્વાનોનો આશ્રયદાતા હતો. જીવનમાં એ કદી ખડખડાટ હસેલી નહિ, તેમ તેની હાજરીમાં કોઇ એમ હસી શકતું નહિ.



૩૦૦૦ હરીફોને જીતી ઑસ્ટ્રેલિયાના આ રાષ્ટ્રધ્વજની રચના કરનાર ૧૪ વર્ષનો આઈવર ઈવાન્સ નામે ત્યાંનો વિદ્યાર્થી હતો.



૩૨૮૭૮૪૨ ચોરસ માઈલના વિસ્તારવાળું બ્રાઝિલ જગતનું મોટામાં મોટું પ્રજાસત્તાક રાજ્ય છે.




એક ઈંડામાં તાંબુ, લોહ, કેલ્શિયમ, મૅંગેનિઝ, પોટાશિયમ, મૅગ્નેશિયમ, ફોસ્ફરસ, સ્ટ્રૉન્ટીઅમ, સિલિકા, એલ્યુમીનિયમ અને બેરીઅમ ધાતુઓ હોય છે.



મે-ફ્લાય નામનું આ જંતુ જન્મી, પુખ્ત વયનું થઈ, બે પ્રજનન કરી મરવા સુધીની પોતાના જીવનની બધી જ અવસ્થા એક જ દિવસમાં પૂરી કરે છે.





દૃષ્ટિભ્રમ: સમાંતર દેખાતી આ બંને ખીલીઓમાંથી લાકડાની આરપાર તો માત્ર એક જ નીકળે છે. ફૂટપટી મૂકી જોતાં એ જણાશે.

પૃથ્વી પરના દરેક જણને જો છ છ ઘનફૂટ જેટલી જગ્યામાં રાખવામાં આવે તો જગતની સમગ્ર માનવજાત—૨,૫૦,૦૦,૦૦,૦૦૦ લોકોને સમાવવા અરધો માઈલ લાંબું, અરધો માઈલ પહોળું અને અરધો માઈલ ઊંચું એવું એક મકાન માત્ર જોઇએ.

મોતિયો

માનવજાતને અનાદિકાળથી પીડતો આવેલો વૃદ્ધાવસ્થાનો એક સર્વસામાન્યવ્યાધિ

લેખક • ડૉ. શિવપ્રસાદ



→ નેત્રમણિમાં ચોમેરથી અંધાપો આવતો મોતિયો આકૃતિથી દર્શાવ્યો છે.

વૃદ્ધત્વ એટલે જીવનની છેલ્લી દશા ભણી લઈ જતી અદૃશ્ય, અચલ ને ક્રમિક ગતિ. પચ્ચીસ વર્ષે પુખ્ત વય થતાં જ વૃદ્ધત્વનાં પગરણ મંડાય છે. જો કે એ ન દેખી શકાય એવી ઘટના છે, પણ પિસ્તાલીસ વર્ષની આસપાસ જીવનપ્રવાસનો થાક વરતાવા માંડે છે, ને અવયવો ને પેશીઓના કોષોની કામગીરીમાં મંદતા પ્રવેશે છે.

એ વૃદ્ધાવસ્થાની શરૂઆતની નિશાની રૂપ વૃદ્ધ દૃષ્ટિ છે. આને આપણે લોકભાષામાં 'બેંતાળાં આવ્યાં' કહીએ છીએ. એમાં પાસેની વસ્તુ—જેવી કે પુસ્તકના અક્ષરો ચોખ્ખા દેખાતા નથી. આથી પુસ્તકને આંખથી આઘું ધરવું પડે છે. આમ થવાનું કારણ એ છે કે વૃદ્ધત્વને લીધે નેત્રમણિનું સ્થિતિસ્થાપકત્વ ઘટે છે, તેમજ આંખના સ્નાયુઓ પણ થાકી જાય છે. આમ થવાથી પાસેની વસ્તુ જોવા માટે નેત્રમણિ યથાયોગ્ય અક્ષર ઉકેલી શકતો નથી.

વૃદ્ધદૃષ્ટિને જીતવા માટે આંખે બાહ્યગોળ કાચનાં (પ્લસ નંબરનાં) ચશ્માં ચડાવ્યાં ને દસ-પંદર વરસો વીત્યાં ના વીત્યાં કે આંખે ઝાંખું દેખાવા માંડે છે. આ ધીમી પણ આગળ વધતી સ્થિતિ છે. આમાં કાં તો થોડાં વર્ષો સુધી દૃષ્ટિ જળવાઇ રહે છે કે થોડા મહિનાઓમાં વિકાર પામેલી આંખમાં અંધાપો આવી જાય છે. આ સ્થિતિનું નામ છે મોતિયો (cataract).

આંખનો નેત્રમણિ (lens) પારદર્શક છે. આ નેત્રમણિ કે એનું આવરણ અપારદર્શક બને એનું નામ મોતિયો છે. અનાદિકાળથી આ વ્યાધિ તો માનવીને પીડતો આવ્યો છે, પણ દુનિયાભરમાં શસ્ત્રક્રિયા દ્વારા એનો પ્રથમ ઉપચાર કરનાર મહર્ષિ સુશ્રુત (ઈ. સ. પૂર્વે ૬૦૦) હતા. અપારદર્શક બનેલો નેત્રમણિ કાળી કીકીમાં દૂધ જેવો સફેદ કે રાખોડિયા રંગનો નાના વાલ જેવા કદનો સ્પષ્ટ દેખાય છે. સામાન્યજન પણ આ સહેલાઈ જોઈ શકે છે. પણ નેત્રમણિના અંદરના ભાગમાં મોતિયો શરૂ થાય છે, તો તે દેખાતો નથી; પણ દૃષ્ટિમાં વિક્ષેપ તો પડે છે.

મોતિયો થવાનું કોઈ કારણ જાણમાં નથી, પણ વૃદ્ધાવસ્થામાં આવતાં શરીરનાં અવયવો જેમ ક્ષીણ (degenerate) થાય છે તેમ આંખ પણ ઘરડી થવાથી ક્ષીણતા પામે છે. નેત્રમણિનાં દ્રવ્યોની જમાવટ થતાં તે અપારદર્શક બને છે. એનાં પ્રોટીન દ્રવ્યો દૂધિયો રંગ ધારણ કર છે. વળી આ સ્થિતિ વંશપરંપરામાં ઊતરી આવે છે. સૂકા, ગરમ અને ધૂળવાળા દેશોમાં મોતિયો ઘણો સામાન્ય છે. પંજાબ, રાજસ્થાન, સિંધ, દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં એની અધિકતા છે.

મોતિયાના બે પ્રકાર છે. પ્રાથમિક (Primary) અને ગૌણ (Secondary).બાળકના જન્મ વખતે મોતિયો હોય તે જન્મગત મોતિયો પ્રાથમિક પ્રકારનો છે. આ આનુવંશિક હોય છે કે પછી ગર્ભાવસ્થામાં અપૂરતું પોષણ મળવાથી તે થઇ આવે છે. સગર્ભાવસ્થામાં માતાએ વજન ઉતારવાની નેપ્થેલયુક્ત દવાઓ લીધી હોય તો એની અસરથી બાળકને જન્મગત મોતિયો થાય છે. વારસાગત મોતિયો બાળપણમાં થઈ આવે છે, જે કુટુંબનાં બધાં છોકરાંને અમુક જ ઉમરે શરૂ થાય છે.

વૃદ્ધાવસ્થાનો મોતિયો પંચાવન-સાઠની વયે આવે છે. મોટા ભાગે બંને આંખમાં તે આવે છે, પણ એક આંખમાં તે વહેલો પાકે છે. નેત્રમણિના છેડાથી અપારદર્શકતા શરૂ થઈ પૈડાના આરાની જેમ તે નેત્રમણિ ઉપર ફરી વળે છે. અગર તો જો તે નેત્રમણિની મધ્યથી શરૂ થાય તો એકદમ અંધાપો દેખા દે છે. અમુક બિંદુએ શરૂ થએલી અપારદર્શકતા ત્યાં જ કાયમ રહે તો તે સ્થાયી મોતિયાનું રૂપ પકડે છે. આમાં શરૂઆતમાં ઝાંખું દેખાવાનો જે દૃષ્ટિવિક્ષેપ આવે છે તે કાયમ રહે છે.

સિફિલિસ, ક્ષય તથા પરમિયાને લીધે આંખની કીકીનો 'ઇરિડો સાયક્લાઇટિસ' નામનો વ્યાધિ થઈ આવે છે, જે છેવટે મોતિયામાં પરિણમે છે. ડાયાબીટિસ, આંખ પર ઘા, અતિશય ગરમી, એક્સ-રેનો અતિશય તાપ વગેરે કારણો પણ મોતિયો આણનાર છે. આંખે માર કે ઘા, નખના ઉઝરડા, દાઝવું, બહારની ચીજ આંખમાં પડવી કે બીજી ઈજાઓ પછી આંખની લાલાશ અને વેદના કાયમ રહે તો આંખના નિષ્ણાતની સલાહ-સારવાર લેવાં હિતાવહ છે, કારણ કે આવી ઈજાઓને લાંબા ગાળે મોતિયો ઊતરે છે. આ બધા ગૌણ પ્રકારના મોતિયા છે.

બધા પ્રકારના મોતિયા અમુક તબક્કાઓમાંથી પસાર થાય છે. શરૂઆત પછી તે વધવા માંડે છે. રોગીને વિકારવાળી આંખે કશી વેદના તો નથી હોતી, પણ શરૂઆતમાં આંખે જાળાં બાઝયાં હોય તેમ ઝાંખું દેખાય છે. આમ કરતાંકરતાં દિવસે તો દેખાય જ નહિ, પણ રાતના દીવાનું તેજ પણ ના દેખાય ત્યારે મોતિયો પાકો થયો ગણાય છે.

મોતિયાનો એક માત્ર ઇલાજ ઑપરેશન છે. કોઈ પણ દવા કે દવાનાં ટીપાંથી તે મટતો કે ઓગળતો નથી. આવી દવાની જાહેરાતો વાહિયાત અને ખોટી છે. એમાં પૈસા ખરચવા એ મૂર્ખાઈ છે. છતાં એમ મનાય છે ખરું કે લીંબું આમળાં ને મોસંબી-નારંગીમાંથી કે દવા રૂપે વિટામિન-સી તથા વિટામિન-બીનું લાંબા ગાળા સુધી ભરપટ્ટે સેવન કરવાથી મોતિયો આવતો નથી કે કાચો મોતિયો આગળ વધતો નથી.

ઑપરેશનમાં નેત્રમણિ કાઢી નાખવામાં આવે છે. દોઢ મહિનામાં એ ઑપરેશનનો ઘા રુઝાઈ જાય છે. આ દરમ્યાન વાચન, લેખન, સીવણ, ફિલ્મ જોવી ને પત્તાં રમવાં બંધ રાખવાં જોઇએ. છ મહિના સુધી આંખ પર ઘા કે બીજી ઈજા ન થાય તે જાળવવું જોઇએ. ઑપરેશન બાદ દસ નંબરનાં બાહ્યગોળ ચશ્માં વાપરવાથી સંપૂર્ણ કે આછી દૃષ્ટિ પુનઃ પ્રાપ્ત થાય છે.

આખા શરીરમાં આંખ અત્યંત ઉપયોગી અવયવ છે. દુનિયા સાથે સંબંધ ધરાવતું એ અગ્રિમ અંગ છે. એના વ્યાધિ કે અંધાપાથી રોગી સંવેદનશીલ ચિંતાઓથી પીડાય છે. આખું માનસિક તંત્ર ખળભળી ઊઠે છે. મોતિયાના ઑપરેશનમાં નથી હોતી વેદના કે નથી હોતો આઘાત, પણ હોય છે માત્ર બેચેની. આનું કારણ આંખ જવાનો ભય અને ઉપર દર્શાવેલી માનસિક વ્યગ્રતા હોય છે. આના કારણે જ ઑપરેશન બાદ રોગી માથાના દુખાવાથી પીડાય છે કે આંખમાં વેદના થવાની ફરિયાદ કરે છે. જો રોગી માનસિક અસ્વસ્થતા અને ભય હઠાવી દે તો મોતિયાનું ઑપરેશન કોઇ પણ જાતની પીડા ને વેદના વિનાનું નીવડે છે.

મોતિયા સાથે જોડાએલો વેદના-ભરપૂર અને કાયમી અંધાપો આણવામાં અગ્ર ભાગ ભજવનારો બીજો વ્યાધિ ઝામર (glaucoma) છે. આ વ્યાધિનાં સ્થાન અને વેદના એટલાં સૂચક છે કે સામાન્ય માણસ પણ એને પારખી શકે છે.

આંખનો ડોળો પોલો છે. એના પોલાણમાં દક્પટ (iris) અને નેત્રમણિ (lens) વચમાં આવેલાં હોવાથી તેનાં બે (અનુ. પૃ. ૪૯૧મે)

સ્વપ્નદ્રષ્ટા

ચાલુ ચીલા છોડી નવા

[પડદો ખૂલે છે ત્યારે તખતા ઉપર અંધારું છે. કોઈ ઊંડા શ્વાસ લઇ રહ્યું હોય એવો માત્ર એક-ધારો અવાજ આવ્યા કરે છે. ધીરેધીરે ધૂંધળો પ્રકાશ તખતા પર ફેલાય છે અને પછી તખતો ધીમેધીમે પ્રગટ થતો હોય તેમ એક પછી એક તેની સામગ્રી ને સજાવટ સ્પષ્ટ થવા માંડે છે. પૂરો પ્રકાશ ફેલાતાં આધુનિક ઢબની એક 'હેર કટિંગ સલૂન' દેખાય છે. પાછળના પાર્ટિશનનાં સ્પ્રિંગનાં બારણાં ખૂલે છે ત્યારે તે પર 'અનુસ્તાનક કેશકર્તન મંદિર' નામ વંચાય છે. પાર્ટિશન-ની બહારની બાજૂ ઠીકઠીક દિવસ ઊગ્યો જણાય છે, પણ સલૂનની અંદર પૂરતો પ્રકાશ ન હોવા-થી અરીસા ઉપરના દીવા બળે છે. એક અરીસા સામેની ખુરસીમાં એક યુવાન પોતાની હજામતની તૈયારી કરતો બેઠો છે. તેની પાછળ ઊભોઊભો બીજો યુવાન બેઠેલા યુવાનના વાળ દાંતિયાથી સરખા કરતો, ઉપર ઉપરથી કાપવાનો ડોળ કરતો હોય છે. બેઠેલો યુવાન તે વિનાયક. બાંધી દડીનું શરીર, ઢંગધડા વગરનો ચહેરો, છતાં હર પળે ટીખળી લાગે; પહેરવેશમાં ચટાપટાવાળો પાયજામો ને ઉપર ખમીસ. ઊભેલો યુવાન સુધાકર : કાંઇક વધુ સુઘડ, એનો પહેરવેશ લગભગ સમાન છે.]



વિનાયક

વિનાયક: આટલો હાંફે છે શું સુધાકર? હજી ઊંઘમાં છે કે શું? તું તે ક્યારે હોશિયાર થઈશ? કાતર જમણા હાથે પકડવાની અને દાંતિયો ડાબે. તને ક્યારે આ બધું આવડશે?

સુધાકર: કૉલેજમાં કોઇએ આ વિદ્યાનું પ્રૅકટિકલ ડેમોન્સ્ટ્રેશન આપ્યું નહોતું. ધીરે-ધીરે એના ઉપર ગ્રિપ આવી જશે.

વિનાયકઃ ત્યાં સુધી ઘરાકો તમારી રાહ જોઇને બેસશે કેમ?

સુધાકર: તું પણ, વિનાયક, પેલા નિરક્ષર હજામોની માફક 'ઘરાક' 'ઘરાક' શું બોલ્યા કરતો હોઈશ! 'ગ્રાહક' બોલતાં શું થાય છે? આપણે ગ્રૅજ્યુએટ્સ આ ધંધામાં પડીએ, પછી તેમાં નવાં રૂપ-છટા ન આવવાં જોઇએ?

વિનાયક: તમારાં રૂપ-છટાના મોહની પાછળ મૂળ વાત વીસરી જાઓ છો. સલૂન દશેરાના દિવસે શરૂ કરી, ને આજે થઈ દેવ-દિવાળી. પાંત્રીસ દિવસમાં પૂરા પાંત્રીસ ઘરાક પણ આવ્યા છે તમારે ત્યાં?

સુધાકર: આપણી સુવાસ ધીરેધીરે ફેલાશે. પછી અહીં પણ આમ ખુરશીઓ ખાલી નહિ રહે. એમ નિરાશ થઇએ તે કેમ ચાલે?

વિનાયક: નિરાશ? ઊંહું! મારા શબ્દકોશ-માંથી મેં એ શબ્દ ફાડીને ફેંકી દીધો છે. એ તો મારા લોહીમાં નથી. મારું ગોત્ર કયું જાણે છે?

સુધાકર: ગોત્રનું અહીં શું છે?

વિનાયક: ભારદ્વાજ ગોત્રમાં આ બ્રાહ્મ-ણનો જન્મ થયો છે તે ન ભૂલીશ.

સુધાકર: ત્યારે તો તું સાક્ષાત્ પરશુરામ-નો જ દૂરનો ભત્રીજો! એમણે અનેકવાર પૃથ્વી નક્ષત્રી કરી; તારો શો 'પ્લાન' છે?

વિનાયક: આ રેઝર એવી સિફતથી ચલા-વતાં શીખવું છે કે ઘરાકની–ગ્રાહકની દાઢી માત્ર સુંવાળી બને એટલું જ નહિ, એ રેઝરના ભયથી વાળ એ જગ્યાએ ઊગવાનું જ ભૂલી જાય.

સુધા૦: તો પછી આ સલૂન કેમ ચાલશે?

વિના૦: કેવી વાત! દરદીઓના રોગ મટાડે તે ડૉકટરની પ્રૅકટીસ વધે કે ઘટે?

સુધા૦: ડૉકટર ને હજામની તે કંઈ સર-ખામણી હોતી હશે?

વિના૦: મારી વાત પૂરી સાંભળ. મારી એ શોધ સફળ થાય ને મને 'ડૉકટરેટ' મળે તો નવાઈ ન પામીશ.

સુધા૦: ડૉકટર ઑફ શેવિંગ?

વિના૦: એ શું કળા નથી? મારી દૃષ્ટિએ તો શેવિંગ એ 'ઍપ્લાઈડ આર્ટ' છે. સમજાય છે?

સુધા૦: બરાબર નહિ.

વિના૦: હું જાણું છું તને એ નહિ સમજાય. તારા કરતાં સ્નેહલની ગ્રહણશક્તિ સારી છે. તને હજી કાતર-દાંતિયો કયા હાથે પકડવાં એ નથી આવડતું, જ્યારે એને તો કયા નંબરનું મશીન ક્યારે વાપરવું તેની પણ સૂઝ આવવા માંડી છે.

સુધાકર: પણ હજી સુધી એ છે ક્યાં?

વિનાયક: આજ મંગળવાર હોવાથી બધી સલૂનો બંધ છે, આપણે દુકાન એટલે જ ખુલ્લી રાખેલી, રડ્યોખડ્યો કોઈ ઘરાક જરૂર એટલે ચઢી જવાનો એમ ધારીને; અને બન્યું પણ એમ જ.

સુધા૦: શું બન્યું?

વિના૦: અરધા કલાક પહેલાં જ એક શેઠને ત્યાંથી 'કૉલ' આવ્યો. શેઠને અર્જન્ટ બહાર-ગામ જવાનું હોવાથી ગમે તે કારીગર ઉપાડી લાવવાની એમના દરવાનને આજ્ઞા કરી હશે, અને એ ફરતો ફરતો અહીં આવી ચડ્યો.

સુધા૦: શેઠનું ત્યારે આજે આવી બન્યું!

વિના૦: તું આટલો સિનિકલ કેમ છે?

સુધા૦: સ્નેહલ જેવા અપટુડેટ ઢંગવાળા યુવાનને પ્રથમ તો એ નાયી તરીકે સ્વીકારશે જ નહિ. એનો અક્કડ પહેરવેશ, રૂપાળો ચહેરો–

વિના૦: એટલે જ એને મોકલ્યો. પહેલી જ છાપ સારી પડે તો અરધું કામ પતી જાયને? હું જ જાત; પણ પછી મને થયું કે મોટું ઘરાક મળે છે તો સ્નેહલ જ ભલે જતો. થોડી ફેંકા-ફેંક કરશે. ભણેલાની વાતોની અસર શેઠસાહેબ ઉપર પડે તો ખોટું શું?

સુધા૦: ચાલો સ્નેહલને શરૂમાં જ મોટો શિકાર સાંપડ્યો. બધું સૂતરું ઊતરે તો સારું.

વિના૦: અરે હા, થોડા દિવસ પર એક 'ટ્રૅજેડી' થઈ એની તો મેં તને વાત જ નથી કરી.

સુધા૦: શું, બન્યું'તું શું?

વિનાયક: બે દિવસ પર એક ઘરાક આવ્યું. એણે સ્નેહલ પાસે જ વાળ કપાવવાનો આગ્રહ રાખ્યો એટલે મારે ચૂપ બેસી રહેવું પડ્યું.

સુધા૦: હા આ...? કોણ હતો એ ગ્રાહક?

વિના૦: કોઈ ઇન્સ્યુરન્સ એજંટ cum સેલ્સમૅન.

સુધા૦: શા ઉપરથી માની લીધું?

વિના૦: પૂરી વાત તો સાંભળ. સ્નેહલ હજી માંડ ખચકાતોખચકાતો દાઢી કરતો થયો છે. પણ વાળ કાપવા તે કંઇ સહેલું કામ છે?

સુધા૦: પછી થયું શું?

વિના૦: થયું થવાનું હતું તેસ્તો. તેં હમણાં ખોટી રીતે કાતર પકડેલી એવી ભૂલ સ્નેહલે પણ કરી. એને ભૂલ તો સમજાઈ, પણ પછી કેમે કરી ડાબા હાથના અંગૂઠામાંથી કાતર બહાર નીકળે જ નહિને! ઘરાક પણ



સુધાકર

રાહ અપનાવવાની આકાંક્ષાવાળા સ્વપ્નસેવીઓનું 'નાટક'



લેખક
શિવકુમાર જોષી

થોડો બાઘો, સ્નેહલની 'નર્વસનેસ' પામી ન ગયો. મેં ઇશારાથી વ્યૂહ બદલવા કહ્યું.

સુધા૦: આપણી કેવી કમબખ્તી છે? પૂરી તાલીમ સિવાય જ બિઝનેસમાં ઝંપલાવ્યું.

વિના૦: તાલીમ માટે કોઇને કોઈ શિકાર તો થાય છેને? એના માટે બનાવટી માથા અને વિગ પર કૈં ઓછી પ્રૅક્ટીસ થાય છે? વતું કરતાં કરતાં જ હજામ થવાય. આ ધંધામાં બીજો કોઈ રસ્તો નથી.

સુધા૦: લે હવે, મૂળ વાત ઉપર આવીશ?

વિના૦: હં; પછી તો (સહેજ નાટકી ઢબે)

ઊંચો કરીને ભૂજદંડ એણે
એકાગ્ર ચિત્તે અનિમેષ નેને

કાતર ચલાવવાની શરૂ કરી. કાતરના એ તાલબદ્ધ અવાજથી કહો કે પછી સમી સાંજની ઠંડકે કહો, પણ ઘરાક મહાશય ઝોપી ગયા.

સુધા૦: ને સૂતા ગ્રાહકના વાળ કાપ્યા!

વિના૦: કાપ્યા શું? કરડી ખાધા! એ મારી સૂચના ગણકારે શેનો? આવડતનું એને ગજબનું ઘમંડ છે.....સૅન્ડવિચમાં બચકાં ભર્યાં હોય ને જેવો દેખાવ થાય તેવો દેખાવ એ સેલ્સમેન સાહેબના માથાનો થયો.

સુધા૦: પછી?

વિના૦: પેલાની જ્યારે ઊંઘ ઊડી ત્યારે—

સુધા૦: બધા જ તકતા સલામત છે અને પાર્ટિશન પણ અકબંધ છે તે ઉપરથી 'ઍપ્લાઈડ' ગુસ્સો નહિ અજમાવ્યો હોય એમ લાગે છે.

વિના૦: અરે આ સામે પડેલી એક ડઝન તેલની બાટલીઓનો ઑર્ડર આપીને અને સલૂન સારી ચાલે તો ત્રણેનો વીમો ઉતરાવવાની ખાતરી આપીને એને માંડમાંડ વિદાય કર્યો.

સુધા૦: પણ કેશકર્તનની ફી...?

વિના૦: લે કર વાત! આ પાંત્રીસ દિવસમાં ગલ્લામાં ફીના પૈસા આવ્યા છે તે કરતાં આવી વળતરની રકમ સાતગણી વધી ગઈ છે.

સુધા૦: આપણી બેકારીનો પ્રશ્ન આમ કઈ રીતે ઉકલશે?

વિના૦: પાછો નિરાશાવાદ? વગર ટ્યૂશન-ફી આપ્યે આપણું લેસન પાકું થાય છે. કોઈવાર ફી લાગી પણ જાય. અને હાં, બીજી એક વાત. આ તેલની બાટલીઓનાં મૂળ લેબલ મેં ઉખેડી નાખ્યાં છે અને મારે હાથે ચીતરીને નવાં લેબલ લગાડયાં છે. એનું નામ વાંચ્યું?

Special Hair Lotion for
Electrical Growth of Hair

સુધા૦: એ વળી શો કીમિયો છે?

વિના૦: તું જો તો ખરો, કોઈ ગરજાઉ ટાલિયો ઘરાક આવે તેને આ 'લોશન' હું કેવી રીતે પધરાવું છું તે. આપણું રોકાણ નીકળી જશે, અને ઉપરથી નફો ન રહે તો મને ફટ કહેજે.

સુધા૦: અરે રે! શો જમાનો આવ્યો છે? ડિસ્ટ્રિક્ટ જજ ભટ્ટસાહેબનો સુપુત્ર સુધાકર બી. એ. ઑનર્સ, અર્થશાસ્ત્રી સાથે હવે એમ. એ.ના વર્ગો ભરે છે, તેને છેવટે બેકારી નિવારણાર્થે કેશકર્તન અને વતુની પ્રાઇવેટ પ્રૅક્ટીસ કરવા વારો આવ્યો!.......લે હવે, તેં શેઈવ પતાવ્યું હોય તો હું પતાવું.

વિના૦: તું રહેવા દે. ચાલ બેસ તો, હું તને બતાવું કે રેઝર કેટલી સિફતથી ચલાવી શકાય.

[સુધાકર બેસે છે વિનાયક તેની દાઢીએ સાબુ લગાવે છે.]

સુધા૦: અરે વિનાયક તું પેલું ડૉક્ટરેટ ઑફ શેવિંગનું કંઈ કહેતો હતો તે શું?

વિના૦: શિયાળાની કડકડતી ઠંડીમાં ચામડી ચરચરે છતાં દાઢી રોજ છોલવી પડે એ પુરુષજાતિ ઉપર પ્રભુએ પાથરેલો શાપ નથી શું?

સુધા૦: ત્રાહિ મામ્ ત્રાહિ મામ્.

વિના૦: ગમે તે રીતે શેઈવ કરો: ઊંચે, નીચે, ત્રાંસું, સીધું.....પણ સાંજ સુધીમાં તો પાછું ખેતર ઊગી જ નીકળવાનું.

સુધા૦: એ સામે કોઈ ઉપાય?

વિના૦: એની જ શોધમાં છું.

સુધા૦: શોધ્યાં હવે...તારા તો હમેશના હવાઈ ખયાલો છે.

વિના૦: કોઈ પણ શોધ સફળ ન થાય ત્યાં સુધી એની વાત હવાઈ ખયાલ જ કહેવાય.

સુધા૦: એ માર્ગે કંઈ પ્રગતિ—?

વિના૦: 'ટૉપ સિક્રેટ!' છતાં એ શોધ કયે માર્ગે જઈ રહી છે તેનો ખયાલ તને આપું. જન્મથી સાંપડેલા વાળ, ઘણા માણસો ઉંમર વધે છે તેમ ગુમાવતા જાય છે; ઘણાને તો તદ્દન ટાલ પડી જાય છે, એ વાત તો ખરીને?

સુધા૦: બરાબર.

વિના૦: હવે, જે પ્રક્રિયાને કારણે માથે ટાલ પડે છે એ જ પ્રક્રિયા દાઢીમૂછની ચામડી તળે સંતાએલી કેશગ્રંથિઓ ઉપર જો અજમાવાય તો ત્યાં પણ વાળ ઊગતા બંધ થાય એ વાત તું સ્વીકારે છે કે નહિ?

સુધા૦: પણ દાઢી તો ૧૬–૧૭ વર્ષની વયે ઊગવા માંડે છે, એટલે માથાની કેશગ્રંથીઓનો પૂરવઠો કોઇનો વહેલો ખાલી થઈ જાય–

વિના૦: દાઢીમૂછોની કેશગ્રંથિઓનું રિઝર્વ ફંડ પણ અખૂટ તો ન હોય ને? એ રિઝર્વ ફંડને જલદી વાપરી સફાચટ કરી નાખવું....દાઢી મૂછનો ઉછેર અત્યાર કરતાં દસગણો ઝડપી બને, એનો ઉપાય હું શોધું છું.

સુધા૦: [અધૂરી દાઢીએ તાળી પાડી ઊભો થાય છે] એમ થાય તો તો બેવડો ફાયદો! શરૂઆતમાં ખૂબ ઝડપથી દાઢી ઊગે એટલે આખી કૉલેજના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓને દર પીરિયડને અંતે શેઇવ કરાવવા આવવું પડે... અને રિઝર્વ ફંડ ખૂટે ને ફરીથી દાઢી મૂછ જ ન ઊગે એટલે આપણને રોકડ આશિષ મળે.

વિના૦: સાબાશ, સુધાકર! હવે તારામાં છુપાએલો અર્થશાસ્ત્રી બોલ્યો.

સુધા૦: કેટલો સુંદર વિચાર!!

વિના૦: હવે દાઢી પૂરી કરું? [સુધાકર બેસે છે, વિનાયક હજામત આગળ ચલાવે છે ત્યાં બહારથી આધેડ વયના એક સુખી ગૃહસ્થ પ્રવેશે છે. એમણે ખાદીનું ધોતિયું, બારીક ખાદીનું પહેરણ, ઉપર જવાહર જૅકેટ અને માથે ખાદીની હોડી ઘાટની અણીઆળી કડક ટોપી પહેર્યાં છે. પગમાં મોંઘાં ચંપલ છે.]

આગંતુક: કેમ...વાર લાગશે?

વિના૦: (હાંફળોહાંફળો થઇ) ના જી, બસ પતી ગયું છે...આપ બેસોને.

આગંતુક: વાર લાગે તો પણ બેસવું પડશે જ ને? આજ સવારે જ અપશુકન થયા. હજામતની પેટીમાં એકેએક બ્લેડ બુઠ્ઠી! મિલમાંથી લાવવાની જ રહી ગએલી. થયું કે ચાલ સલૂનમાં પતાવી આવું. મોટર લઇને નીકળ્યો પણ આખા એલિસબ્રિજમાં એક પણ સલૂન ખુલ્લી નથી. સારા નસીબે–

વિના૦: હા જી એ બધા મંગળવારે રજા પાડે છે; એટલે અમે અમારા ગ્રાહકોની સગવડ ખાતર–


આગંતુક: સરસ સરસ...તમારી સલૂનની સજાવટ પણ—

વિના૦: સલૂન શબ્દ વિલાયતી છે. આપ તો ખાદીધારી છો. આપે તો હવે રાષ્ટ્રભાષાને

ઉત્તેજન આપવું જોઇએ. અમે તેથી આ સ્થાનનું નામ 'કેશકર્તન મંદિર' રાખ્યું છે.

આગં૦: હા, એ મેં વાંચ્યું, પણ આગળ પેલું અનુસ્નાતક શું ?

વિના૦: એટલે પોસ્ટ ગ્રૅજ્યુએટ. વિદ્યાપીઠમાંથી પાર ઊતરેલા સ્નાતક, આગળ કંઈ ન સૂઝે એટલે ભણે તે અનુસ્નાતક. અમારા ત્રણ ભાગીદારોમાંથી બે સ્નાતક હવે અનુસ્નાતક છે. બેકારી નિવારવા ફાજલ સમયમાં સ્વાવલંબીપણે કમાણી કરવા અમે આ મંદિર ખોલ્યું છે.



સુધા૦: (મોં લૂછી ઊભો થતાં) આપ બેસોને.

[માથે ટોપી પહેરી રાખીને જ આગંતુક ગૃહસ્થ ખુરશી ઉપર ગોઠવાય છે. વિનાયક હજામત શરૂ કરે છે].

વિના૦: (બેઠા અવાજે) સુધાકર, પેલા છોટિયાને દાસની હૉટલમાંથી એક સ્પેશ્યલ લાવવા કહી દેજે.

સુધા૦: બીજું કંઈ?

વિના૦: બે રકાબી, બે ગ્લાસ પાણી અને ચપટી સોપારી. [સુધાકર જાય છે]

વિના૦: (ઉત્સાહથી) આ મંદિરની ઉદ્ઘાટનક્રિયા સામેની કૉલેજના અર્થશાસ્ત્રના પ્રોફેસર અધ્વર્યુના હાથે થએલી.

આગં૦: એમ કે?

વિના૦: આમ તો મેયર સાહેબને જ બોલાવવાનો વિચાર હતો, પણ તેઓ બીજા વધુ અગત્યના રોકાણને કારણે નહિ આવી શક્યા.

આગં૦: હં—હં....?

વિના૦: તે પ્રસંગે આ લત્તાના સર્વ મિલમાલિકો, વેપારીઓ, સાહિત્યકારો, કેળવણીકારો ને વિદ્યાર્થીઓને આમંત્રેલા.

આગં૦: તો પછી મને ખબર કેમ ન પડી? આવા રચનાત્મક કાર્યમાં મારો સાથ હોય જ. સમિતિના કાર્યકરોને આમંત્ર્યા નહિ હોય.

વિના૦: અરે હોય સાહેબ? અહીંના જ નહિ, છેક અમારા છોટુભાઈ સાહેબ સુધી—

આગં૦: છોટુભાઈ તે પેલા પેટલાદ તાલુકા સમિતિના પ્રમુખ મારફતિયા તો નહિ?

વિના૦: આપ એમને ઓળખો?

આગં૦: નામ સાંભળેલું.

વિના૦: તેઓશ્રી અમારા સહકાર્યકર શ્રી સ્નેહલ પરીખના ભાવિ શ્વસુર થાય.

આગં૦: હં? એટલે કે એમના જમાઈ આ ધંધામાં છે?

વિના૦: એમાં શું? આ ધંધો હલકો ને આ સારો, એવા વિચાર આપ પણ સેવો છો?

આગં૦: ના ના...આ તો એમ કે એવા મોટા જમીનદાર, તાલુકા સમિતિના પ્રમુખ, છતાં એમના જમાઈ માટે...

વિના૦: સ્નેહલમાં સમાનતાની ભાવના ગજબ છે. એની તો પ્રતિજ્ઞા છે [સુધાકર પ્રવેશે છે] અરે સુધાકર, પેલી સ્નેહલની પ્રતિજ્ઞા જરા શેઠસાહેબને સંભળાવ તો; મને ગોઠવીને બોલતાં નહિ ફાવે...

સુધાકર: જ્યાં સુધી સુધાકર તથા વિનાયકને મારા જેવું સમૃદ્ધ સાસરું નહિ મળે ત્યાં સુધી સમૃદ્ધ સાસરાને કારણે મળતા બધા જ લાભ હું જતા કરીશ...એવું કંઈક.

આગં૦: કોણ કહે છે કે આધુનિક યુવાનમાં ત્યાગ ને સમાનતાની ભાવના નથી? નાહકના લોકો આજના આપણા યુવાનોને આળસુ, ઉદ્યમહીન, સ્વાર્થી ને મોજીલા કહીને વગોવે છે.

વિના૦: આપ બરાબર કહો છો. અમારો-યુવાનોનો કોઇ ધણીધોરી જ નથી. આપના જેવા અરધો ડઝન સદ્ગૃહસ્થો અમારે પડખે હોય તો પછી આખી દુનિયા જખ મારે છે.

સુધા૦: દુનિયાને અમે બતાવી દઈશું કે હિંદનો યુવાન પણ જગતનાં પરિવર્તન પામતાં મૂલ્યોનો મૂક દ્રષ્ટા નથી. નવી દુનિયા ઘડવામાં એનો ફાળો પણ ગણનાપાત્ર હશે.

આગં૦: તમે ત્રણે તો નક્કર ફાળો આપી રહ્યા છો જ.

વિના૦: આપ જેવાનું પ્રોત્સાહન જોઇએ. અચ્છા મહેરબાન, આ શહેરમાં આપની લાગવગ કેટલી?

આગં૦: (મોટેથી હસી પડતાં) કેવો પ્રશ્ન? આ શહેરના કોઇ પણ સામાજિક, ધાર્મિક સાંસ્કારિક કે રાજકીય ક્ષેત્રમાં એવી કોઇ પણ વ્યક્તિ નથી જે મારી વાત ન સાંભળે.

વિના૦: એમ?

આગં૦: અમારું પૈસાપાત્રોનું એક સુખ છે. જીવનના કોઇપણ ક્ષેત્રમાં અમારી ચાંચ ડૂબે જ ડૂબે. અમારા સિવાય કોઇ પણ પ્રવૃત્તિ શરૂ કરો જોઇએ, ક્યાં તો એ પ્રવૃત્તિ ડૂબશે, ક્યાં તો અમે એ પ્રવૃત્તિને ડુબાડીશું,—અલબત્ત અમારો સાથ ન લીધો હોય તો.

વિના૦: પણ અમે તો આપનો સાથ માંગીએ જ છીએને?

આગંતુક: તો બોલો, શો સાથ જોઇએ?

વિના૦: આપ એક વટહુકમ કઢાવો. આ શહેરના એકેએક ધારાસભાના સભ્યોએ, કૉર્પોરેટરોએ, મિલમાલિકોએ, માર્કિટના કાપડિયાઓએ અમને પ્રોત્સાહિત કરવા માટે પોતપોતાના સેઈફ્ટી રેઝર કૉલેજના ગરીબ વિદ્યાર્થીઓને ભેટ આપી, દરરોજ અમારા આ મંદિરમાં આવી વતુ કરાવવું.

આગં૦: વાહ, સરસ વિચાર! પણ એવો વટહુકમ હું કઢાવી આપું તો મને શો લાભ?

વિના૦: તમે કહો એ શરત અમને સ્વીકાર્ય છે. દાખલા તરીકે તમારું શેઈવ કોઈ પણ જાતના વળતર સિવાય—

આગં૦: બસ, એટલું જ?

સુધા૦: ભલે, એટલાથી પણ સંતોષ ન થાય તો મહિનામાં એક વાર મફત વાળ પણ કાપી આપીશું, કેમ વિનાયક?

આગં૦: ઊંહું...એ તો ખોટનો સોદો.

વિના૦: કેમ શેઠ, એવું કહો છો?

આગં૦: તમે દાઢી કરી રહો પછી સમજાવું.

વિના૦: બસ બીજો લપેટો જ બાકી રહ્યો છે.

સુધા૦: અમારા વિનાયકનો હાથ એવો ફરે છે કે જાણે કોઈ શિલ્પી ખરબચડા આરસમાંથી મસૃણ પ્રતિમા ઉપવાસી કાઢતો ન હોય!

આગં૦: કૉલેજિયન પાસેથી આશા ન રખાય એવી એમની સિદ્ધહસ્ત માવજત છે, એમાં ના નહિ. એટલે તો હું તમારી સાથે જિંદગીભરનો કૉન્ટ્રૅક્ટ કરવા તૈયાર થયો છું.

સુધા૦: સાચ્ચે જ?! તો તો સરસ!

વિના૦: (શરમાઇને) શેઠસાહેબને મારી પેલી થીઅરીની વાત પણ તું કરી શકે સુધાકર.


આગં૦: એ શું પાછું?

સુધા૦: પુરુષોને રોજ ઊગતી દાઢીના ત્રાસમાંથી મુક્ત કરવાનું એણે બીડું ઝડપ્યું છે.

આગં૦: ઓહ! (નિસાસો નાખે છે) પણ માથે વાળ ન હોય તે ઉગાડવાનું કંઈ શોધ્યું છે? એ શોધની વધુ જરૂર છે, હોં ભાઈ.

સુધા૦: એ માટે તો રોજ જાહેરાતો આવે છે: લાંબા ચકચકિત સુંવાળા વાળ, ધોળાના કાળા, કાળાના વધુ કાળા, ટૂંકાના લાંબા—

આગં૦: એ બધાં ગપ્પાં! અરે ભાઈ, મારે બહુ લાંબા વાળની કાંઈ જરૂર નથી. (માથેથી ટોપી ઉતારતાં) આ માથા ઉપર ફક્ત દોઢ ઇંચ વાળ ઉગાડી આપને તો ન્યાલ કરી દઉં. (ટોપી હાથમાં લઈને માથાની ચકચકિત ટાલ ઉપર હાથ ફેરવે છે, દર્પણમાં પોતાનું દયામણું મુખ જોઈને નિસાસો નાખે છે.) મેં નો'તું કહ્યું, વાળ મફત કતરાવવાની શરત મારે માટે ખોટની શરત છે?...એ કરતાં તો——



(જુઓ અનુસંધાન પૃષ્ઠ ૫૦૪ ઉપર)

પાર્સલ

શેરલૉક હોમ્સના ચાતુર્યની વાનગી રૂપ વાર્તા

અનુવાદક : **ચન્દ્રકાન્ત બક્ષી**



ઑગસ્ટના એક ગરમ દિવસે બેકર સ્ટ્રીટ તપી રહી હતી. અમારી બારીઓ અડધી બંધ હતી અને શેરલૉક હોમ્સ સોફા પર પડ્યોપડ્યો સવારે આવેલો એક પત્ર વાંચી રહ્યો હતો. મારે માટે તો હિંદની ગરમી જોયા પછી ૯૦ ડિગ્રી ખાસ વાત ન હતી. હું દીવાલ પરના ફોટાઓ પર શૂન્ય દૃષ્ટિ ફેરવતો બેઠો હતો એટલામાં હોમ્સે પ્રશ્ન કર્યો, 'વૉટ-સન, આ કિસ્સો વાંચ્યો છે?'

મેં અખબાર હાથમાં લઇને વાંચવા માંડયું: 'ભેદી પૅકેટ: ક્રૉસ સ્ટ્રીટ, ક્રૉયડનમાં રહેતી એક સ્ત્રી મિસ સુસન કશિંગને હાલમાં એક ક્રૂર મશ્કરીનો શિકાર બનાવવામાં આવી છે. મિસ કશિંગ પચાસેક વર્ષની અપરિણીત સ્ત્રી છે અને ઘણા સમયથી નિવૃત્ત જીવન ગાળે છે. કાલે બપોરે બે વાગ્યે બ્રાઉન પેપરમાં લપેટેલું એક પાર્સલ ટપાલ દ્વારા એને મળ્યું હતું. એના સરનામે ટપાલ દ્વારા ભાગ્યે જ કોઈ વસ્તુ આવે છે. પાર્સલમાં પૂઠાનું એક ખોખું હતું, જેમાં નિમક ભરેલું હતું. આ ખોખું ખાલી કરતાં મનુષ્યના તાજા કાપેલા બે કાન નીકળી પડ્યા હતા! પાર્સલ એક દિવસ પૂર્વે બેલફાસ્ટથી મોકલવામાં આવ્યું છે, પણ મોકલનારનો પત્તો નથી. એ ભેદી પાર્સલ વિષે આપણા જુવાન ડિટે-ક્ટિવોમાંના એક મિ. લેસ્ટ્રેડ તપાસ ચલાવી રહ્યા છે.'

'આટલું 'ડેઈલી ક્રૉનિકલ' વિષે'; મેં વાંચવું સમાપ્ત કરતાં હોમ્સે કહેવા માંડયું, 'હવે લેસ્ટ્રેડે આજે સવારે મોકલેલી આ ચિઠ્ઠી જુઓ. લખે છે, 'બેલફાસ્ટ પોસ્ટ ઑફિસમાં તપાસ કરતાં કંઇ બાતમી મળી નથી. ખોખું અરધા રતલના તમાકુના સામાન્ય ખોખા જેવું છે. આપણને કોઈ રીતે સહાયક થાય એવું નથી. જો તમારી પાસે સમય હોય તો મારી મળવાની ઇચ્છા છે–પોલીસ સ્ટેશને અથવા ઘેર જ આખો દિવસ રહીશ.' અને પછી મારી તરફ નજર ફેરવતાં હોમ્સે પૂછ્યું, 'કેમ વૉટસન! ક્રૉયડન ચાલવું છે મારી સાથે?'

'મારે પણ કંઇક કરવાની ઇચ્છા છે.' મેં કહ્યું.

'ચાલો ત્યારે.'

ટ્રેન ચાલી ત્યારે વરસાદ વરસતો હતો. અગાઉથી તાર કર્યા મુજબ લેસ્ટ્રેડ સ્ટેશને હાજર હતો. થોડું ચાલ્યા બાદ અમે મિસ કશિંગના ઘેર આવી પહોંચ્યા. અંદર પ્રવેશીને પ્રાથમિક વિધિ પતાવ્યા પછી લેસ્ટ્રેડે કહ્યું, 'અચ્છા, મિસ કશિંગ, આ મારા સાથી શેરલૉક હોમ્સ તમારી હાજરીમાં તમારું પાર્સલ જોવા માગે છે.'

'મારી હાજરીમાં શા માટે?'

'કદાચ એમને થોડા સવાલ પૂછવા હોય.'

'મને સવાલો પૂછવાનો શો અર્થ છે? હું કહું છું કે હું આ વિષે કશું જ જાણતી નથી.' મિસ કશિંગે અકળાઇને કહેવા માંડયું, 'હું અહીં શાંતિથી રહેતી હતી ત્યાં આ છાપાંવાળાઓએ મને હેરાન કરી મૂકી. મિ. લેસ્ટ્રેડ, અહીં કંઈ જ નહિ; ખોખું જોવું હોય તો બહાર જોઇ લો.'

અમે બહાર આવ્યા. લેસ્ટ્રેડે ખોખું અંદરથી લાવીને હોમ્સ સમક્ષ રજૂ કર્યું. હોમ્સે એક પછી એક વસ્તુઓ ખોલવા માંડી. દોરીને સૂંઘતાં હોમ્સ બોલ્યો, 'વાહ, દોરી બહુ રસિક છે. લેસ્ટ્રેડ, તને શું લાગે છે?'

'ડામર લાગેલો છે.'

'બરાબર; મિસ કશિંગે કાતરથી દોરી કાપી છે... દોરીની ગાંઠ અકબંધ છે એ મહત્ત્વની બીના છે. ગાંઠ પણ ખૂબીથી બંધાઈ છે.' હોમ્સે સૂચક સ્મિત કરીને ચાલુ રાખ્યું, 'આટલું દોરી પૂરતું. હવે લપેટેલા કાગળ વિષે. બ્રાઉન પેપરમાંથી કૉફીની સુગંધ આવી રહી છે.' હોમ્સનો દિમાગ ગ્રામોફોનની રેકર્ડની જેમ ફરવા માંડયો. 'સરનામું લખ્યું છે, 'મિસ એસ. કશિંગ, ક્રૉસ સ્ટ્રીટ, ક્રૉયડન'. ક્રૉયડન શબ્દ-ના સ્પેલિંગમાં છેકાછેકી કરવામાં આવી છે. અક્ષર કોઈ થોડું ભણેલા પુરુષના છે, જેને ક્રૉયડન વિષે માહિતી નથી. ખોખું પીળું છે, અરધા પાઉન્ડનું છે. ડાબા ભાગમાં અંગૂઠાનાં બે નિશાન છે. નિમક—ચામડાં રાખવામાં વપરાતું મીઠું છે.'

છેવટે હોમ્સે બે કાન કાઢ્યા અને લાંબા મૌનને અંતે કહ્યું, 'તમે જોયું હશે કે આ બંને કાન એક જ વ્યક્તિના નથી.'

'હા; પણ મને તો આ કોઈની મશ્કરી લાગે છે.' લેસ્ટ્રેડ બોલ્યો.

'ના, મશ્કરી નથી. એક વિચારવાની વાત છે. સામાન્યતઃ મનુ-ષ્યોના કાપેલા અંગો સ્પિરિટમાં સચવાય છે, અહીં કાચા નિમકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આપણે એક ગંભીર સમસ્યાને ઉકેલી રહ્યા છીએ. મને લાગે છે મારી ધારણા સાચી છે. બે ખૂન કરવામાં આવ્યાં છે: એક કાન સ્ત્રીનો છે, બીજો પુરુષનો. બંને કાન વીંધાએલા છે. આજે શુક્રવાર છે. પાર્સલ ગુરુવારની સવારે મોકલાવ્યું હતું, એટલે ખૂનો બુધ કે મંગળ કે એથી યે વહેલાં થયાં હશે. પ્રશ્ન રહે છે, ખૂનીને પોતાના ખૂનની નિશાની મિસ સુસન કશિંગને મોકલવાનું શું કારણ? કદાચ પોતાનું કામ પૂરું થઇ ગયું છે એની પહોંચ આપવા; કદાચ દુઃખ આપવા. સુસનને ખબર છે કે ખૂની કોણ છે? મને શક છે. જો ખબર હોત તો પોલીસને શા માટે બોલાવત? જો ખૂનીને છુપાવવો હોત તો કાન દાટી દેવાનો માર્ગ સૌથી સહેલો હતો. જો ખૂનીને છુપાવવો નથી તો એ નામ જરૂર આપશે... અહીં જરા ગૂંચવણ છે.' હોમ્સ ફરી ચૂપ થઇ ગયો. પણ થોડી વારે તે એકાએક બોલી ઊઠ્યો, 'મિસ કશિંગને મારે થોડા સવાલ પૂછવાના છે.'

પોલીસ સ્ટેશને કામ હોવાથી લેસ્ટ્રેડે ફરી મળવાનું કહીને રજા લીધી. હું અને હોમ્સ સુસન કશિંગના કમરામાં આવ્યા. મિસ કશિંગની વાદળી આંખો અમને જોઈને ચમકી ઊઠી. એણે કહ્યું, 'મને ખાતરી છે સાહેબ, કે આ પોસ્ટની ભૂલ થઈ ગઇ છે. આ પાર્સલ મારે માટે હોય જ નહિ. પણ સ્કૉટલૅંડ યાર્ડવાળા માનતા જ નથીને!'

'મારું પણ એમ જ માનવું છે, મિસ કશિંગ!' હોમ્સે કહ્યું, અને એની શિયાળ જેવી આંખો કમરામાં ફરી રહી. 'માફ કરજો, મારે એકબે સવાલ પૂછવા પડશે.'

'હું તંગ આવી ગઈ છું તમારા સવાલોથી!' તેણે ગુસ્સે થઈ કહ્યું.

'તમારે બે બહેનો છે!'

'તમને શી રીતે ખબર પડી?'

'સામેના ટેબલ પરનો પેલો ગ્રૂપ ફોટોગ્રાફ કહી આપે છે. એક ચહેરો તમારો છે જ્યારે બીજા બે તમને બહુ જ મળતા આવે છે. એનો બીજો શો અર્થ હોઈ શકે?'

'હા, તમારી વાત સાચી છે. એ મારી બહેનો છે–સારાહ અને મેરી.'

'અને આ તરફનો ફોટો લીવરપુલમાં લેવાયો છે—તમારી નાની બહેનનો. સાથેનો પુરુષ એના યુનિફૉર્મ પરથી જહાજી જેવો લાગે છે. તમારી બહેન એ વખતે અવિવાહિત હતી, ખરું?'

'ઓ હો! તમે બહુ ઝડપી નિરીક્ષણ કરી લો છો!' મિસ કશિંગે આશ્ચર્યમાં કહ્યું.

'હા, એ મારો ધંધો છે' હોમ્સે ઠંડે પેટે જવાબ આપ્યો.

'મિસ્ટર બ્રાઉનર સાથે થોડા દિવસ બાદ એની શાદી થઈ હતી. પહેલાં એ દક્ષિણ અમેરિકન જહાજોમાં કામ કરતો હતો, હવે લીવરપુલ અને લંડન વચ્ચે ફરે છે.'

"કયું જહાજ?—'કૉન્કરર?"

"ના, છેલ્લું જહાજ હતું 'મે-ડે'. જિમ છોકરો તો સારો હતો, પણ પછી દારૂની લતે ચડી ગયો. પહેલાં મારી સાથે અણબનાવ થયો, પછી સારાહ સાથે ઝઘડ્યો, અને હવે મેરીનો પણ પત્ર નથી.'

મિસ કશિંગે પછી ઘણી વાતો કરી. સારાહને અને જિમ બ્રાઉનરને સખત ખટરાગ થઈ ગયો હતો એમ લાગ્યું. સારાહ થોડો વખત બ્રાઉનર સાથે રહી હતી, પછી લીવરપુલમાં જ બ્રાઉનરથી અલગ રહેતી, છેવટે તે થોડો સમય સુસન સાથે રહેલી. હવે ન્યૂ સ્ટ્રીટ, વેલિંગ્ટનમાં રહેતી હતી કારણ કે એનો સ્વભાવ કોઈથી સહન થતો ન હતો.

અમે સુસનથી છૂટા પડીને સારાહને મળવા ગયા પણ નિષ્ફળ. નોકરે જવાબ આપી દીધો કે તેને મગજ પર સખત ભાર હોવાથી દસ દિવસ સુધી મળવાનો સંભવ નથી. મેં રસ્તામાં હોમ્સને કહ્યું, 'કદાચ સારાહ પાસેથી ખાસ માહિતી ન મળત.'

'મારે સારાહને માત્ર જોવી જ હતી. ખેર, મારે જોઈતું હતું એ લગભગ મળી ગયું છે.' હોમ્સે જવાબ આપ્યો.

સાંજે પોલીસ સ્ટેશને પહોંચતાં લેસ્ટ્રેડે કહ્યું, 'મિ. હોમ્સ, તમારો તાર છે.' હોમ્સે તાર ફોડીને વાંચ્યો અને ખિસ્સામાં મૂકતાં મૂકતાં કહ્યું. 'બસ, બધું બરાબર છે.'

'શું?!' લેસ્ટ્રેડના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. 'કંઈ મજાક તો...'

'મારી જિંદગીમાં હું આથી વધારે ગંભીર કોઇ વખત ન હતો. એક ભયંકર ગુનો થયો છે અને મારી પાસે બધી જ કડીઓ આવી ગઈ છે.' હોમ્સે નિશ્ચલતાથી કહ્યું.

'અને ખૂની?'

'હોમ્સે એક વિઝિટિંગ કાર્ડની પાછળ એક નામ લખીને લેસ્ટ્રેડના હાથમાં મૂકતાં કહ્યું, 'વહેલામાં વહેલો કાલે રાત્રે તું આ માણસને પકડી શકીશ. અને લેસ્ટ્રેડ, ખયાલ રાખજે, આ કિસ્સામાં ક્યાંય મારું નામ આવવા ન પામે...ચાલો, વૉટસન!' લેસ્ટ્રેડના ખુશ થએલા ચહેરાને પાછળ મૂકીને અમે ચાલી નીકળ્યા.

રાત્રે અમારા કમરામાં પાઇપ-ચૂંગી પીતાં પીતાં શેરલૉક હોમ્સે સમજાવવા માંડ્યું, "આ કિસ્સો 'સ્ટડી ઇન સ્કાર્લેટ' અને 'સાઈન ઑવ ફોર' જેવો છે ને આપણે પરિણામથી કારણો તરફ જવાનું છે. જોકે કડીબંધ બાતમી તો કાલે રાત્રે લેસ્ટ્રેડ ખૂનીને પકડશે ત્યારે મળશે...'

'ત્યારે તમારો કેસ હજુ બરાબર પકડમાં આવ્યો નથી?'

'મારા હાથમાં તો જરૂરી બધી જ વિગતો આવી ગઈ છે. પણ વૉટ્સન, તમે આ બાબતમાં શું અનુમાન કરો છો?'

લીવરપુલના પેલા જહાજી જિમ બ્રાઉનર પર તમને શક લાગે છે.'

'શક કરતાં ઘણું વધારે.'

'મને તો આમાં કંઈ જ સમજાતું નથી.'

'ઊલટો મારો દિમાગ સાફ છે. ચાલો આપણે કેસની છણાવટ કરીએ. પહેલાં કોઈ સિદ્ધાંતો નહિ; માત્ર નિરીક્ષણ અને અભ્યાસ. સર્વ પ્રથમ આપણે શું જોયું? એક પ્રૌઢ સ્ત્રી, જે નિર્દોષ હતી. શરૂમાં ગ્રૂપ ફોટો જોતાં જ મને વિચાર આવ્યો હતો કે આ પાર્સલ બીજી બે સ્ત્રીઓમાંથી કોઈ પણ એક માટે હોઇ શકે. પણ એ વિચારમાં વધુ ઊંડા ઊતરતાં પહેલાં આપણે મુખ્ય મુદ્દા તરફ ગયા–પીળા ખોખા તરફ.

ખોખાની દોરી જહાજીઓ વાપરે છે એ પ્રકારની હતી અને પહેલી મને આપણા અનુસંધાનમાં દરિયાની ગંધ આવી. ગાંઠ ખલાસીઓ મારે છે એ જાતની હતી. પાર્સલ એક બંદરની પોસ્ટ ઑફિસથી મોકલાવ્યું હતું. પુરુષનો કાન પણ વીંધાએલો હતો—ખલાસીઓમાં હોય છે એવો. એટલે આપણા અભ્યાસ પ્રમાણે મને લાગ્યું કે આ પ્રસંગનાં બધાં પાત્રો દરિયા સાથે સંકળાએલાં છે.

પાર્સલ પર ઍડ્રેસ હતું 'મિસ એસ. કશિંગ'. 'એસ'નો મેં જ્યારે વિચાર કરેલો ત્યારે મને જરા મૂંઝવણ થએલી. પોસ્ટની ભૂલ વિષે હું બોલવા જ જતો હતો ત્યાં મેં કંઇક એવું જોયું કે મારા અભ્યાસનું ક્ષેત્ર બહુ સીમિત થઇ ગયું. ડૉક્ટર તરીકે, વૉટ્સન, તમને તો ખબર હશે કે શરીરશાસ્ત્રની દૃષ્ટિએ દરેક માણસનો કાન બહુ જુદો પડી આવે એવો હોય છે. મારા શરીરશાસ્ત્રના અભ્યાસ અને અનુભવથી મને તરત સમજાઇ ગયું કે મૃત સ્ત્રીના કાન અને મિસ કશિંગના કાન વચ્ચે ખૂબ સમાનતા હતી. સૂચન એ જ કે મૃત વ્યક્તિ મિસ કશિંગનું નિકટનું સ્વજન જોઈએ. અને પછી જ્યારે કુટુંબની વાત નીકળી ત્યારે, લાંબા ગાળાની નિવૃત્તિથી કંટાળેલી કોઇ પણ સ્ત્રીની જેમ મિસ કશિંગે આપણને આપમેળે ખૂબ જ કીમતી માહિતી આપી દીધી!

બહેનનું નામ સારાહ હતું અને હમણાં સુધી બંને બહેનો એક જ સ્થળે રહેતી હતી, એટલે પોસ્ટ પાર્સલ સારાહને બદલે સુસનને અપાઈ જાય એ સ્વાભાવિક હતું. સારાહ લીવરપુલમાં બ્રાઉનર પાસે રહી હતી. પણ પાછળના ઝઘડાથી એ ચાલી આવી હતી એટલે બ્રાઉનરે સુસનના સરનામે જ પાર્સલ મોકલ્યું હતું.

'જિમ બ્રાઉનર શરાબી હતો અને પત્નીની પાસે રહી શકે એ માટે એણે દક્ષિણ અમેરિકા લાઈનની સારી નોકરી છોડી દીધી હતી. આપણી પાસે સબળ કારણો હતાં કે એની પત્નીનું ખૂન થયું હતું અને એક પુરુષ—ઘણું કરીને સમુદ્ર સાથે સંકળાએલો–પણ આ જ સમયે ખૂનનો ભોગ બન્યો હતો. તો પછી મિસ સારાહ કશિંગને આ સાબિતી મોકલવાનું શું પ્રયોજન? સંભવતઃ લીવરપુલના વસવાટ દરમ્યાન સારાહે આ નાટકમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે. તમને ખબર હશે કે જહાજનો આવવાનો માર્ગ છે બેલફાસ્ટ, ડબ્લિન અને

ચૅટરફોર્ડ. ખૂન કરીને બ્રાઉનર તરત એની સ્ટીમર મે-ડે પર ચડી ગયો હશે અને પહેલા જ બંદર બેલફાસ્ટથી એણે આ પાર્સલ કર્યુ હશે.

આ દરમ્યાન એક અન્ય વિચાર મને સતાવતો હતો: કદાચ કોઇ નિષ્ફળ પ્રેમીએ મિ. અને મિસિસ બ્રાઉનરની હત્યા કરી હોય તો? આ વિષે મેં લીવરપુલ પોલીસ-દળના મારા મિત્ર એલ્જરને બે મુદ્દાઓ પર તપાસ કરવા તાર કર્યો: મિસિસ બ્રાઉનર ઘેર જ છે કે નહિ અને બ્રાઉનર મે-ડે જહાજમાં રવાના થયો છે કે નહિ. પછી આપણે સારાહને મળવા વેલિંગ્ટન ગયા.

મારી ઇચ્છા સારાહના કાન સાથે મૃત કાનને સરખાવવાની હતી. મને ખાતરી હતી કે સમસ્ત ક્રૉયડનમાં ચર્ચાસ્પદ બનેલા પ્રશ્નથી એ ચાલાક સ્ત્રી ચેતી જશે. બન્યું પણ એવું જ—સારાહના મગજની બીમારીના બહાનાએ મારી ધારણાને વેગ આપ્યો.

અંતે, પોલીસ સ્ટેશને મળેલા તારે બધું સ્પષ્ટ કરી આપ્યું. મિસિસ બ્રાઉનરનું ઘર ત્રણ દિવસથી બંધ હતું: સગાંઓને મળવા એ દક્ષિણ તરફ ગઈ છે એવી બાતમી એલ્જરે મોકલી હતી. બ્રાઉનર મે-ડેમાં રવાના થયો છે એ વિગત એને કંપનીની ઑફિસમાંથી મળી ગએલી.

'અને,' સોફામાંથી શરીર લંબાવતાં લંબાવતાં પોતાનું બયાન પૂરું કરતાં શેરલૉક હોમ્સે કહ્યું, 'કાલે રાત્રે ટેમ્સ નદી પર લેસ્ટ્રેડ સ્વાગત કરી લેશે, પછી આપણને ખૂનીનું દૃષ્ટિબિંદુ પણ મળી રહેશે.'

અને હોમ્સનું કહેવું સાચું પડ્યું. બે દિવસ બાદ એક મોટા લિફાફામાં ટાઈપ કરેલાં કાગળિયાં સાથે લેસ્ટ્રેડનો પત્ર આવ્યો: 'શેડવેલ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર મૉન્ટગોમરી સમક્ષ જિમ બ્રાઉનરે કરેલા એકરારનો અક્ષરશઃ અહેવાલ આ સાથે મોકલ્યો છે.'

હોમ્સે ખૂની જિમ બ્રાઉનરનું બયાન વાંચવા માંડ્યું:

મારે શું કહેવાનું બાકી છે? કદાચ દિલ ખોલીને થોડી સ્પષ્ટતા કરી લેવાનું. મને જરા ય ફિકર નથી કે તમે મને ફાંસીએ ચડાવો યા છોડી મૂકો. હું ખરેખર કહું છું કે જ્યારથી એ પ્રકરણ બની ગયું છે ત્યારથી હું સૂઈ શક્યો નથી. મારી સામે બંનેના ચહેરા આવ્યા કરે છે—એક પછી એક...

ખેર! એ બધું અસંગત છે. હું શરાબી હતો એ બરાબર છે, પણ આ બધાંનું કારણ કોણ?—સારાહ કશિંગ. ખરાબી એ હતી કે સારાહ મને ચાહતી હતી. એણે મને ચાહ્યા કર્યું, પણ જ્યારે એને ખબર પડી કે મારા હૃદયમાં માત્ર મેરી માટે જ સ્થાન છે ત્યારે એનો એ પ્રેમ ઝેરી ઈર્ષ્યામાં ઓગળી ગયો.

એ ત્રણ બહેનો હતી. પહેલી સુસન સાદી, સીધી, સમજદાર ઓરત હતી. બીજી સારાહ બદમાશ હતી, જ્યારે ત્રીજી મેરી દેવી હતી. મારા લગ્ન સમયે સારાહ ૩૩ની હતી અને મેરી ૨૯ વર્ષની હતી. લીવરપુલમાં મેં ને મેરીએ ગાળેલા લગ્નજીવનના દિવસો મારા જીવનના શ્રેષ્ઠ દિવસો હતા. પછી અમે સારાહને અમારી સાથે રહેવા બોલાવી—એક અઠવાડિયા માટે. સારાહ આવી અને મહિનાઓ સુધી અમારી સાથે રહી. એ વખતે હું શરાબ પીતો ન હતો.

શનિ-રવિવારે હું ઘેર આવતો. કોઈ કોઈ વખત સ્ટીમરનું રોકાણ લંબાય ત્યારે હું આખું સપ્તાહ ઘેર જ રહેતો. આ દિવસો દરમ્યાન હું સારાહના વધુ પરિચયમાં આવ્યો. પણ મેરી માટે તો મારા દિલમાં હમેશાં પ્રથમ સ્થાન હતું.

એક સાંજે હું સ્ટીમર પરથી આવ્યો ત્યારે મેરી ઘેર ન હતી. મેં પૂછ્યું, 'મેરી ક્યાં છે?' સારાહે ઉત્તર આપ્યો કે એ બહાર હિસાબ ચૂકવવા ગઈ છે. હું જરા અશાંત થઈ ગયો હતો. સારાહે કટાક્ષ કર્યો, 'જિમ! મેરી વિના પાંચ મિનિટ પણ રહી શકતો નથી? મારી સાથે થોડો વખત પણ રહેવું તને ગમતું નથી?' સારાહે મારો હાથ પોતાના બન્ને હાથમાં લઈ લીધો. સારાહનું આખું બદન ગરમ થઈ ગયું હતું. મેં એની આંખોમાં જોયું અને એનો ઇરાદો વાંચી લીધો. મેં નફરતથી હાથ ખેંચી લીધો અને એક ક્ષણ અમારી આંખો અથડાઈ. સારાહ એક શેતાની હાસ્ય કરીને બોલી 'જિમ... જિમ!' ને કમરાની બહાર દોડી ગઈ. એ દિવસથી નિષ્ફળ થએલી સારાહે મારી જિંદગી સળગાવવી શરૂ કરી.

મેરીને—બાળક જેવી નિર્દોષ મેરીને મેં આ કહેવું ઉચિત ન ધાર્યું. પણ સારાહ અને મેરી મળતાં રહેતાં. મેરી પણ મને બદલાતી લાગી—મારા જીવનમાંથી શાંતિ જવા લાગી અને મેં શરાબનો સહારો લીધો. કદાચ મારી ભૂલ હશે, મૂર્ખાઇ હશે—ગમે તે હોય. મેરી મારાથી દૂર ને દૂર ખસતી ગઈ અને પેલો જાનવર ટપકી પડ્યો—ઍલેક ફેરબર્ન!

ઍલેક ફેરબર્ન અરધી દુનિયા ઘૂમી આવેલો હતો, મારાથી વધુ ખૂબસૂરત હતો, હોશિયાર હતો. મારા ઘરમાં એ વારંવાર આવતો. મારે કોઈ વિરોધ ન હતો, મને શંકા પણ ન હતી. એટલામાં એક કિસ્સો બની ગયો જેણે મારી આંખો ઉઘાડી દીધી. એક સાંજે હું એકાએક ઘેર આવ્યો. દરવાજામાં અવાજ સાંભળીને મારી પત્નીનો ઝળકી ઊઠેલો ચહેરો મેં જોઈ લીધો. જ્યારે એણે મને જોયો ત્યારે ફસાઈ ગએલા ગુનેગારની જેમ એ હતાશ થઈ ગઈ. મારે માટે આટલું પૂરતું હતું. મેં પાગલની જેમ ધ્રૂજીને કહ્યું, 'એ કમબખ્ત ઍલેક હવે આવશે તો જીવતો પાછો નહિ જાય!' મેરીએ દોડીને મારો હાથ પકડી લીધો, 'નહિ, જિમ, નહિ.' મેં અંદર જઇને સારાહને કહી દીધું કે મારા ઘરમાં હવે ઍલેકને આવવાનું નથી. સારાહે કહ્યું, 'જો મારા મિત્રોની તને ઇજ્જત નથી તો હું અહીં રહેવા માગતી નથી.' મેં એને સંભળાવી દીધું કે 'એ ગમે તે હોય, પણ જો ઍલેક આ તરફ પાછો ફરક્યો છે તો હું તને એનો કાન કાપીને ભેટ મોકલીશ!' સારાહ ડરથી ચૂપ થઈ ગઈ અને એ જ સાંજે મારું ઘર છોડીને ચાલી ગઈ.

સારાહે મારા ઘરથી થોડે દૂર જગ્યા લીધી અને ખલાસીઓની વીશી ચલાવવા લાગી. ઍલેક પણ ત્યાં જતો-આવતો, મેરી પણ બહેનને મળવા જતી. એક દિવસ હું મેરીની પાછળ પાછળ સારાહને ત્યાં ગયો ત્યારે ઍલેક બેઠો હતો. મને જોઇને એ દીવાલ કૂદીને ભાગી ગયો. મેં મેરીને કહ્યું કે હવે જો આવું બન્યું છે તો હું તને કાપી નાખીશ. મેરી ભયથી રડવા લાગી. હું એને ઘેર લઇ આવ્યો, પરંતુ અમારા વચ્ચે પ્રેમ જેવું કંઈ જ રહ્યું ન હતું. સારાહ પણ ધંધો ન ચાલવાથી એની મોટી બહેન સુસન પાસે ક્રૉયડન ચાલી ગઈ.

આખરે ગયે અઠવાડિયે અંત આવી ગયો. મારું જહાજ મે-ડે અઠવાડિયાની સફરે જવાનું હતું, પણ મશીનની ગરબડથી બાર કલાક બારામાં જ રોકાઈ ગયું. હું મેરીને મળવા ઘર તરફ આવતો હતો ત્યાં એક ઘોડાગાડી મારી પાસેથી પસાર થઈ ગઈ. એમાં મેરી અને ઍલેક બેઠાં હતાં, હસતાં હતાં—અને હું ફૂટપાથ પર ઊભો હતો! મારો દિમાગ દ્વેષથી જલી ઊઠ્યો! પરિસ્થિતિ બેકાબૂ બનતી જતી હતી. હું ઓકની એક મજબૂત લાકડી લઇને એમની પાછળ ગયો. સ્ટેશને જઇને એમણે ન્યુ બ્રાઇટનની બે ટિકિટો લીધી. હું એમની પાછળ જ હતો. ન્યૂ બ્રાઇટન જઇને એ 'પૅરેડ' પર ફરવા માંડ્યાં. હું એમનાથી માત્ર સો ગજ દૂર હતો. દિવસ જરા ગરમ હતો એટલે નદીની હવા ઠંડી હશે એમ ધારીને એમણે એક હોડી ભાડે કરી. મને મોકો મળી ગયો. હું પણ એક હોડી લઇને પાછળ ગયો. નદીના ધુમ્મસમાંથી એમની આકૃતિઓ દેખાતી હતી. કિનારાથી એકાદ માઈલ દૂર મેં એમને પકડી પાડ્યાં...

એ ચહેરા હું કોઈ દિવસ નહિ ભૂલું—જ્યારે એમને ખબર પડી કે એમની પાછળ આવનાર બીજો કોઈ નહિ પણ જિમ બ્રાઉનર હતો!

મારી આંખોમાં ઍલેકે મોત જોઈ લીધું હશે. એણે હલેસું ઉઠાવીને મને જોરથી માર્યું. હું ખસી ગયો. મારો દંડો ઍલેકના માથા પર પડયો ને એનું માથું ઇંડાની જેમ ફૂટયું. મેરીને મારવાની મારી ઇચ્છા ન હતી. પણ એણે ઍલેકને બાથ ભીડીને જોરથી ચિલ્કાર કરવા માંડયો 'ઍલેક... ઍલેક!' મેં ફરી ફટકો માર્યો–લોહી ચાટી ગએલા જાનવરની માફક! મેરી બેહોશ હતી. મારી છરીનું ચકચકિત પાનું તૃપ્ત થયું; ત્યાં મને સારાહનો વિચાર આવ્યો. સારાહ અહીં હોત તો મેં એના પણ આ જ હાલ કર્યા હોત. એકાએક મને સૂઝયું–સારાહને કાનની ભેટ મોકલવાનું, અને હું પાશવી આનંદથી નાચી ઊઠયો.

બન્ને લાશોને હોડી સાથે બાંધીને મેં હોડીનું નીચેનું પાટિયું તોડી નાખ્યું. ધીરેધીરે લાશો ઘેરા પાણીમાં અદૃશ્ય થઈ ગઈ. હોડીના માલિકે ધાર્યું હશે કે એ બન્ને સમુદ્ર તરફ ખેંચાઇ ગયાં હશે. હું હાથ સાફ કરીને કિનારે આવ્યો ને કોઇને લેશમાત્ર શંકા આવે એ પહેલાં જહાજમાં પાછો આવી ગયો. રાત્રે મેં મિસ સારાહ કશિંગ માટે પાર્સલ બનાવ્યું અને સવારે બેલફાસ્ટથી પોસ્ટ કરી દીધું.

બસ, આ છે મારી વાત. તમે મને તમારી ઇચ્છા મુજબ જે કરવું હોય એ કરી શકો છો. સજા મને કુદરતે આપી જ દીધી છે. ધુમ્મસમાં ચમકી રહેલી એ બે ખૂબસૂરત લોહિયાળી સૂરતો હજી મારી આંખ આગળથી ખસતી નથી. મેં એમને ઝડપથી ખતમ કર્યાં, એ મને ધીરેધીરે ચૂસી રહ્યાં છે. હવે જો એક રાત તમે મને એકલો રાખશો તો બીજી સવારે મારું મુડદું જ તમને મળશે, અથવા હું પાગલ થઈ જઈશ . . .'

કાગળો ટેબલ પર મૂકીને શેરલૉક હોમ્સે ચૂંગી સળગાવી અને હું ધુમાડા નીપાછળ સ્થિર થઈ ગએલી એ ડિટેક્ટિવની રેખાને જોઇ રહ્યો.

અનુસંધાન] **મોતિયો** [પૃ. ૪૮૪થી

ખાનાં બને છે. આગલા ખાનામાં નેત્રજળ (aqueous humour) નામે પ્રવાહી હોય છે. નેત્રજળનું કામ કૉર્નિયા અને નેત્રમણિને પોષણ આપવાનું છે. નેત્રજળને વહી જનારી નલિકા બંધ થાય કે એનું પ્રમાણ વધી પડે કે બંને કારણો એકઠાં થાય ત્યારે નેત્રજળનું આંખની અંદર દબાણ વધવાથી ઝામરનો રોગ થઈ આવે છે.

ઝામરના બે પ્રકાર છે. એક પ્રકાર છે chronic simple glaucona. એ ધીમે ધીમે કોઈ પણ જાતનાં ચિહ્નો વિના શરૂ થાય છે. સ્ત્રી અને પુરુષ બંનેને પિસ્તાલીસથી પંચાવન વયની આસપાસ આ રોગ થઈ આવે છે. એનાં દર્શક ચિહ્નોમાં લાંબા વખત સુધી ટેબલ પર કામ કર્યા બાદ માથાનો અને આંખનો મંદ દુખાવો થઈઆવે છે, જે આરામ કે ઊંઘ બાદ મટી જાય છે. વૃદ્ધાવસ્થાનાં ચશ્માંનો નંબર વારંવાર બદલવો પડે એ ઝામરની ખાસ નિશાની છે. કોઈક દાખલામાં દીવાની આસપાસ ગોળ કૂંડાળાં કે મેઘધનુષના રંગ જોવાની ફરિયાદ હોય છે. વળી ઝાંખા પ્રકાશમાં જોવા માટે વધારે વખત લાગે એ પણ આ રોગની શંકા ઊભી કરનાર ચિહ્ન છે. આ બધાં ચિહ્નોના નિવારણ માટે મોટા ભાગના લોકો બિલકુલ દરકાર રાખ્યા વગર ઝામરવાળી આંખે અંધાપો અને બીજી આંખમાં પણ દૃષ્ટિબગાડો વહોરીને સારવાર માટે દોડાદોડ કરે છે.

બીજા પ્રકારનો ઝામર acute primary gloucona મોટા ભાગે પચાસથી સાઠ વર્ષની સ્ત્રીઓને લાગુ પડે છે. આ વ્યક્તિઓ અતિશય તંગ મનની અને ચિંતા કરનારી હોય છે. ચિંતા, ફિકર, વધારે કામ કે ઉશ્કેરાટ પછી આંખમાં સણકા ઊપડી આવે છે. આંખમાં નથી હોતી લાલાશ કે નથી દેખાતો બગાડો. આરામ કે ઊંઘ બાદ સણકા મટી જાય છે. શરૂમાં સણકા અવારનવાર થયા બાદ તે વારંવાર થાય છે, આંખ લાલ બને છે, દૃષ્ટિ ઘટવા માંડે છે. સણકા સાથે ઊબકા, ઊલટી અને થોડો તાવ પણ હોય છે. તીવ્ર હુમલામાં પોપચાંનો સોજો અને કીકી પહોળી થાય છે. દરદી ખરેખર માંદો દેખાય છે. એક વાર પુષ્કળ સણકા ઊપડયા બાદ આંખ અંધ બની જાય છે. જો તાત્કાલિક ઉપચાર ન થાય તો કાયમી અંધાપો આવી પડે છે. થોડા દાખલામાં આપોઆપ હુમલો શમી જઇ રોગ ચિરસ્થાયી (chronic) બને છે. આમાં પણ અવારનાર હુમલા આવી છેવટે અંધાપો આવે છે.

ઝામરમાં આંખે સણકા ઊપડે કે તરત જ દાક્તરની સારવાર લેવી અગત્યની છે. દુઃખદાયક બીના તો એ છે કે સારવાર લીધા છતાં પણ આ દર્દમાં કોઈક દાખલામાં આંખ જાય છે. (હવે પછી 'હોજરીનું ચાંદું')

નવાં પુસ્તકો

ફૂલ ફાગણનાં: ભાવ અને ભાવનાપ્રધાન સૌંદર્યલક્ષી લયમધુર ગીતો, લેખક ને પ્રકાશક: મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય, ૧૧૯૨ કૃષ્ણનગર, ભાવનગર, ૧-૪-૦; **જીવન અને વિજ્ઞાન ભાગ ૧-૨**: રોજિંદા જીવન-વ્યવહારમાં ઊભા થતા પ્રશ્નોને સમજવાની વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિને પોષક ને ઉપકારક અનુક્રમે ગુજરાતી આઠમા ને નવમા ધોરણ માટેનાં પાઠય પુસ્તક, પ્રકાશક: અનડા બુક ડીપો, ગાંધી રસ્તો, અમદાવાદ, અનુક્રમે ૧-૭-૦, ૧-૬-૦.

અખિલ ભારત સર્વ-સેવા-સંઘ(રાજઘાટ, કાશી)**નાં હિંદી પ્રકાશનો: त्रिवेणी**: પૂ. વિનોબા ભાવેનાં ભાષણોમાં આવેલાં વેદોપનિષદ, રામાયણ, ગીતા આદિનાં વચનો અને તે પર વિનોબાજીએ કરેલાં વિવરણોનો સંગ્રહ, સંકલનકર્તા: નિર્મલા દેશપાંડે, ૦-૮-૦; **पावन-प्रसंग**: વિનોબાજીના ભૂદાન-યાત્રા દરમ્યાનના કેટલાક પાવન પ્રસંગો, સરળ ને હૃદયસ્પર્શી શૈલીમાં, ૦-૬-૦; **भूदान-आरोहण**: ભૂદાન-યજ્ઞ આંદોલનના ઉદ્ભવ અને વિકાસનું નારાયણ દેસાઇએ સજીવ ભાષામાં કરેલું સારગર્ભિત વિવેચન, ૦-૮-૦; **विनोबा भावे के साथ** લેખિકા નિર્મલા દેશપાંડેએ ઉત્તરપ્રદેશ ને બિહારની વિનોબાજીની પદ-યાત્રામાં ચાર માસ સુધી સાથે રહી નિરૂપેલાં તે યાત્રાનાં હૃદયંગમ સંસ્મરણો, ૧-૦-૦; **साहित्यिकों से** વિનોબાજીના સાહિત્ય ને સાહિત્યકાર-વિષયક મનનીય લેખો; ૦-૮-૦; **गाँव-गाँव में स्वराज्य**: ગામડાંઓમાં સાચા અર્થનું સ્વરાજ્ય શી રીતે સ્થપાય તે સમજાવતી પૂ. વિનોબા ભાવેની સરળ ને મનનીય પુસ્તિકા, ૦-૨-૦; **गाँव का गोकुल**: ગામડાં આબાદ શી રીતે બને તેની ચર્ચા અને માર્ગદર્શન કરતી અપ્પાસાહેબ પટવર્ધનની મૂળ મરાઠી પુસ્તિકાનો અનુવાદ, ૦-૪-૦; **ग्रामराज**: બુનિયાદી તાલીમના અગ્રણી અભ્યાસી ધીરેન્દ્ર મજમુદારનું ગ્રામોદય વિષે દિશાસૂચન કરાવતું પુસ્તક, ૦-૪-૦; **नयी तालीम**: એ જ લેખકનું બુનિયાદી તાલીમ વિષેનું મનનીય પુસ્તક, ૦-૮-૦; **जीवन-दान**: ભૂદાનમૂલક ગ્રામોદ્યોગક્રાન્તિના એ શ્રેષ્ઠતમ માર્ગનો ઇતિહાસ અને પરિચય, ૦-૪-૦.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય (ગાંધી રસ્તો, અમદાવાદ)**નાં પ્રકાશનો: કંકાવટી ભાગ ૧ અને ૨**: ગુજરાતની વ્રતકથાઓનું ઝવેરચંદ મેઘાણીની કલમે આલેખાએલું રસળતું વર્ણન, દરેકના ૧-૮-૦; **સોહિણી સંથાર**: 'કાળભૈરવ'ના અનુસંધાનમાં આગળ વધતી ગુણવંતરાય આચાર્યની શૌર્યપ્રેરક નવલ, ૬-૮-૦; **પાગલની વહુ**: ડૉ. નરેશચન્દ્ર સેનગુપ્તની સર્વોત્તમ લાંબી વાર્તા 'પાગલ'નો રમણલાલ સોનીએ કરેલો સરળ ને પ્રવાહી અનુવાદ, ૧-૮-૦.

પ્રાચીન ભારતીય ચિત્રકારો
અને તેમની કૃતિઓ

શ્રી આનંદકૃષ્ણના
મૂળ હિંદી ઉપરથી
અનુવાદક
શાંતિ આંકડિયાકર


અજંતાની પહેલા નંબરની ગુફામાં આવેલું બોધિસત્ત્વ પદ્મપાણિનું સાતમી સદીનું વિખ્યાત ભીંતચિત્ર

ભારતના પ્રાચીન જીવનમાં ચિત્રપ્રેમ તો વણાઈ ગયો હતો. આપણા પ્રાચીન સાહિત્યગ્રંથોમાં ચિત્રકારોનાં નામોનો પણ ઉલ્લેખ છે. જોકે એ નામો કથા-સાહિત્યમાં આવે છે, એટલે કલ્પિત પણ હોઈ શકે. છતાં પણ એની પાછળ ઇતિહાસ છે, કારણ કે કથા-સાહિત્ય પણ ખાસ તો ઐતિહાસિક ઘટનાઓ પર જ આધારિત હોય છે.

ભારતીય ચિત્રકાર પોતાની કૃતિઓથી જ સંતુષ્ટ થઈ જતો. જાહેરમાં આવવાની એને પરવા નહોતી એમ જણાય છે. પરિણામે આજે કેટલીયે ભૂતકાલીન અલૌકિક કૃતિઓને જોઇને નમ્ર ભાવે માથું નમી પડે છે ત્યારે હૃદયના ઊંડાણમાંથી સ્વાભાવિકરીતે જ પ્રશ્ન ઊઠે છે કે કોણ હશે આ અદ્‌ભુત ચિત્રોના નિર્માતાઓ? કેવા ભવ્ય હશે એ?

સદીઓજૂનો ઇતિહાસ તેનો જવાબ આપી શકતો નથી. સંભવતઃ ચિત્રોની આ અલૌકિકતા જોઇને ૧૯મી સદીના ભારતીય ચિત્રકલા-પ્રેમી તિબેટી ઇતિહાસકાર તારાનાથે એના પ્રાચીન ચિત્રકારોને દેવ, નાગ આદિ નામ આપ્યાં : અર્થાત્ એ ચિત્રોને એણે અપૌરુષેય માન્યાં.

ઈસવી સનના પ્રારંભથી માંડી મધ્યકાળ સુધી ભારતીય ધર્મ તથા સંસ્કૃતિ એશિયાના હજાર-બે હજાર માઇલોના વિસ્તારોમાં પથરાએલાં હતાં. વિદ્વાનોએ એ વિસ્તારમાંથી જે ભીંતચિત્રોની મોટી પરંપરા શોધી કાઢી છે તે ચિત્રોની શૈલી મૂળે ભારતીય જ છે. પણ એ સમય દરમિયાનના માત્ર ટિએ નામક એક જ ચિત્રકારનું નામ હાથ લાગે છે.

એમાં બેસ્સંતર જાતકનું એક સુંદર ચિત્ર છે. એ ચિત્રની શૈલી તથા તેની નીચેના લખાણ પરથી અનુમાન થઈ શકે છે કે તે લગભગ ઈસવી સનની ચોથી સદીનું હશે. ઉપરાંત લેખ પરથી એમ પણ જાણવા મળે છે કે એ ચિત્રોના સર્જનના મહેનતાણા તરીકે તેને ત્રણ હજાર ભામક મળ્યા હતા! આનાથી આપણને તત્કાલીન ચિત્રકારોની આર્થિક તેમજ સમાશ્રયની પરિસ્થિતિનો ખયાલ આવે છે. ભારતીય ચિત્રકારો સંબંધે એ જૂનામાં જૂની માહિતી છે.

બાણ પોતાના 'હર્ષચરિત'માં પોતાના નાનાપણના ભેરુઓમાં વીરવર્મા (હર્ષચરિત પૃ. ૪૨) નામના ચિત્રકારનું પણ નામ દે છે. એક ઠેકાણે એક ઉપમામાં એણે એક મહત્ત્વપૂર્ણ વાત પણ કહી છે કે, ચિત્ર-

અજંતાની ચિત્રશૈલી સમગ્ર એશિયાના દેશોમાં વિસ્તરી ગઈ હતી, તે આ નીચે આપેલાં જુદા-જુદા દેશોમાં મળી આવેલાં પ્રાચીન ભીંતચિત્રોમાં જણાતા મળતાપણાથી પ્રતીત થશે. જમણી બાજુ—સિલોનની સિંહગિરિ ગુફાઓમાં પાંચમી સદીનું રાજરમણીનું ચિત્ર; વચ્ચે—જાપાનમાં નારાના મંદિરમાં બોધિસત્ત્વનું ચિત્ર; ડાબી બાજુઃ મધ્ય એશિયામાં દંડન ખાતે જળસુંદરીનું ચિત્ર





કાર કામ કરતી વેળા રંગની અનેક પ્યાલીથી ઘેરાએલો રહે છે (चित्रकार इव बहुमल्लकैः परिवृतः). ત્યાં સુધી ચિત્રવિધાન સંપૂર્ણ વિકસિત હતું એમ અગાઉના, તત્કાલીન તથા પાછળના વાઙ્મય-લેખો પરથી સ્પષ્ટ જણાય છે. એક ઠેકાણે રાજાએ કરેલા ચિત્રમાંના રંગો જોઇને વિદૂષક કહે છે કે એ એટલા તો પરિપુષ્ટ છે કે ચોળવા છતાંએ ઊખડતા નથી પરંતુ ઊલટા ચમકવા માંડે છે! આથી એમાં ગુંદર ભેળવાતો હશે એમ અનુમાન થઈ શકે છે. ચિત્રો પરત્વે અનેક પારિભાષિક શબ્દ, તેના ગુણદોષોની આલોચના તથા તેના શાસ્ત્ર સંબંધે અનેક ઉલ્લેખો અત્યારે મળવા માંડયા છે, પરંતુ તેમાં ક્યાં યે ચિત્રકારોનાં નામનો ઉલ્લેખ નથી જડતો! પ્રાચીન ચિત્રકારોની પોતા સબંધી આવી ઉદાસીનતાથી આપણે બિલકુલ અંધારામાં રહી જઇએ છીએ.

એ વખતે વર્ણવાદ ફેલાવા માંડયો હતો. એ વખતના ગ્રંથ 'મહાપુરાણ'માં ચિત્રકારોની જાતિનો ઉલ્લેખ છે. એ સમયે કલાકારોના અનેક વર્ગ શૂદ્ર જાતિની અંતગત રહેતા. ચિત્રકારો પણ એ જ વર્ગમાં ગણાયા. છતાં એ વખતે સમાજમાં ચિત્રકારો પ્રતિ આદરપૂર્ણ વ્યવહાર નજરે પડે છે. રાજસભાઓમાં પણ એમને આદરસત્કાર મળતો. ચિત્રકારો ત્યારે પોતે જુદી ગલી કે મહોલ્લો બાંધીને એકસાથે રહેતા, છતાં કથાઓના કથનાનુસાર ઘણા ચિત્રકારો ફરતા ચિત્રકારો પણ હતા. એઓ બગલમાં ઝોળી (વલ્ગુલિકા) મારીને એકથી બીજે રાજ્ય એમ આખો દેશ ઘૂમી વળતા. એ નવા રાજ્યની રાજધાનીમાં જઈ રાજાને બારણે આહ્વાન ટાંગી દેતા હતા કે 'તમારા રાજ્યમાં મારી જોડનો ચિત્રકાર હોય તો તે મારા જેવું ચિત્ર ચીતરી બતાવે!' જેને આ પડકાર ઝીલવો હોય તે આવીને એ ઉઠાવી લેતો. રાજાઓના દરબારમાં તસ્વીરો ચિતરાવીને તેમની પરીક્ષા કરવામાં આવતી. આવા ચિત્રકારો રાજકન્યાઓ તથા રાજકુમારોનાં વેવિશાળો નક્કી કરવાનું કામ પણ કરતા. કોઈ સુંદર રાજકન્યા તરફ આકર્ષણ કરવા માટે તેનું ચિત્ર પણ અનુકૂળ સમયે તે દોરી બતાવતા.

આ દરમિયાનનાં થોડાં નામોનાં પત્તો લાગ્યો છે. આપણે ઉપર તિબેટી ઇતિહાસકાર તારાનાથનો ઉલ્લેખ કરી ગયા છીએ. પાલ રાજાઓના આશ્રયે તથા અજંતાની સીધી પરંપરામાં એક ખાસ ચિત્રશૈલી ચાલી આવતી હતી એ પણ આપણે જાણીએ છીએ. આના જનક તરીકે ધર્મપાલ તથા દેવપાલ રાજાઓના આશ્રયે કામ કરતા વારેન્દ્રના ધીમાન નામના ચિત્રકારનો ઉલ્લેખ મળી આવે છે. એની શૈલી ઠેઠ નેપાલ સુધી ફેલાઈ. આ સિવાય એક બીજી જ શૈલી પર કામ કરનાર બિટપાલો નામના એક બીજા ચિત્રકારનું નામ પણ તે આપે છે. પરંતુ એનો ઉલ્લેખ સાતસો-આઠસો વરસ પછીનો છે એટલે એના પર કેટલું વજન આપવું જોઇએ એ પ્રશ્ન વિચારણીય છે.

તારાનાથના સંશોધનમાં મગધ દેશના બિંબિસાર નામે ચિત્રકારનું નામ પણ મળી આવે છે. એણે 'દેવો'ની પરંપરામાં એક નવી શૈલીનો પ્રાદુર્ભાવ કર્યો, અને એનાં શિલ્પોની સંખ્યા પણ પુષ્કળ મળી છે. ધીમેધીમે એ શૈલીનું નામ 'મગધ-શૈલી' પડી ગયું! એ પોતે મૂર્તિકાર પણ હતો. તારાનાથના કહેવા પ્રમાણે એ ઉત્તર ગુપ્તકાળમાં જન્મ્યો હતો. ત્યાર પછી શૃંગધર (શાર્ઙ્ગધર?–ઈ. સ. ૬૧૦-૬૫૦) નામના બીજા ચિત્રકારનો ઉલ્લેખ છે. એનું જન્મસ્થળ રાજસ્થાન હતું અને એ રાજસ્થાની શૈલીનો ઉત્કૃષ્ટ ચિત્રકાર અને પૂર્વજ હતો. આ સિવાય તારાનાથ એક 'કાશ્મીર શૈલી'નો પણ ઉલ્લેખ કરે છે. એ એક મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ છે અને તેની પાછળ ખૂબ જ સંશોધન-કાર્ય કરવાની જરૂર છે. એ કાશ્મીર-શૈલીનો પ્રવર્તક હસુરાજ નામનો ચિત્રકાર હતો.

આ બાજુ મધ્યકાળમાં સમસ્ત ભારત દેશમાં ચિત્રકળાની અપભ્રંશ શૈલી વ્યાપી ગઈ હતી. એને 'જૈન શૈલી' તરીકે સાબિત કરવાના ઘણા પ્રયત્નો થયા છે, પરંતુ એ અવૈજ્ઞાનિક નામને માટે આટલું જ કહેવું બસ થશે કે વસ્તુતઃ આપણા દેશમાં એવી સંપ્રદાય-લક્ષી સાહિત્યિક તથા સંગીત યા કલાની શૈલીઓ માટે કોઈ પ્રતીતિજનક પ્રમાણ નથી મળતાં. થોડા વખત પછી એવી પણ માન્યતા ફેલાઈ કે આવાં ક્ષુદ્ર ચિત્રો ચીતરનાર ચિત્રવિદ્યાથી બિલકુલ અપરિચિત એવા જૈન સાધુઓ હશે. પરંતુ હવે મળી રહેલાં પ્રમાણો પરથી આપણા વિદ્વાનોનો એ ભ્રમ ભાંગી જાય છે અને સિદ્ધ થાય છે કે એ ચિત્રો શિખાઉ યા અશાસ્ત્રીય ચિત્રવિદ્યા જાણનાર ચિત્રકારોનાં છે. શિખાઉ ચિત્રકારો પોથીના હાંસિયા પર ગમેતેમ ચિત્રો દોરી કાઢતા અને એમાં રંગ પૂરતા. આવી આકૃતિઓને બીજચિત્ર કહેવામાં આવે છે. નિરક્ષર ચિત્રકારોએ ક્યાંક ક્યાંક પ્રસંગથી વિરુદ્ધ ચિત્રો પણ દોરી કાઢ્યાં છે! શ્રી સારાભાઈ નવાબ પ્રકાશિત 'ભારતીય વિદ્યા'માં આ શૈલીના બે ચિત્રકારોનાં નામ આપ્યાં છે, જે પરથી લાગે છે કે તે જૈન સાધુઓ નહોતા.

વસ્તુતઃ એ કૃતિઓ પરથી સ્પષ્ટ જણાય છે કે એ આલેખન ચિત્રકારોની કોઈ એવી જાતિ કે વર્ગનાં છે કે જેઓ આજની 'નાથદ્વારા' શૈલીની જેમ જૂની ઘસાએલી પરંપરાને સાચવી રાખવા ચીતર્યે જતા હતા અને એથી કલાની દૃષ્ટિએ એનું ખાસ મહત્ત્વ નથી.

પ્રાક્-મુઘલ સમયમાં ભારતીય નવજાગ્રતિનો યુગ આવ્યો. ચિત્રકળા પણ એમાં પાછળ ન રહી શકી. એ સમયે ચિત્રવિદ્યામાં નવો પ્રાણ પુરાવા લાગ્યો અને રાજસ્થાન શૈલીનો જન્મ થયો. એ શૈલીના તો અનેક ચિત્રકારોનાં નામ એમની કૃતિઓ પરથી મળવા લાગ્યાં છે. પરંતુ અહીં એ બંને ચિત્ર-શૈલીઓના સંધિસ્થળવાળા એક ચિત્રકારની માહિતી અસ્થાને નહિ ગણાય. એ ચિત્રકારની એક કૃતિ જોધપુરના સરદાર-સંગ્રહાલયમાં છે જેનો વિષય ભાગવતના દશમ સ્કંધનો છે. એ ચિત્રકારનું નામ નારદપુત્ર ગોવિંદ ને ચિત્ર ઇ.૧૬૧૦ની આસપાસનું છે.

આ સયમ અગાઉ એટલે કે લગભગ ઈ. ૧૫૫૦-૧૫૬૦ દરમ્યાન રાજસ્થાની ચિત્રોનો ઉદ્ભવ થયાનાં પ્રમાણો તો મળી રહે છે, પણ એ શૈલીના ચિત્રકારોનાં નામ તો ૧૭મી સદીના આરંભમાં જ મળે છે. એ પહેલાંનાં ચિત્રો કે ચિત્રકારોનાં નામ મળ્યાં નથી. આથી સર્વપ્રથમ અકબર-શૈલીના ચિત્રકારોની ચર્ચા કરી લેવી ઉચિત ગણાશે.

અકબરના આશ્રયે કામ કરતા લગભગ એકસો ચિત્રકારોનાં નામ મળી ચૂક્યાં છે. દિલગીરી તો એ વાતની છે કે એ વખતના સર્વપ્રથમ ચિત્રિત ગ્રંથ 'હમ્ઝાનામા'માં ચિત્રકારોનાં નામોનો ઉલ્લેખ નથી. 'હમ્ઝાનામા'ની ચિત્રશૈલી પૂરતી વિકસેલી છે અને ચિત્રો ચિત્રકળાના બધા જ ગુણોથી સંપન્ન છે. એનાં આલેખન વેગપૂર્ણ તથા જીવંત છે. અદ્ભુત રસના આલેખનમાં તો એ ચિત્રકારોએ અલૌકિક સફળતા પ્રાપ્ત કરી હતી. શૈલીની દૃષ્ટિએ જોઇએ તો એમાં ઈરાની તથા ભારતીય તત્ત્વનો સમન્વય છે, પરંતુ મુખ્યત્વે એ ભારતીય ચિત્રકારોએ દોરેલાં હોઈ તથા બાદશાહની દૃષ્ટિ ઉદાર તથા વ્યાપક હોવાથી તેમાં ભારતીય તત્ત્વ પ્રધાનપણે જણાય છે. ખ્વાજા અબ્દુસ્સમદ તથા મીર સૈયદ અલી 'જુદાઇ' જેવા ઈરાની શૈલીના ચિત્રકારોનાં ચિત્રો પણ ભારતીય તત્ત્વથી ભરપૂર કેમ થયાં એ પ્રશ્નનો જવાબ અકબરને પૂરી રીતે જાણનારા જ આપી શકે.

અકબરકાલીન એ ચિત્રકારોએ મોટામોટા ગ્રંથો જેવા કે રામાયણ, મહાભારત, નળદમયંતી, પંચતંત્ર, કથાસરિત્સાગર, યોગવાસિષ્ઠ, હમ્ઝાનામા, શાહનામા, જફરનામા તવારીખ, ખાનદાન એ તૈમૂરિયા, બાબર-







ડાબી બાજુ : અજંતાની સીધી પરંપરા દર્શાવતું બિહાર–બંગાળની તાડપત્રની પોથી પરનું ૧૧મી સદીનું 'હરિત તારા'નું આલેખન; વચ્ચે : એ જ પરંપરાનું સીઆમના વટ સી જુમ, સુખોદય મુકામે ૧૪મી સદીનું પથ્થરમાં કોતરેલું દેવધર્મ જાતકનું ચિત્ર; જમણી બાજુ: એ જ પરંપરાની અપભ્રંશ શૈલીમાં આલેખાએલું બ્રહ્મદેશમાં પગાન મુકામે પચથોન્જુ મંદિરમાં જાતક કથાનું ભીંતચિત્ર, જેને મળતી જ અપભ્રંશ શૈલી પશ્ચિમ હિંદ–ગુજરાતમાં મધ્યકાળમાં પ્રચલિત હતી. એના નમૂના રૂપ પંદરમી સદીનું 'કલ્પસૂત્ર'ની જૈન પોથીમાંનું માતા ત્રિશલાનું ચિત્ર નીચે આપ્યું છે.

નામા, તવારીખે અલ્ફી, અકબરનામા, લયલા મજનૂ, ખમ્સાનિઝામી, તૂતીનામા, અજ્બુલ મખલૂકાત વગેરેને જે ચિત્રિત કર્યાં હતાં, તેમાંની ચિત્રકળા જોઇને આશ્ચર્યચકિત થઈ જવાય છે.

એ ચિત્રોમાં જુદાંજુદાં દશ્યોના આલેખનમાં આપણે એનો ઉત્તરોત્તર વિકાસ થતો જોઇ શકીએ છીએ. ખ્વાજા અબ્દુસ્સમદ વિષે આઇને અકબરી કહે છે: 'જ્યારથી શ્રીમાનની કૃપાદૃષ્ટિ એના પર પડી ત્યારથી એ કળાની બાહ્ય આકૃતિની અંદર બેઠેલા પોતાના અંતરાત્માની તરફ એ ગતિમાન થયા છે.' અકબરી ચિત્રકારો અંતરાત્માને તથા સ્વભાવને હૂબહૂ ચિત્રિત કરવાની કળામાં ખૂબ જ સફળ થયા છે. જે વિષયને એમણે હાથમાં લીધો—પછી ભલેને એ હમ્ઝાનામાનો પરીલોક હોય, કોઈ તૈમૂરવંશીનો અદ્‌ભુત ચરિત્રપ્રસંગ હોય, મહાભારતનો કોઇ વીરરસપૂર્ણ પ્રસંગ હોય, બાબરના કાવ્યપૂર્ણ કે કર્મઠ જીવનનો પ્રસંગ હોય યા અકબરના દૈનિક જીવનનની એકાદ ઘટના હોય—એને પૂરી માર્મિકતા તથા ભાવપૂર્વક એણે આલેખ્યો છે. ક્યાંકક્યાંક તો એનાં આલેખન-સંયોજન આજના સૌથી આધુનિક કલાકારોને પણ આશ્ચર્યચકિત કરી દે છે. આ રીતે પ્રસુપ્ત ભારતીય ચિત્રકળાને જાગૃત કરવાનું



મહત્ત્વપૂર્ણ કામ અકબર તથા એના આશ્રયે રહેનારા ચિત્રકારોએ કર્યું.

આ બધા ચિત્રકારોમાં દસવંતનું નામ સામર્થ્યવાન ચિત્રકાર તરીકે વધુ પ્રખ્યાત છે. એ જાતનો ભિસ્તી હતો અને પાલખી ઉપાડવાનો ધંધો કરતો હતો. ધંધો કરતાંકરતાં એ પોતાના આલેખન-પ્રેમને વ્યક્ત કરી ગમે ત્યાં ચીતર્યા કરતો. એક વાર અકબરની નજરે એનું ચિત્ર પડી ગયું અને તેણે આ ભાવિ ચિત્રકારની પ્રતિભા ઓળખી લીધી. બાદશાહે એને પોતાની પાસે રાખ્યો અને તાલીમ અપાવી શ્રેષ્ઠ ચિત્રકાર બનાવ્યો. 'આઈન'માં એની પ્રશંસા ખૂબ છે. એની પાસેથી મુખ્યત્વે ડ્રૉઇંગ-(તરાહ)નું કામ લેવાતું, જેમાં કલ્પનાશક્તિ તથા સામર્થ્યપૂર્ણ અંકનની ખાસ જરૂર હોય છે. એનાં ચિત્રો પરથી લાગે છે કે એ 'ડ્રૉઇંગ'માં ખૂબ જ નિપુણ હતો. એની સૌ પ્રથમ કૃતિઓ ઈ. ૧૫૮૨માં શરૂ થએલા 'રઝ્મનામા'માંથી મળે છે. 'હમ્ઝાનામા'માં યે એની ઘણી કૃતિઓ હતી પરંતુ તે હજુ સુધી હાથ લાગી નથી. 'ખાનદાન-એ-તૈમૂરિયા'નું પ્રથમ ચિત્ર પણ એણે ચીતરેલું. આ સિવાય આ પુસ્તકમાં એની બીજી કોઇ પણ કૃતિ હાથ લાગતી નથી, કારણ કે ઇ. ૧૫૮૪ની આસપાસ તો તેણે આપઘાત કરીને જીવનનો અંત આણ્યો હતો.

અકબરી ચિત્રકારોમાં બીજો નંબર બસાવનનો આવે છે. એની પણ અનેક કૃતિઓ હાથ લાગી છે જેમાં રઝ્મનામા, તવારીખ તથા અકબરનામા (ઈ. ૧૬૦૧)માં અહીંતહીં મળતી એની રચનાઓ મુખ્ય છે. એનાં ચિત્રોમાં પણ અનેક અદ્‌ભુત ગુણ નજરે ચડે છે. એના પુત્ર મનોહરે પોતાની ઈ. ૧૫૮૧ની સાલની છબી ચીતરી છે જેમાં તે ૧૬–૧૭ વર્ષનો કિશોર છે. આ ઉપરથી આપણે બસાવનની ઉમરનો અંદાજ કાઢી શકીએ છીએ.

એ વખતના, એટલેકે ઈ. ૧૫૯૦ના સુપ્રસિદ્ધ અકબરી ચિત્રકાર કેશવદાસની તો છબી પણ આજે મળે છે. એ ઘણી મહત્ત્વપૂર્ણ છબી તો ગણાય જ, પણ તે સાથે એમાં છબીની ઉન્નત કળાનું પ્રતિનિધિ ઉદાહરણ પણ મળી રહે છે. એમાં ચિત્રકારની તટસ્થ તથા નિરક્ષેપ રહેણીનું તથા એની નિરીહતાનું પણ અંકન છે. ઈ.૧૫૯૦માં તે આશરે ૮૦ વર્ષનો હતો. આ રીતે અકબરનામાનો 'કેશવ' તે આ કેશવદાસ નથી. એ 'કેશવ-કલાં' પણ નથી, કારણકે કેશવકલાંએ 'અકબરનામા'માં કામ કરેલું. વળી તે 'કેશવ ખુર્દ' હોવાનો પણ સંભવ નથી. એ 'કેશવ કહાર' પણ

નહિ, જેણે ઇ. ૧૫૯૩માં શરૂ થએલા 'બાબરનામા'માં કામ કરેલું. તેમજ એ 'કેશવ ગુજરાતી' પણ નથી, જેનું કામ માત્ર એક જ ગ્રંથ-માં—ચેસ્ટર બીટી સંગ્રહવાળા અકબરનામામાં છે; પણ એ ગ્રંથ ઘણું કરીને શાહી પ્રત નથી. એ પોતે 'રઝ્મનામા'માં કામ કરનાર કેશવ-દાસ છે. આ સાથે રજૂ કરેલી છબીમાં લખેલું નામ પણ એ જ રીતનું છે. છતાં પણ આ પ્રશ્ન ઉપર વિદ્વાનોએ અધિક શોધ કરવાની જરૂર છે, જેથી 'કેશવ' નામધારી જુદાજુદા ચિત્રકારો વિષે ભ્રમ ન રહે.

આ ચિત્રમાં એક વધુ મહત્ત્વની બીજી વાત પણ છે. ચિત્રકારના હાથમાં રહેલી અરજીમાં ચિત્રકારનું નામ, સંવત વગેરે છે. ચિત્રોની નીચે કારકુનોએ લખેલું ચિત્રકારનું નામ તો સેંકડો અકબરી ચિત્રોમાં મળી આવે છે, પરંતુ ખુદ ચિત્રકારે લખેલું નામ ઘણું દુર્લભ છે, અને એ દૃષ્ટિએ આ ચિત્ર પણ દુર્લભ છે. કેશવદાસનું આ ચિત્ર બર્લિન સંગ્રહાલયના પ્રસિદ્ધ જહાંગીરી ચિત્રસંગ્રહમાંથી મળી આવ્યું છે. એ ચિત્રાધારમાં બીજા બે ચિત્રકારોની પણ છબી છે, પણ એમાં ચિત્રકાર-નાં નામ નથી. જહાંગીરકાળમાં શાહી ચિત્રકારનું બિરુદ પામનાર દૌલતની છબી પણ અહીંથી મળી છે.

અન્ય અકબરી ચિત્રકારોમાં આટલા ઉલ્લેખનીય છે: લાલ, મુકુંદ, મિસ્કીન, ફર્રુખ કુલમાક, માધુ, જગન, મહેશ, ખેમકરણ, તારા, સાંવલા, હરબંસ, રામ વગેરે. આઇનમાં ઉપર્યુક્ત ચિત્રકારોને સર્વોત્કૃષ્ટ ચિત્રકારો તરીકે ગણાવ્યા છે અને એમની અનેક કૃતિઓ મળી આવી છે.

જહાંગીરે પણ ચિત્રકારોનું ખૂબ પ્રતિપાલન કર્યું. અનેક અકબરી ચિત્રકારો પણ આ યુગમાં વિદ્યમાન હતા, ઉપરાંત જૂના ચિત્રકારોના પુત્રો અને શિષ્યોએ પણ જહાંગીર કાળમાં સારો ફાળો આપ્યો હતો.

શાહી ચિત્રકારોનો કોઈ પુત્ર જો કલાકાર બનતો અને એને શાહી સેવામાં લેવાતો તો એ 'ખાનેઝાદા' કહેવાતો. પ્રસિદ્ધ કલા-કાર ભવાનીપ્રસાદનો પુત્ર ગોવર્ધન જહાંગીરકાળમાં ઘણી પ્રસિદ્ધિ પામ્યો. બસાવનનો પુત્ર મનોહર પણ સારો ચિત્રકાર હતો, જેનો ઉલ્લેખ ઉપર આવી ગયો. રામદાસનો પુત્ર નંદ, મુખલિસનો પુત્ર અલી, સૂરજી ગુજરાતીનો પુત્ર સંકજી, ઈસ્સરનો પુત્ર સૂરદાસ, સંબુલનો પુત્ર ફિરોઝ, અબુલ હસનનો ભાઇ આબિદ, મિસ્કીનનો ભાઈ આસી વગેરે પણ એ કાળના પ્રસિદ્ધ કલાકારો હતા. એ જ રીતે બર્લિન ચિત્ર-સંગ્રહમાં એક ઠેકાણે માધો ખાનાઝાદનું નામ આવે છે. એ પણ વંશ-પરંપરાગત ચિત્રકાર હતો. એ પ્રમાણે મન્સૂરના શિષ્યો પોતાના નામ સાથે 'નાદિરુલ્–અસ્ર' જોડતા હતા કારણકે જહાંગીરે પાછળથી મન્સૂર-ને 'નાદિરુલ્–અસ્ર'ની ઉપાધિ આપી હતી.

જહાંગીરકાલીન બે-ત્રણ ચિત્રકારોની છબીઓ મળી છે. એ ચિત્ર-કારોની કૃતિઓ પર વિચાર કરતાં પહેલાં એના વિષે પણ થોડું જોઇએ. આપણે ઉપર કેશવદાસની છબી સાથે જ બર્લિન ચિત્રાધારમાંથી મ-ળેલી બે અજ્ઞાત છબીઓની ચર્ચા કરી ચૂક્યા છીએ. એ છબીઓ અનામી હોવાથી એના વિષે વધારે વિચાર કરવો વ્યર્થ છે, પરંતુ એમાં બે ચિત્ર-કારોની પાઘડી લગભગ એકસરખી જ છે. એ પરથી એમ લાગે છે કે એઓ વંશપરંપરાગત ચિત્રકારનો ધંધો કરનારી કોઈ પેઢીના વંશજ છે. અકબરી ચિત્રકારોમાં પણ ગુજરાતી, કાશ્મીરી, ગ્વાલિયરી ચિત્રકારો-નાં નામ પણ એ વાતને પ્રમાણિત કરે છે કે તેઓ પ્રાંતપ્રાંતમાં ચાલતી આવેલી મધ્યકાલીન અપભ્રંશ શૈલીની પરંપરાના ચિત્રકારો હશે.

જહાંગીરકાલીન ચિત્રકારોની મળેલી છબીઓમાં એક મનોહરની કિશોરકાળની છબી પણ છે, જેનો ઉલ્લેખ આપણે ઉપર કરી ચૂક્યા છીએ. એક બીજા ચિત્રમાં ચિત્રકારનો નામાંકિત પથ્થર ઉપાડેલી એક વ્યક્તિનું ચિત્ર છે. એની મુખમુદ્રા પરથી એ ચિત્રકાર લાગે છે, અને ખરેખર એ ચિત્રકાર જ હોય તો તો પછી આપણને જહાંગીરના અત્યંત પ્રિય ચિત્રકાર અબુલ હસનનું ચિત્ર મળી જાય છે (જુઓ 'આર્ટ ઇન ઇન્ડિયા ઍન્ડ પાકિસ્તાન નં. ૭૦૭ માંહેનું વિશેષ વિવરણ). જહાં-ગીર અબુલ હસનના ઉમદા ગુણો પર ખુશ હતો. જહાંગીરે પોતાની આત્મકથામાં ઠેરઠેર અબુલ હસનની કૃતિઓની પ્રશંસા કરી છે. એક સ્થળે તો એણે આમ પણ લખ્યું છે: 'કદાચ ઈરાનના જૂના કલાગુરુઓ આના કાર્યને જોત તો દંગ થઈ જાત!' જહાંગીરે પોતાના રાજ્યારોહણ વખતનું ચિત્ર બનાવી આપવા બદલ એને 'નાદિરુઝ્ઝમાં'ની ઉપાધિ અર્પણ કરી હતી. અબુલ હસનની અનેક કલાકૃતિઓ અત્યારે પણ જોવા મળે છે. આ સિવાય જહાંગીરકાલીન દૌલત તથા મુસવ્વર નામના બે ચિત્રકારોની કલાકૃતિઓ પણ મળી આવે છે.


જહાંગીરકાળના અનેક ચિત્રકારોની મળી આવેલી કૃતિઓની અ-લગઅલગ આલોચના કરી શકાય તેમ છે, પરંતુ સ્થાનાભાવને લીધે અહીં તો માત્ર જહાંગીર શૈલીની મુખ્ય મુખ્ય વિશેષતાઓનો જ ઉલ્લેખ કરીશું. જુદાંજુદાં ચિત્રો પરથી એમ લાગે છે કે જહાંગીર ઘણો સૌંદર્ય-પ્રિય પ્રકૃતિનો હશે. એણે સૌંદર્યપ્રધાન ચિત્રશૈલીને વધારે મહત્ત્વ આ-પ્યું ગણાય છે, અને એમાંથી જ ધીરે ધીરે જહાંગીર શૈલીનો વિકાસ થયો. જહાંગીર કાળમાં ઉપર્યુક્ત ચિત્રકારો સિવાય નીચેના બીજા ચિત્ર-કારો પણ હતા: ગોવર્દ્ધન, પદારથ, પાક, ફર્રુખબેગ, બાલચંદ, બિચિનર, મનોહર, ઈનાયત, મુહમ્મદ, નાદિર સમરકંદી (જેણે ભારતીય શૈલી અપનાવી લાગે છે) તથા હાશિમ. આમની પણ અનેક કૃતિઓ મળે છે. એ પૈકી ખાસ કરીને બે જહાંગીરી ચિત્રકારોનો પરિચય અહીં આપ્યો છે:

(૧) બિશનદાસ: એ તસ્વીરો બનાવવામાં એટલો તો કાબેલ હતો કે ખુદ જહાંગીરે પણ એનાં ખૂબ વખાણ કર્યાં છે. એને જહાંગીરે ઈરા-નના શાહ અબ્બાસની છબી બનાવવા ત્યાં પણ મોકલ્યો હતો. અને પોતાને સોંપેલું કામ પૂરું કરી જ્યારે તે દિલ્હી પાછો ફર્યો ત્યારે બાદ-શાહની પ્રસન્નતાની સીમા ન રહી. તેણે એને હાથી આપ્યો અને તે પર સવાર થઈ ઘર સુધી લુટાવવા માટે રૂપિયા આપ્યા. એ કાળમાં આ મોટું સંમાન ગણાતું. એનું ચિત્ર સંયોગવશાત બૉસ્ટન સંગ્રહા-લયમાં છે. એની ઘણી કૃતિઓ મળી આવી છે, પરંતુ ભારત-કલા-ભવન-ના સંગ્રહમાં આવેલું 'સંત શેખ ફૂલના આશ્રમ'નું ચિત્ર ખૂબ પ્રસિદ્ધ છે તથા એ તેની પ્રતિનિધિ કૃતિ ગણાય છે.

(૨) ઉસ્તાદ મન્સૂર: એ પશુપક્ષી, ફળફૂલ તથા કુદરતી સૌંદર્યનાં ચિત્રો બનાવવામાં અસાધારણ સફળ થએલો માલૂમ પડે છે. પશુ-પક્ષીઓની બાહ્ય આકૃતિના જ્ઞાન ઉપરાંત એમના સ્વભાવનું ચિત્રણ કરવામાં પણ એ એક્કો હતો. આંતરસૌંદર્ય પ્રકટ કરવાની કળામાં એ કાબેલ હતો. ગીધ જેવા પક્ષીની સુંદરતા પણ એ અંકિત કરી શકતો. જહાંગીરની આત્મકથા પરથી માલૂમ પડે છે કે એણે ફૂલોનાં તો સેંકડો ચિત્રો તૈયાર કર્યાં હતાં. જહાંગીરે એને 'નાદિરુલ-અસ્ર'નો ખિતાબ આપ્યો હતો. એ વખતના ચિત્રકારોની કેટલી સદ્ધર આર્થિક સ્થિતિ હતી તેનો ખયાલ આ પરથી આવે છે કે ચિત્રકાર રહીમે બાદશાહને પ્રસિદ્ધ ઈરાની લેખક મીર અલીની લખેલી એક સચિત્ર પ્રતિ ભેટ આપી હતી જેનું મૂલ્ય એક હજાર મહોરનું હતું!

જહાંગીરી ચિત્રકારોમાંના અનેક શાહજહાંના કાળમાં પણ કાર્ય કરતા રહ્યા. આ કાળના નવા ચિત્રકારોમાં હોનહાર તથા ચતુરમણિ નામના બે ચિત્રકારોએ ખૂબ પ્રસિદ્ધિ મેળવી. જોકે એ વખતે હવે ચિત્રોમાં અગાઉ જેવી સજીવતા રહી ન હતી, છતાં તૈયારી અને મહીન-કારીમાં તો તે સૌથી આગળ હતા. બાદશાહની રુચિ પણ સંકુચિત થઈ હતી. આથી ચિત્રકારો પણ પોતાનાં ચિત્રો એને કેન્દ્રમાં રાખીને





પશુ, પક્ષી અને પુષ્પની ચિત્રણામાં મુઘલ કલાકારોએ અસાધારણ કુશળતા મેળવી હતી. એ સર્વમાં જહાંગીરના દરબારનો ઉસ્તાદ મન્સૂર શ્રેષ્ઠ ગણાઇ ગયો, તેની સાબિતી આ ઉપરનું ઝિબ્રાનું ચિત્ર આપશે. જાણે ફોટોગ્રાફ હોય એટલું તે આબેહૂબ છે. ડાબી બાજુ પુષ્પ છોડ પાસે ઊભેલું તેતર પણ એટલુંજ પ્રતીતિજનક છે. આવી મુઘલ કલા ઔરંગઝેબના કાળમાં આથમ્યા પછી તેની પરંપરા રાજસ્થાન અને હિમાલયની તળેટીનાં રાજપૂત રાજ્યોમાં ખીલી ઊઠી. નીચે : જયપુર શૈલીનું ૧૮મી સદીના અંતભાગનું એક લલિત રેખાંકન 'પ્રણય.' છેલ્લાં બે ચિત્રો લંડનના વિક્ટોરિયા–આલ્બર્ટ મ્યૂઝિયમના ચિત્રાલયમાં છે.

કરતા. છતાં અનેક ચિત્રો ખૂબ જ સુંદર અને કલામય હતાં. ચિત્રોની પશ્ચાદ્ભૂમિમાં ખૂબ સુંદર દશ્યો આલેખાતાં અને દરવેશોનાં ચિત્રોમાં ખૂબ સજીવતા જણાય છે. આ કાળમાં આવેલા એક-બે યુરોપીય પ્રવાસીઓના વિવરણ પરથી માલૂમ પડે છે કે ત્યારે સમાજમાં ચિત્રકારોનું જોઇએ એટલું સન્માન ન હતું. અને ત્યાર પછી તો, ઉત્તરોત્તર, ઔરંગઝેબની ધર્મચુસ્ત નીતિને કારણે તથા તે પછી મુઘલ સામ્રાજ્યના હ્રાસને લીધે મુઘલ-શૈલીની અવનતિ શરૂ થઇ, જેમાં વિલાસિતાપૂર્ણ ચિત્રોનું બાહુલ્ય જણાય છે. આ સમયે ચિત્રકારોનું મહેનતાણું પણ ઓછું થઇ ગયું હતું. આથી તેમના કામમાં એટલી તૈયારી રહી નહિ. આ વચગાળાના સમયમાં નિધ્ધામલ, ફૈઝુલ્લા, બહાદુરસિંહ, મહેરચંદ વગેરે ચિત્રકારો પ્રસિદ્ધ છે. નિધ્ધામલનાં ચિત્રોની તો એ સમયે પણ ઘણી માગ હતી. દૂરદૂર દક્ષિણના પેશવાઓ પણ શોખથી એનાં ચિત્રો મંગાવતા. છતાં દિલ્હી હવે ઉજ્જડ થઇ ગયું હતું અને આશ્રયને અભાવે કલાકારો અહીંતહીં અથડાતા. નિધ્ધામલ પણ દિલ્હી છોડી લખનૌ જતો રહ્યો હતો. આ રીતે મુઘલ ચિત્રકારો અહીંતહીં ચાલ્યા જવાને પરિણામે અમુકઅમુક સ્થળે ચિત્રકળાનો ખૂબ વિકાસ થયો જેમાં સર્વશ્રેષ્ઠ પહાડી શૈલી છે. એ ઉપરાંત દક્ષિણી શૈલી તથા રાજસ્થાન શૈલીની અંતર્ગત જયપુર શૈલી પણ આ રીતે જ વિકસિત થઈ. વખત જતાં ધીમેધીમે મુઘલ કલમ ઉપર પણ વિષય તથા શૈલીની દૃષ્ટિએ રાજસ્થાની પ્રભાવ વધતો ગયો અને આખરે એમાં એવી કક્ષા આવી કે જ્યાં નિર્ણય કરવો પણ મુશ્કેલ થઇ પડ્યો કે એ રાજસ્થાની શૈલી હશે કે મુઘલ.

ઉપર આપણે ૧૭મી સદીના રાજસ્થાની શૈલીના ચિત્રકારો વિષે જોઇ ગયા. તેઓમાં સૌથી પ્રાચીન નિસારદ્દીનનું નામ હમણાં હમણાં જાણવામાં આવ્યું છે. એણે ઈ. ૧૬૦૫માં તૈયાર કરેલી રાગમાળા ચિત્રાવલિ હાલમાં મળી આવી છે. એ ચિત્રાવલી તેણે ગાઉડ(?) નામના કોઇ સ્થળે તૈયાર કરી હતી. આમ આ રાજસ્થાની શૈલીમાં શરૂમાં અધિકાંશ મુસ્લિમ નામો પણ આવે છે. ઉસ્તાદ નૂરુદ્દીને રાય ભોજની છબી ૧૬૦૬માં તૈયાર કરી હતી. એના પર દક્ષિણી પ્રભાવ પણ પડ્યાનો થોડો સંભવ છે. આ જ પરંપરાનુવર્તી અનેક નામ બિકાનેર-નરેશના ખાનગી સંગ્રહમાંથી પ્રાપ્ત થયાં છે. ભાંડારકર રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટવાળા ભાગવતનો ચિત્રકાર સાહબદ્દીન (ઈ. ૧૬૪૯) હતો. આ નામો પરથી લાગે છે કે એ સૌ મધ્યકાલીન ચર્ચાવાળા શૂદ્રોની અંતર્ગત મનાતી ચિત્રકાર જાતિના હશે. આ રીતે ચિત્રકળાનો ધંધો કરતી ઘણી જાતિઓ પાછળથી મુસલમાન બની ગઇ હતી. શરૂની રાજસ્થાની શૈલીમાં મનોહર (ઈ. ૧૬૫૦) તથા નરસિંહગઢવાળા માધવદાસ(૧૬૮૦)ની પણ કૃતિઓ મળી આવે છે. જહાંગીરકાળના મૂળ રાજસ્થાની કલાકાર પરંતુ મુઘલ શૈલીની અત્યંત નિકટ શૈલીવાળા ઉસ્તાદ શાલિવાહનની કલાકૃતિઓ પણ મળી છે. એની એક કૃતિ પર એણે જે સંવત લખેલી છે એ સંવતનો સમય બરાબર ઈ. ૧૬૨૪નો છે. તેનાં ચિત્રોમાં પરંપરાગત આલેખન નવીન ઉત્થાન પામીને નવા અને વિકસિત રૂપમાં દૃષ્ટિગોચર થાય છે. એમાં આલંકારિક આલેખન, બાંધો (સુંદર આયોજન) તથા રંગની વિલક્ષણ છટા નજરે પડે છે.





↑વેણીગૂંથન : ઔરંગઝેબના સમયથી શાહી આશ્રય બંધ પડતાં ચિત્રકળા રાજસ્થાન અને હિમાલયની તળેટીનાં પહાડી રાજ્યોમાં કોળી ઊઠી. તેમાં પહાડી કળા તેના લાલિત્યથી ભારતીય શૈલીઓમાં પ્રશસ્ય સ્થાન પામી તેનું આ ૧૯મી સદીનું એક શ્રેષ્ઠ ઉદાહરણ છે.

અને આ કાળ પછી તો અનેક રાજસ્થાની ચિત્રકારોનાં નામ મળી આવ્યાં છે. ખાસ કરીને ચિત્રોની પાછલી બાજુની નોંધો, જે ચિત્રભંડારના અધિકારી લખતા હતા તેમાં ચિત્રકારનાં નામ–સમય લખેલાં મળે છે. ક્યારેક તો ભંડારના અધિકારી ચિત્રમાં થએલા ખર્ચનો પણ તેની સાથે ઉલ્લેખ કરે છે. એ વખતના રાજસ્થાની ચિત્રકારોની આર્થિક સ્થિતિ સારી ગણાતી. એ સમયના ચિત્રકારને એક છબીમાંથી વીસ-પચ્ચીસ રૂપિયા જેટલી આવક થઈ રહેતી, જે ત્યારની સામાજિક અવસ્થાનુસાર ઓછી ન હતી. 'રાગમાળા–ચિત્રો' તો રાજસ્થાની ચિત્રકારોનો સૌથી પ્રિય વિષય હતો. ઉપરાંત અન્ય ચિત્રમાળાઓમાં અમરુશતક, ગીતગોવિંદ, કુમારસંભવ, ભાગવત, રસિકપ્રિયા વગેરે પણ ઉલ્લેખનીય છે. રાગમાળા પછી નાયિકાભેદ ને કૃષ્ણલીલા ચિત્રાવલિઓનું પ્રાધાન્ય છે.

૧૭મી સદીના અંત તથા ૧૮મી સદીના આરંભની રાજસ્થાની ચિત્રકારોની જે કૃતિઓ મળે છે તેમાં વિશેષ ઉન્નતિ નજરે પડે છે. આલેખનમાં જીવનનો સંચાર થયો છે, જે વિશેષે કરીને કૃષ્ણલીલા ચિત્રોમાં સ્ફુટ થાય છે. વળી આ કાળમાં અનેક પ્રાદેશિક શૈલીઓ પણ વિકસી હતી, જેમાં મેવાડ તથા બુંદી શૈલીની કૃતિઓ જોતાં દિંગ થઇ જવાય છે. એ શૈલીની કૃતિઓમાં ઉપર્યુક્ત ગુણો ઉપરાંત જીવન સાથેનો સંપર્ક પણ દૃષ્ટિગોચર થાય છે : ખાસ કરીને કૃષ્ણલીલાનાં ચિત્રોમાં બાલસ્વભાવ, રાક્ષસોની આપત્તિ વગેરે દૃશ્યોમાં તો વિશેષ. આ શૈલીના ચિત્રકારો સંબંધી જે કંઇ માહિતી મળે છે એમાંથી કેટલીક આ પ્રકારની છે : **'महाराज दुर्जनसिंघ की सबि संवत् १८४१......कीबी मुसव्वर महम्मद हसन मेड़ते घराने का, कलम चितारा भांटा शिवदास** उदै रामरारी, कलम चितारा भारी शिवदास जीरी।' આ શિવદાસનાં ઘણાં ચિત્રો મળે છે. કૃપારામ નામના એક બીજા ચિત્રકારની કૃતિઓ પણ મળે છે. કૃપારામ ચિત્રકાર હોવા સાથે કવિ પણ હતો. આ વખતે રાજસ્થાની તથા પહાડી શૈલીના ચિત્રકારોમાં ચિત્રો સાથે તુકબંધી (કવિતા) કરવાની પ્રવૃત્તિ કરવાનાં પણ ઉદાહરણ મળ્યાં છે.

બીજી બાજુ દક્ષિણમાં અપભ્રંશ શૈલીમાંથી જુદી પડીને દક્ષિણી શૈલીનો ઉદય થયો. એમાં યે ઘણા પ્રસિદ્ધ ચિત્રકારો થયા. ઇતિહાસપ્રસિદ્ધ ખુદ ચાંદબીબી તથા શાહ ઇબ્રાહીમ આદિલશાહ બીજો પણ આ ચિત્રશૈલીમાં પારંગત હતાં. આ પછી એક લાંબો ગાળો ખાલી ગયા બાદ આખરે એકસો વર્ષે રહીમ દખ્ખણિયાની રચેલી પરિપકવ ગોવળકોંડા શૈલીની એક ચિત્રકૃતિ આપણને મળે છે. આ જ શૈલીમાંથી હૈદરાબાદ-શૈલી ઉત્પન્ન થઈ.

આ બાજુ પહાડોમાં એક નવી ભાવનાપ્રધાન શૈલી જન્મી. ઈ. ૧૭૩૦થી આ શૈલીની એવી કૃતિઓ મળી આવે છે જે પરથી તેની પુરાણી પરંપરાનું અનુમાન થઈ શકે છે. ઈ. ૧૭૩૦માં માનકુ નામના ચિત્રકારે આ શૈલીમાં 'ગીતગોવિંદ' તૈયાર કર્યું. માનકુ સંબંધી ઘણી મનોરંજક વાતો પ્રસિદ્ધ થઇ છે. એને ઘણા સ્ત્રી પણ કહે છે, પરંતુ આપણે હવે પછી જોઈશું એમ કેટલા યે પહાડી ચિત્રકારોનાં નામ ઉકારાંત છે. વળી લાહોર–સંગ્રહમાંથી એના કેટલા યે વંશજ ચિત્રકારોની છબીઓ પણ મળી છે. એમાં પંડિત શિવને માનકુનો પિતા કહ્યો છે. તેના વંશમાં માનકુને ખુશાલા અને નૈનસુખ બે પુત્રો હતા, જેના વંશજો તરીકે કામા, ગોહૂ, નિક્કા, રામલાલ વગેરે નામોનો ઉલ્લેખ મળે છે.

એમાં નૈનસુખ વિષે વધુ માહિતી મળે છે. ઈ. ૧૭૪૮ની એની એક ચિત્રકૃતિ લાહોર–સંગ્રહાલયમાં છે, જેમાં એ પોતે જસરોટેનો હતો તેમ જણાવ્યું છે. અવનીન્દ્રનાથ ઠાકુરના સંગ્રહમાં નૈનસુખની એક છબી છે જે પર લખ્યું છે : પંડિત નૈનસુખ મુસવ્વર. એની બીજી છબી વિલિયમ આર્ચરે પોતાના પુસ્તક 'ઇંડિયન પેઇંટિંગ ઈન ધ પંજાબ હિલ્સ'માં પ્રકાશિત કરી છે. એ પોતે કેટલો કલ્પનાશીલ હતો એની ખાતરી એની કલાકૃતિઓ પરથી આપણને મળે છે. આર્ચરના પુસ્તકમાં પ્રસિદ્ધ કરાએલી એની છબીમાં એ જમ્મુના રાજા બળવંતદેવ સાથે પોતાના કોઇ ચિત્રની આલોચના કરતો નજરે પડે છે. એ છબી પરથી માલૂમ પડે છે કે જમ્મુના રાજાનો એ આશ્રિત હશે.

પહાડી શૈલી ત્યારે પોતાના વિકાસની ચરમસીમા પર પહોંચી હતી. માનકુની 'ગીતગોવિંદ ચિત્રાવલિ', શ્રી નાનાલાલ મહેતાના સંગ્રહમાંની 'બિહારી સતસઇ' તથા હમણાં આપણા નૅશનલ આર્ટ ટ્રેઝર ફંડને મળી આવેલાં રાગમાળાનાં સુંદર ચિત્રો એ ચરમ સીમાનાં પ્રત્યક્ષ પ્રમાણો છે. પહાડી કલાકૃતિઓમાં મૃદુલતા, ભાવપ્રધાનતા તથા મનોભાવનું ને બાહ્ય આચરણનું ભાવપૂર્ણ સ્પષ્ટ સફળ અંકન હોય છે, જેમાંના મુલાયમ રંગોની એક એવી આગવી વિશેષતા છે કે જે આ ચિત્રકારોને સંસારના વિશિષ્ટ ચિત્રકારોની તુલનામાં મૂકી દે છે. એ શૈલીનાં તો અનેક ચિત્રો આજ સુધી 'કુમાર'માં પ્રકટ થઈ ચૂક્યાં છે.

પહાડી શૈલીના બીજા પ્રખર ચિત્રકાર આચાર્ય ચૈતુની કલાકૃતિઓ પણ મળી આવી છે. તેનાં ચિત્રો પણ માનકુ સામે હોડમાં ઊભાં રહી શકે તેવાં સર્વાંગસંપૂર્ણ છે. આ ઉપરાંત શ્રી ફેંચે નંદુ નામના બીજા એક ચિત્રકારનો પણ ઉલ્લેખ કર્યો છે. પ્રસિદ્ધ પહાડી રાજા સંસારચંદ્રના આશ્રયે હસ્તુ તથા ફત્તુ નામના બે ચિત્રકારો કામ કરતા હોવાનો ઉલ્લેખ મળી આવ્યો છે. આ ઉપરાંત એના જ દરબારી કિશનલાલ નામના ચિત્રકારે બનાવેલી એ જ રાજાની છબી પણ પ્રાપ્ત થઇ છે. સંસારચંદ્રના સમયે પહાડી શૈલી અવનતિ તરફ વળી ચૂકી હતી. લગભગ



જમણી બાજુ : અકબરના સમયના ચિત્રકાર કેશવદાસે સ્વહસ્તે દોરેલું પોતાનું ચિત્ર, જેમાં તેણે હાથમાંના કાગળમાં છેડે પોતાનું નામ તથા સંવત લખેલાં છે. (બર્લિનના સંગ્રહાલયમાંનું ચિત્ર) ડાબી બાજુ: પહાડી ચિત્રકાર માનકુનો વંશજ નૈનસુખ (૧૯મી સદી); નીચે: પહાડી કાંગરા કલમના ૧૯મીસદીના ચિત્રકાર મોલારામે સ્વહસ્તે દોરેલું પોતાનું ચિત્ર: ભુવનેશ્વરીમાતાનું પૂજન કરતો પોતે. આ જ રીતે મુઘલ ચિત્રકાર મનોહરે સ્વહસ્તે આલેખેલી પોતાની છબિ માટે જુઓ આ અંકમાંના આર્ટ પ્લેટ



એ જ કાળના આરંભમાં આપણે મોલારામ નામના ચિત્રકારનું નામ સાંભળીએ છીએ. મનાય છે કે એ ઈ. ૧૭૬૦માં જન્મ્યો હતો. એના પૂર્વજો દારા શિકોહના ચિત્રકાર શ્યામદાસ તથા હરદાસ મનાય છે. મોલારામ પોતે કવિ તથા ચિત્રકાર બન્ને હતો. ગુલેરના એક બીજા ચિત્રકાર ધનીદાસની છબી પણ ચંબાથી મળી છે.

પહાડી કલાકારો જૂની પરંપરાએ અત્યંત કોમલ આલેખન કરતા હતા. એમની પીંછી અનેકાનેક પ્રકારનાં પાત્રો ચીતરતી, પણ ખાસ કરીને એમનાં કૃષ્ણલીલાનાં ચિત્રોમાં બાલક્રીડાઓ ને પ્રવેગમાન દૃશ્યો તથા નાયિકાભેદનાં ચિત્રોમાં શૃંગારના વિવિધ કોમળ ભાવો અને આંતરિક ચેષ્ટાઓની વિવિધ બાજુઓ પ્રકટ કરવામાં તેઓ ખૂબ સફળ થયા છે. એમાં તો તેઓ તે જ ભાષાનાં તે સમયનાં કાવ્યોની ટોચથી કોઈ રીતે ઊતરતા નથી. પહાડી કલાકારોના વિષયની સૂચિ ઘણી લાંબી છે, જેમાં સમકાલીન ધર્મકથા-વાર્તાઓ, કાવ્યો આદિ પ્રતિબિંબિત થાય છે. સંસ્કૃત સાહિત્ય સાથે પણ એમને ઘણો નિકટનો સંબંધ હતો.



અવનતિના કાળની પહાડી શૈલીનાં ચિત્રો તથા તેના ચિત્રકારોનાં નામ, સમય વગેરેના લંબાણમાં હવે ઊતરવું વ્યર્થ છે. શ્રી ફ્રેંચ જ્યારે પહાડોમાં ગયા ત્યારે તેમને એ પરંપરાના ઘણા ચિત્રકારો મળેલા. તે પોતાને ગુજરિયા જાતિના કહેવડાવતા હતા, એટલે મોટા ભાગના પહાડી કલાકારો એ જાતિના હશે. પણ આપણે ઉપર જોયું તેમ માનકુનો વંશ બ્રાહ્મણનો હતો.

આ પછી તો દેશમાં ધીમેધીમે અંગ્રેજી સલ્તનતનું પ્રભુત્વ વધતું ગયું. દેશની વિનાશક સામાજિક પરિસ્થિતિની અસર કલા પર પણ થવા માંડી. દેશમાં અંગ્રેજી રીતરિવાજોની નકલ થવા માંડી અને એમાંથી ધીરેધીરે એક અર્ધ-યુરોપી કલાશૈલી 'કંપની શૈલી' ઉત્પન્ન થઈ. ધીમેધીમે બધી શૈલીઓનું સ્થાન એણે લઈ લીધું. એ ચિત્રોમાં કલાની દૃષ્ટિએ કાંઇ મહત્ત્વ નહોતું. એ વિલાયતી ચિત્રોની પ્રાણહીન નકલો જ માત્ર હતી. અને પછી તો કૅમેરાની શોધને લીધે એ 'કંપની શૈલી' પણ આખરે મૃતપ્રાય થઇ ગઈ.

યુરોપીય ચિત્રકારોની પેઠે આ શૈલીના ચિત્રકારોએ પોતાનાં નામ ચિત્રો સાથે જણાવ્યાં છે. ક્યાંક ક્યાંક ચિત્રોની પાછળ લખેલી નોંધ અને અન્ય માહિતી પરથી લાગે છે કે તેમની સ્થિતિ ઘણી ગરીબ તથા દયાપાત્ર હતી. કાશી, પટણા, બકસર, આરા ને દાનાપુરમાં આ શૈલીના કેટલાયે ચિત્રકાર–પરિવાર રહેતા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે એવા પરિવારો ઠેઠ તાંજોર સુધી ફેલાયા હતા. ત્યાંનો કલાકાર 'મૂચી' વિલાયતી પદ્ધતિનું ચિત્રકામ કરવામાં આખા દેશમાં પ્રસિદ્ધ હતો.

આ રીતે આપણે આધુનિક ઉત્થાનના ઉંબર સુધી આવી પહોંચ્યા, જ્યારે રવિવર્મા જેવાનો ઉદય થવા લાગ્યો હતો. પછીના નવોત્થ કળા-ઇતિહાસ વિષે અનેકવિધ માહિતીઓ પ્રાપ્ત છે, પરંતુ તે આ લેખનો વિષય ન હોઈ અહીં જ અટકવું ઉચિત થશે. પણ આ આખો ઇતિહાસપટ ખૂંદી વળવાથી એટલું તો સમજાય છે કે પ્રાચીન કલાકારોએ આપણને પોતાને વિષે ઘણા અંધકારમાં રાખ્યા છે. એનું કારણ તો એ જ લોકો સમજી શકે જેઓ એ કલાકારોની વૃત્તિને પ્રીછી શકે. એ વૃત્તિ કઈ હશે? ચિત્રકળા પણ ત્યારે એક સર્વસામાન્ય રાષ્ટ્રીય વ્યવસાય ગણાતો હોઇને તેની સાથે પોતાનું નામ જોડવાની કોઈ આવશ્યકતા કે ઔચિત્ય નહિ ગણાતું હોય? કે પોતાની સેવા ધર્મ કે રાષ્ટ્રને નિર્મમપણે ધરવાની અર્પણબુદ્ધિ એની પાછળ હશે? ('કલ્પના'માંથી)


પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

માગશર ૧૯૮૭
અંક ૮૪

લાગલાગટ ત્રણ માસસુધી ચાલ્યાં હોય એવાં અખૂટ રસ અને ભરચક વિગતોવાળાં જે થોડાંચરિત્રો 'કુમાર'માં આવ્યાં છે તે પૈકીનું એક, ગુજરાતની ગૌરવમૂર્તિ પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરનું ચરિત્ર પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'માં પૂરું થએલું. તેનો સારભાગ રૂપ પ્રવેશક જ અહીં તો ઉપર્યુક્ત અંકમાંથી ઉતારી શકાય; પરંતુ, એ નાનો ફકરો પણ બતાવશે કે એ ગૌરવનો ફલક કેટલો વિશાળ હશે.

"એક સામાન્ય કુટુંબમાં જન્મી, પોતાના બુદ્ધિબળ તથા પ્રતિભા વડે કૉલેજજીવનની જ્વલંત કારકિર્દી ગાળી, વિજ્ઞાન લઈ તે એમ. એ. થયા; દેશોન્નતિનાં સ્વપ્નાં સેવી ઔદ્યોગિક કેળવણીના ધામ સમું કલાભવન એમણે સ્થાપ્યું; ગુજરાતી ભાષામાં વૈજ્ઞાનિક સાહિત્ય સમૃદ્ધ કર્યું; મહારાણી વિક્ટોરિયાની શિલ્પમૂર્તિ ઉપરના કાળા ડાઘ દૂર કરી મોંઘી કીર્તિ કમાયા; 'ટૅકનોકેમિકલ લૅબોરેટરી' જેવી એ પ્રકારની પ્રથમ અને વિજ્ઞાનના અનેકાનેક વિદ્યાર્થીઓની માતૃસંસ્થા સમી પ્રયોગશાળા સ્થાપી હિંદમાં રસાયનશાસ્ત્રના અભ્યાસની પ્રેરણાત્મક સગવડ કરી આપી; રંગ, દવાઓ આદિ સ્વદેશમાં તૈયાર કરવા ઍલેમ્બિક વર્ક્સ જેવા કારખાનાની સ્થાપના કરી પ્રાંતમાં નવીનજ ઉદ્યોગનો પાયો નાખ્યો; સમાજસેવા અને સ્ત્રીકેળવણીમાં બનતો ફાળો આપ્યો અને કલ્યાણગ્રામ જેવી ભવ્ય લોકોપકારી યોજનાનાં સ્વપ્નો સેવ્યાં; આયોડાઈન ટરક્લોરાઇડની જંતુઘ્ન દવાની શોધ વડે ઔષધશાસ્ત્રમાં અગત્યનો ફાળો ઉમેરી અનેક માનવજીવોને દુ:ખ તથા મૃત્યુના મુખમાંથી મુક્ત કર્યા; મોતી ધોવાની સફળ ક્રિયા હાથ કરી અઢળક દ્રવ્ય કમાયા અને પોતાના ઉચ્ચ જીવન-આદર્શોની સિદ્ધિ પાછળ તે ખર્ચ્યું;—આવો, પ્રેરણા અને પ્રતિભા, ભાવનાશક્તિ અને કાર્યકૌશલ, ખંત અને ઝહેમત તથા સિદ્ધિ અને રિદ્ધિ વડે અણુએ અણુ સીંચાએલો એમનો જીવનકોષ એક જ આદર્શ પાછળ અર્પણ થએલો : 'માતૃભૂમિનું ગૌરવ'.




અજંતાની ભીંતો પર યુદ્ધપ્રસંગનાં ચિત્રો પણ છે, જેમાંના એકમાં તો આજે લગભગ ત્રણસો ચહેરા ગણી શકાય છે. ઉપરના ચિત્રમાં તે કાળમાં વપરાતાં આયુધો પૈકી કેટલાંકનો સમૂહ એકત્ર કરીને આપ્યો છે. નીચે : અજંતા યુગમાં વપરાતાં વિવિધ પ્રકારનાં વાસણો તથા તેના ઉપયોગ દર્શાવતી નાની સંહિતા

આવો જ લાગટ ત્રણ માસથી ચાલતો બીજો લેખ પણ જે પ્રસ્તુત અંકમાં પૂરો થયો તે શ્રી રવિશંકર રાવળનો 'અજંતાના કલામંડપો' વિષેનો સચિત્ર લેખ, જે પાછળથી પુસ્તકાકારે પ્રસિદ્ધ થએલો. એની બે ગુજરાતી તથા એક હિંદી એવી ત્રણ આવૃત્તિમાંથી એક પણ આજે તો મળતી નથી(જો કે ચોથી ગુજરાતી આવૃત્તિ નવાં જ રૂપરંગ અને નવી જ સામગ્રી સાથે અમે ટૂંક સમયમાં પ્રકટ કરવા ધારીએ છીએ). એટલે એનાથી અપરિચિત વાચકોને (તેમ જ પરિચિતોને પણ) રસ પડે એવો ભાગ તારવીને (ગયા બે માસની માફક આ મહિને પણ) ઉતારીએ.

"અજંતાની કળા વિષે કેટલીક તો અચૂક સ્મૃતિઓ રહેવાની. અજંતાના ચિત્રકારોએ કમળ ઉપરથી પુષ્કળ પ્રેરણા અને ચિત્રકૌશલ મેળવ્યાં હોય એમ સ્પષ્ટ જણાય છે. મંડપની છતો પરનાં મોટાંમોટાં વર્તુલની વચ્ચે મોટું કમલદલ ચીતરી આસપાસનાં કુંડળો ને તકતીઓમાં તેની જે અનેકવિધ આકૃતિઓ તેણે ચીતરી છે તે જોતાં લાગે કે કમળનાં કલાસ્વરૂપો આટલી વિવિધતાપૂર્વક જગતમાં બીજે ક્યાંયે સરજાયાં નહિ હોય. કમળફૂલ, કમળદોડી, કમળપત્ર, કમળદંડ કે કમળગુચ્છની શોભા-સંસ્કારભરી રેખાઓ, વેલો ને તોરણો અજંતામાં ડગલે ને પગલે નજરે પડે છે, છતાં એની નવીનતા ખૂટી જતી નથી. ચિત્રકારોને કમળનું ફૂલ એટલું બધું આકર્ષક લાગ્યું છે કે બોધિસત્ત્વની મૂર્તિના હાથમાં કે સ્તંભ પરની પૂતળીઓના હાથમાં અથવા પ્રેમી દંપતીઓ વચ્ચે કોઈ છટાથી દંડ સમેત કમળ ગોઠવાયું હોય જ.

કમળના એટલા ગાઢ અવલોકન અને અભ્યાસમાંથી એ ચિત્રકારોએ માનવશરીરની ચિત્રણામાં પણ તેનું લાલિત્ય ઉતારવા પ્રયાસ કર્યો છે એમ નિ:શંક માની શકાય. કમળની પેઠે હાથી પણ હિંદી શિલ્પનું માનીતું અંગ છે; અને હિંદુસ્તાન સિવાય બીજા કોઈ દેશમાં હાથી સાચું રાજસન્માન પામ્યો નહોતો જ. તેમાં યે સિદ્ધાર્થની માતાને પ્રસૂતિ પૂર્વે આકાશમાંથી શ્વેત હાથી કૂખમાં પ્રવેશ્યાનું સ્વપ્ન આવ્યું ત્યારથી હાથી કળા ને સાહિત્યમાં દેવકોટિનું માન ભોગવતો આવ્યો છે. છદંત જાતકની કથાઓમાં હાથીઓનાં વનોનાં વનો અજંતામાં ચીતરાયાં છે, ને તેમાં અનેક હાથીઓનાં, હાથણીઓનાં તેમજ તેમનાં બચ્ચાંઓનાં વિવિધ રૂપો એટલી સજીવ ચેષ્ટાવાળાં છે કે ચિતારાની મન:સ્મૃતિ માટે આપણને અનહદ માન થયા વિના રહે નહિ.





↑અજંતાની ભીંતો પર કરાંગુલિની પણ અનેકવિધ લીલાઓ તમને જોવા મળશે. પ્રણામ કરતા હાથો, પુષ્પ ધરી રાખેલી કે ઢોલ પર તાલ દઈ રહેલી આંગળીઓ, પાત્ર ધરી રહેલી કે કરતાલ બજાવતી હથેળીઓ, કે પંખો યા ચામર ઢાળી રહેલી કરાંગુલિઓની અસંખ્ય છટાઓનો અજંતામાં મોટો કોષ છે, જે પૈકીના થોડા નમૂના ઉપરના ચિત્રમાં આપ્યા છે. નીચે: ચિત્ર જેટલું જ શિલ્પમાં પણ અજંતા ઉચ્ચ કક્ષાનું છે એ તેની પરસાળોના ગોખ, બારસાખો પરની તકતીઓ અને થાંભલાઓની કોતરણી પરથી જોતાંવેંત પ્રતીત થાય છે. આ અંકના પૂઠા પરનું નાગરાજનું શિલ્પ તથા નીચેના નમૂના તેનાં ઉદાહરણ છે.




૨૭ નંબરની ગુફાની દ્વારશાખ પર યક્ષી, સ્નેહયુગલ તથા નાગરાજ

અજંતાની માનવસૃષ્ટિમાં સ્ત્રીપાત્રનું સ્થાન તો બહુ જ ઊંચું દેખાય છે. એ સમયમાં વસ્ત્રો થોડાં હોવા છતાં સ્ત્રીઓમાં કલા અને વિનય સાનંદાશ્ચર્ય ઉપજાવે એવાં દેખાય છે, એટલું જ નહિ પણ સારા યે સંસારમાં સ્ત્રી તેની અપૂર્વ મધુરતા ફેલાવી રહેલી લાગે છે. ચિત્રકાર સ્ત્રીપાત્ર દોરતી વખતે બહુ સંયમપૂર્વક તેનાં શરીરપ્રમાણો અને અંગપ્રત્યંગની છટા સાચવી શક્યો છે. રાણી હોય કે રાજકુમારી હોય, પરિચારિકા હોય કે નર્તકી હોય, પણ કોઇ ઠેકાણે તે જરા પણ અધમતા ધારણ કરતી નથી. તે બધે સમર્યાદ સુંદરી જ દેખાય છે.

વળી સ્ત્રી તરફ પાશવ વૃત્તિ થાય એવું એક પણ ચિત્ર ભર્યાં અજંતામાં નથી. દરેક સ્નેહ-યુગલમાં પણ આત્માની મીઠી હૂંફ અને એક-તાનતા જ દેખાય. એ ચિત્રો સાંસારિક હોવા છતાં અશ્લીલતાની કલ્પના સુદ્ધાં થાય નહિ એટલું શુદ્ધ વાતાવરણ તેમાં જળવાઇ રહે છે. ચિત્રકારોએ બહુ ઝીણવટભરી નજરથી સ્ત્રીનાં દેહડોલન, હાથપગના અભિનય, અંગુલિની લીલાઓ અને કેશકલાપની વિવિધ છટા આ-લેખ્યાં છે. અજંતાના માત્ર કેશકલાપોનો કોઈ સંગ્રહ કરે તો પણ એક અનેરો કલાગ્રંથ બને. વાળ ઉપર કેટલા પ્રકારની લીલા થઈ શકે તે પૂરું જાણવું હોય તેણે અજંતાની ભીંતનો દરેક ભાગ નીરખીનીરખીને જોવો. માથા પરના મુકુટોના પ્રકાર પણ ત્યાં એટલા જ વિવિધ છે; અને તે એટલી વિગતે ચીતરાયા છે કે કોઇ સોની કે ઝવેરી તેનાં એકેએક રત્નો અને મોતી વીણીવીણીને ગણી શકે. એ કાળમાં સ્ત્રીઓ ખૂબ સ્વાતંત્ર્ય અને સન્માન માણતી હશે તે સ્પષ્ટ દેખાય છે. નગરમાં, વાટિકામાં





પ્રાણિચિત્રણામાં પણ અજંતા જગતની કળાઓમાં માગ મુકાવે એમ છે. ડાબી બાજુના ચિત્રમાંના રાજ-સંમાનિત હાથી તથા અશ્વની આંખોમાં કેટલી સજીવતા ભરી છે! ગુફાઓમાં ચોમેરની કિનારોમાંની સુશોભનની પટ્ટીઓમાં પણ વિવિધ પ્રાણીઓનાં જે ભાવાલેખન મળે છે તેના ત્રણ નમૂના ઉપર જમણી તરફ આપ્યા છે. એમાંના હાથી, મહિષ, ભૂંડ, વૃષભ વગેરેનાં આવેગ અને છટાઓ મુગ્ધ કરે એવાં છે.

કે વનમાં તે સ્વેચ્છાએ વિહાર કરી શકતી; સમાજમાં કે રાજદરબારમાં સર્વ સ્થળે સર્વ કાળે તેની હાજરી રહેતી. રાજદરબારનું પ્રતિહારીપણું પણ ચિત્રોમાં સ્ત્રીઓ જ કરતી દેખાય છે, ભગવાન બુદ્ધને પગલે ચાલતા અજંતાના નિર્વાણકામી વિરક્ત સાધુઓ પણ સંસારમાં સ્ત્રીઓનો તિરસ્કાર કરતા જણાતા નથી. જાણે સૃષ્ટિનું ઉત્તમાંગ હોય એમ જ તેને દરેક સ્થળે સ્થાન મળ્યું છે. ચિત્રકાર તેનાં પાત્રોને વાચા આપવાને અસમર્થ છે, પણ તેનો બદલો તેણે સ્ત્રીપાત્રોના ચહેરાને ભાવોમાં અને હાથની વિવિધ મુદ્રાઓમાં સંપૂર્ણતઃ પૂરી દીધો જણાય છે. પ્રણામ કરતા હાથો, પાત્ર ધરી રહેલી હથેળી અથવા પંખો કે ચામર ઢાળી રહેલી કરાંગુલિઓની અસંખ્ય છટાઓનો અજંતામાં મોટો કોષ છે. ઢોલ પર તાલ દઈ રહેલી આંગળી કે કરતાલ બજાવતી હથેળીઓ અને તેની સામે નૃત્યમય સ્થિતિમાં ઊભાં રહેલાં માનવીઓ જુઓ તો લાગે કે અજંતાના ચિતારાએ એક અદ્ભુત જમાનો જોયો, જાણ્યો અને ભોગવ્યો છે."

આ નીચે જેનું વર્ણન તારવી આપ્યું છે એ નાનું પણ સૌન્દર્યબિન્દુ જેવું કયું સ્થળ હશે તે કલ્પી શકો છો? ભાષાથી જેઓ પરિચિત હશે તે તો કદાચ જાણી શકશે કે એ શ્રી 'સૈનિક'(સુરેશ દીક્ષિત)નો જ લખેલો લેખ છે:

"ગુજરાતીઓથી વસેલું પણ ન તો ગુજરાતનું, મહારાષ્ટ્રમાં આવેલું પણ દક્ષિણીઓએ તજેલું, નહિ તીર્થ કે નહિ ઐતિહાસિક ખંડેર, લક્ષ્મી કે માંદગીના વિહાર જેવું, મુંબાઈની સોડમાં ઊભેલું પણ સાગરને વચ્ચે રાખીને, વનરાજિથી વીંટાએલું, આભને અડકતાં રહી ગએલું પણ મુંબાઇથી વીસ જ માઈલ આઘું એવા આ સ્થાનનું સૌંદર્ય આજથી એંશી વર્ષ પહેલાં અજ્ઞાત હતું.

ગુલાબ જેવી લાલ એની માટીમાં અને રાતા પીળા એના પથ્થરો વચ્ચે એક વખતવાઘ કે ચિત્તાની બોડ હશે. ઘન ગગડે અને વીજ ચમકે એ સિવાય કશા પણ અવાજ વિનાની એની નિર્જનતામાં અને મનોહર વનમાળામાં વસવા મૅલેટ નામના અંગ્રેજે ત્યાંનું સૌંદર્ય પારખ્યું તે દિવસથી માનવ-હાથે એના પર



અજંત.ની સૃષ્ટિમાં સ્ત્રીપાત્રનું સ્થાન ઘણું ઊંચું છે. એ સમયમાં વસ્ત્રો થોડા હોવા છતાં સ્ત્રી તરફ પાશવવૃત્તિ થાય એવું એક પણ ચિત્ર ભર્યા અજંતામાં નથી. એ સ્ત્રીઓનાં કલા અને વિનય સારા યે સંસારમાં અપૂર્વ મધુરતા ફેલાવી રહેલાં લાગે છે. ત્યાંના ચિત્રકારો સ્ત્રીપાત્રના આલેખનમાં બહુ સંયમપૂર્વક તેનાં શરીરપ્રમાણો તથા અંગપ્રત્યંગની છટા સાચવી શક્યા છે. રાણી હોય કે રાજકુમારી, પરિચારિકા હોય કે નર્તકી, પણ કોઈ રૂપમાં સ્ત્રી જરા પણ અધમતા ધારણ કરતી નથી. સર્વત્ર તે સમર્યાદ સુંદરી જ દેખાય છે. અજંતાની ૧૭મા નંબરની ગુફાની ભીંત પર આલેખેલા 'સિંહલ અવદાન'ના આ કથાપ્રસંગમાં વિવિધ સ્ત્રીપાત્રો ઉપરાંત એ સમયના રાજમંડપનું સ્થાપત્ય, તેનાં શોભનો, અલંકારો, ઉપસ્કરો, પાત્રો વગેરેનો ખ્યાલ મળી રહે છે.

સુખભોગના સ્થાન રૂપે તોરણ બંધાયું.

દરિયાની સપાટીથી ૨,૬૦૦ ફૂટ ઊંચે, ત્રણ ચોરસ માઈલની વાંકીચૂંકી ઊંચીનીચી રેખામાં એ સ્થળ છુપાયું છે. મુંબાઇથી પૂના જતાં માર્ગમાં આવતા નેરલ સ્ટેશનેથી, સ્ક્રૂના પેચ ઉપર ચડતી નાનીશી ડુંગર-ગાડીમાં બેસીને ઉપર જવાય છે. આવી શીતળ ટેકરીને ખૂણેખાંચે લાવણ્ય રેડાએલું છે. અહીંથી નજરે પડતી ને આઘે અદૃશ્ય થતી સહ્યાદ્રિની હારમાળા, તળેટીમાં આળોટતો સાગર, કીડી પેઠે નીચે ચાલી જતાં માનવો કે ચોખંડી રેખામાં જડાએલાં ગામડાંની અજબ મોહિનીમાં ઘડીક સ્વપ્નવશ થવાય.

વનલક્ષ્મી તો અહીં અઢળક વેરાએલી છે. તળેટીમાં સાગનાં વૃક્ષ છે અને આંબા, લીમડો, પળસ, હરડાં, બેડાં એવાં કેટલાં યે ઝાડ ઢોળાવ પર છે. ઉપર જાંબુ, ફણસ, અરીઠા, કોકમ અને મીંઢળનાં વૃક્ષ છે. ઝાડે ઝાડે જૂઈની વેલ વગર રોપ્યે ચડે છે. આવી સ્વયંભૂ રમણીય વાડીમાં ફરતાં આંખ અને આત્માથી વિભુ પરખાય. શીમળાના ઝાડમાંનું ઊડતી ગાય જેવું રૂ, બોરસલી ઉપરથી ખરતાં ફૂલો, વાડ ઉપર નમી પડતી મોરવેલ ને ચંપા કે ચીકાખાઈનાં જૂથ જોતાં કે ઝાડની છાલમાં ઊગેલી સેવાળ જેવી લીલ કે ઑર્કિડ તોડતાં ઘડીભર બાળક બની જવાય. જાતજાતનાં પતંગિયાં કે પક્ષીની પણ અહીં ખોટ નથી. ગણ્યાં ગણાય નહિ કે વીણ્યાં વીણાય નહિ એટલાં તો નહિ, પરંતુ ઓળખ્યાં ઓળખાય તો નહિ જ. દિવસે ઊડતાં પતંગિયાં કે ખરતાં પાન જોવાં, રાતે આગિયા કે તારા જોવા, સવારે કે સાંજે ઊગતા આથમતા સૂર્યને નિહાળવો; ચાલતાં પથ્થર પર ઘડી વિસામો લેવો કે થાકતાં સુકાએલાં પાંદડાં ઉપર આળોટવું એ આવાં સ્થળોનો લ્હાવો છે. એવું આ માથેરાન તો સૌંદર્યનું બિંદુ જ માત્ર છે."

અવાજની અસર આપણું આયુષ્ય ઓછું કરે એટલી જબરી થાય છે એ જાણો છો? એ વિષે આવેલા એક નાના લેખના થોડા ફકરામાં અહીં ઉતારેલો એનો સાર જાણવા જેવો છે:

"અવાજ આપણને નુકસાન કરે છે એમ કોઇ કહે તો તેને હસી કાઢશો પણ અખતરા સાબિત કરી આપે છે કે અવાજની અસર શરીર ઉપર થાય છે જ. આ બાબતમાં આપણી સ્થિતિ પ્રયોગશાળાના દેડકા જેવી બની છે. જીવતા જાગતા દેડકાને ખળખળતા ઊના પાણીમાં ઉકાળી શકાય છે અને છતાં યે તેને ખાસ અસર થતી નથી! આમ કેમ બને છે? દેડકાને રોજ ઠંડા પાણીમાંથી ધીમેધીમે ઊના અને પછી ઊકળતા પાણીમાં રહેવાની ટેવ પાડો એટલે પત્યું. આનું નામ જ જ્ઞાનતંતુની બહેરાશ. આ જ રીતે આપણા જ્ઞાનતંતુઓ ચાલુ પરિસ્થિતિમાં એવા બની જાય છે કે આજનો રોજિંદો અવાજ આપણને નુકસાન કરતો હોય છે છતાં તેની ખબર પડતી નથી.

જ્યારે હાલનો સુધારો દુનિયામાં નહોતો ત્યારે ઘણી વખત અવાજ એ જ ભય ગણાતો. અવાજ સાંભળીને લોકો બીતા. અને આજે પણ શું છે? આપણે બેઠા હોઇએ અને એકાએક અવાજ થાય છે તો આપણા જ્ઞાનતંતુઓ કંપી નથી ઊઠતા? એ બતાવી આપે છે કે અવાજથી આપણને નુકસાન થાય છે. ઘોંઘાટવાળી કચેરીમાં કામ કરતા કારકુનની શારીરિક શક્તિ જેટલી શાંત વાતાવરણમાં વપરાય તેના કરતાં ૨૦ ટકા વધારે વપરાય છે. અખતરાઓ કરી સાબિત થયું છે કે પસાર થતી મોટરના સામાન્ય અવાજથી ઊંઘનાર ભલે જાગતો નથી છતાં તેની લોહી ફરવાની ક્રિયામાં વિક્ષેપ પડી તેમાં વધારો થાય છે.

શહેરોમાં આજ ઘણો ઘોંઘાટ વધ્યો છે ને તેમાં યે મોટરોએ તો હદ વાળી છે. આપણે તેની કિંમત આપણી તંદુરસ્તી ને જીવનશક્તિ વડે ભરીએ છીએ. આ અવાજની અસરથી બચવા માટે શું થઇ શકે? સામાન્ય ઘરોમાં આવો અવાજ કેટલાક અંશે ન આવી શકે એના ઉપાયો નીચે પ્રમાણે શોધાયા છે:

કોઇ ખાલી ઘરની ખાલી ઓરડીઓમાં તમે ચાલશો કે થોડો સરખો અવાજ કરશો તો માલૂમ પડશે કે એ અવાજનાં મોજાં પણ હવામાં ઝણઝણી ઊઠે છે. તેનું કારણ એ છે કે ભીંતો ઉપર અથડાતાં અવાજનાં મોજાં પ્રત્યાઘાત પામે છે. એટલે જો ભીંતો ઉપર કે ઘરમાં એવી વસ્તુઓ રાખવામાં આવે કે જેમાં અવાજનાં મોજાં શમી જાય તો અવાજનો લોપ થયો માલૂમ પડશે. વસવાટવાળા ઘરમાં શેતરંજીઓ, ગાલીચા, ખુરશી, કોચ, ભીંત પરના પડદા, લૂગડાં વગેરેમાં અવાજનાં મોજાં શમી જાય છે, એટલે જે જે વસ્તુઓમાં આ પ્રકારની શક્તિ હોય તે વડે આપણે અવાજને આવતો રોકી શકીએ. વધારે કલ્લીઓ પડેલાં અને વગર ગડીએ ટીંગાડેલાં લૂગડાંમાં ને પડદાઓમાં અવાજને રોકવાની શક્તિ ઘણી હોય છે. ચામડાના ગાદીતકિયામાં અવાજ શમાવવાની શક્તિ નથી. સાદી ખુરશીઓ કરતાં ગાલીચા વગેરેથી ભરેલું ફર્નિચર વધુ પસંદ કરવા લાયક છે, કેમકે સાદા લાકડામાં અવાજને શમાવી લેવાની શક્તિ નહિ જેવી હોય છે. મખમલના ગાલીચામાં અવાજનાં મોજાં જેટલાં શમી જાય છે તેટલાં રબર પાએલી શેતરંજી પાથરવાથી શમતાં નથી. રબર પર ચાલવાથી ઓછો અવાજ થાય છે તેટલું જ, બાકી તેમાં અવાજને રોકવાની શક્તિ બિલકુલ નથી."

અજંતા વિષે શ્રેષ્ઠ પ્રકાશન

આ લેખમાં ઉતારેલા અજંતાની ચિત્રકળાના પરિચયના અનુસંધાનમાં, એ વિષયમાં રસ ધરાવનારાઓને ભલામણ કરવા જેવું શ્રેષ્ઠ પ્રકાશન ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે બહાર પાડયું છે. આજ સુધીમાં અજંતાની ચિત્રકળાનાં પાંચેક પ્રકાશનો થયાં છે. સૌ પ્રથમ મુંબાઈની આર્ટ સ્કૂલના પ્રિન્સિપલ મિ. ગ્રિફિથ્સે કરેલી નકલોના બે મોટા ગ્રંથ ઈ. ૧૮૮૬માં બહાર પડેલા. ત્યાર પછી ઈ. ૧૯૧૫માં લેડી હૅરિંગહામે થોડા ભારતીય કલાકારોને સાથે રાખી અમુક ચિત્રોની નકલો કરાવી પ્રકાશન કરેલું. ઈ. ૧૯૨૬માં ઔંધનરેશ બાલાસાહેબ પંતે ભારતના જુદાજુદા કલાકારોની ટુકડી પાસે નકલો કરાવી મરાઠીમાં ગ્રંથ બહાર પાડેલો અને હમણાં છેલ્લા વર્ષમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની શિક્ષણ–સંસ્કાર–સંસ્થા યુનેસ્કો તરફથી ચૂંટેલાં ચિત્રોનો ગ્રંથ બહાર પડયો છે. પણ આ સર્વમાં ઑક્સફર્ડ યુનિવર્સિટીવાળું પ્રકાશન સર્વગ્રાહી અને શ્રેષ્ઠ છે. ગ્રિફિથ્સના પ્રકાશન પછીનાં આ વર્ષોમાં જોકે ઘણાં ચિત્રો ખરી ગયાં છે અને કેંક ઝાંખાં પણ થયાં છે, છતાં ફોટોગ્રાફીને આધારે તૈયાર થએલું આ પ્રકાશન વધારે વફાદાર છે. ચાર ભાગમાં બહાર પડેલા એ સમુચ્ચયના પહેલા ત્રણ ભાગ હૈદરાબાદની નિઝામ હકૂમતે ને છેલ્લો ચોથો ભાગ હમણાં ભારત સરકારથી અધિકૃત હૈદરાબાદ રાજ્યે આપેલા અધિકારથી ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે પ્રકટ કર્યો છે. દરેક ભાગમાં શ્રી. જી. યઝદાણીએ લખેલા વિસ્તૃત વિવરણનો એકેક ગ્રંથ તથા ભરચક્ક રંગીન તેમજ સાદાં ચિત્રો અને રેખાંકનોવાળા ૧૬×૨૦ ઇંચના માપના મોટા ચિત્રસંપુટો છે. ચોથા ભાગના એવા ૮૨ ચિત્રોના છેલ્લા સંપુટમાંની થોડી નમૂનારૂપ કૃતિઓ આ લેખ સાથે ઉતારી છે. ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની મુંબાઈની અગર બીજી કોઈ પણ શાખા અથવા જાણીતા બુકસેલરો મારફત તે મેળવી શકાશે.

સ્વપ્નદ્રષ્ટા (અનુસંધાન પૃષ્ઠ ૪૮૭થી)

વિના૦ : અટકી કેમ ગયા ? વિના સંકોચે બોલી નાખો. આપ પેલો વટહુકમ—

આગં૦ : મારે ચાર દીકરા છે, એમને વાળ કપાવવા મોકલું ?

વિના૦ : વટહુકમ પાસ કરાવી આપો તો આપના ચારે પુત્રરત્નનો સોદો પાકો ને ?

આગં૦ : તમે કૉલેજિયનો ખરેખર વેપારી દૃષ્ટિવાળા છો !

સુધા૦ : અહીંની ધરતીનું એ તેજ છે.

આગં૦ : મારા થકી થનારા લાભને સમજો છો ચોક્કસ!(માથે ટોપી પહેરવા જાય છે ત્યાં-)

વિના૦ : એક મિનિટ, શેઠ સાહેબ ! અરે સુધાકર, આપણું પેલું ઇલેક્ટ્રિકલ ગ્રોથ ઑફ હેરનું સ્પેશ્યલ લોશન શેઠને આપીએ તો ?

સુધા૦ : અરે હા હા, શેઠ સાહેબ ! હમણાં જ અમે એ શોધ પૂરી કરી છે. ફક્ત નમૂનાની બાર બાટલી જ બનાવી છે. કિંમત પણ એના ગુણના હિસાબે કંઇ જ નથી.

વિના૦ : એક રતલના પાંચ રૂપિયા પંદર આના, ત્રણ સાથે લો તો સત્તર રૂપિયા.

સુધા૦ : અને છ લે તો કન્સેશન કેટલું ?

વિના૦ : પણ છ તો આપણે આપી ન શકીએ. શેઠ મનસુખભાઈની ચિઠ્ઠી આવી છે તેમાં એમણે પાંચ રતલ પોતાને માટે રાખી મૂકવા લખ્યું છે. ચાર બાકી રહી તેમાંથી બે રામદાસ શેઠ, એક પ્રોફેસર અધ્વર્યુ અને એક મિસિસ જૉની વૉકર માટે—

આગં૦ : તે શું એ તેલ વાપરવાથી વાળ પાછા ઊગે છે ?

વિના૦ : આપ છાપાંની જાહેરખબરોથી છેતરાયા જણાઓ છો સાહેબ, એટલે હવે છાશ પણ ફૂંકીને પીઓછો. અમારો પણ આપને આગ્રહ નથી. અત્યારે માત્ર એમાંથી એક ઔંસ આપને માથે હું મસાજ કરી આપું છું. એની અસર જોયા પછી વિચાર થાય તો કહેજો; સ્ટૉક હશે તો આપીશું. આ લોશન તૈયાર કરવાનો પ્રોસેસ ઘણો જ કૉમ્પ્લીકેટેડ છે. ત્રણે જણની ત્રણ દિવસની સતત મહેનતને પરિણામે મૅજિક ફૉર્મ્યુલા તૈયાર થાય છે.

આગં૦ : એમ કે ?

વિના૦ : પછી ત્રણ વાર ૧૫૦ ડિગ્રી ફારહાઇટ સુધી ઉકાળીને ઝીરો ડિગ્રી સુધી ઠારવું પડે છે, એટલે મહિને દહાડે માંડ બાર બાટલી બનાવી શકયા છીએ.

આગં૦ : કેટલી બાટલી વાપરવાથી નૉર્મલ ગ્રોથ શરૂ થાય ?

વિના૦ : સામાન્ય કેઈસમાં બે જ બાટલી પૂરતી છે; પણ વધુ અઘરા કેઈસ હોય તો છ બાટલી તો ભયો ભયો.

આગં૦ : તો એમ કરોને, લો આ સિત્તેર રૂપિયા, ને એ બારે બાટલી મને જ આપી દો.

વિના૦ : ના ના શેઠ, એમ તો કેમ બને ? જેમના ઑર્ડર સ્વીકારાઈ ગયા છે એમને પછી શો જવાબ આપીએ ?

આગં૦ : મારે કન્સેશન નથી જોઇતું, બસ ? સવા ઇકોતેર ગણી લો, ચાલો હવે.

સુધા૦ : પણ ડઝન બાટલી આપ શું કરશો ?

વિના૦ : આપના પુત્રો પણ આ તેલ વાપરે તો તો અમારું આવી જ બનેને ?

આગં૦ : એમ કેમ ?


વિના૦ : એમના વાળની ગ્રોથ એટલી ઝડપી બની જાય કે એમના વાળ કાપ્યા પછી અમારી કાતર જ બુઠ્ઠી થઈ જાય.

આગં૦ : શું કહો છો ?

વિના૦ : ત્યારે હવે...

આગં૦ : ભલે ભલે, જાઓ હું વચન આપું છું કે આ તેલ મારા પુત્રો નહિ વાપરે. એ તો 'એ'ને માટે લઈ જાઉં છું; એના વાળ સહેજ ટૂંકા છે.

વિના૦ : ઓહ ! એમ કે ? (સુધાકર અને વિનાયકના મુખ ઉપર સ્મિત પથરાય છે).



આગં૦ : (સહેજ ગેલમાં આવી જઇને) તમે એમ માનો છો કે તમે જુવાનિયાઓ જ રસિક હોઈ શકો ? રખે એવું માનતા. તે સિવાય આ બાર બાટલી લઈ જતો હોઈશ ?

વિના૦ : પણ સાહેબ બાકીના ગ્રાહકો અમને ગાળો દેશે હો.

આગં૦ : અરે મારું નામ દેજોને, કોઈ આંગળી નહિ ઊંચી કરે.

સુધા૦ : આપનું શુભ નામ ?

આગં૦ : મને નવાઈ લાગે છે—શહેરમાં રહો છો છતાં તમે મને કેમ ન ઓળખ્યો.

વિના૦ : કૉલેજના વર્ગો અને હૉસ્ટેલની ઓરડીમાં જ અમારું જીવન વ્યતીત થયું છે.

સુધા૦ : અને આમે ય અમે બહારગામના તો ખરા જ ને ?

આગં : આ શહેરની સાત મિલોમાં હું ડાયરેક્ટર છું. તમારા સમિતિવાળા કૉર્પોરેશનના મેયરપદ માટે મારે આંગણે આંટા ખાતા હતા; હું ધારાસભા માટે ઊભો રહું તે માટે કેટલાં નહોરાં કરતા હતા...અરે મને તો પંતપ્રધાને જાતે નાણાંપ્રધાનપદની ઑફર કરેલી... પણ ઊંહું...

સુધા૦ : એમ, એમ ?

આગં૦ : ત્યારે ?

વિના૦ : આપની મહત્ત્વાકાંક્ષા ત્યારે મધ્યસ્થ સરકારમાં નાણાંમંત્રીને પદે જવાની હશે. એમ થાય તો અમારા જેવા ભણેલા બેકારોનો પ્રશ્ન જરા સહાનુભૂતિથી ઉકેલજો.

આગં૦ : ના રે, એવી મહત્ત્વાકાંક્ષાથી હું પર છું. તમે ઇતિહાસ તો ભણ્યા જ હશો. 'કિંગ' કરતાં 'કિંગમેકર'નું મહત્ત્વ વધારે છે એ જાણો છો ને ? બસ ત્યારે, આપણે આ શહેરમાં, આ દેશમાં એવા કિંગમેકર્સમાંના એક છીએ અને એ જ સ્થાને રહેવા માગીએ છીએ.

વિના૦ : અમારો દિવસ ફળ્યો ત્યારે. ચાલો હવે પેલો વટહુકમ વહેલી તકે—

આગં૦ : તે બાબતમાં નિશ્ચિંત રહેજો (દર્પણમાં જોઈને માથે ટોપી મૂકતાં) તો હવે છોકરાઓને કયારે મોકલું ?

વિના૦ : (સુધાકરને ધીરેથી) વટહુકમ બહાર પડે તે દિવસે જ મોકલવા કહીશુંને ?

સુધા૦ : (બેઠા અવાજે) તું પણ શું વિનાયક ! (મોટેથી) ગમે ત્યારે સાહેબ, આજે સાંજે મોકલશો તો પણ વાંધો નથી.

આગં૦ : ભલે ભલે...ચાલો ત્યારે (ખિસ્સામાંથી પાકીટ કાઢી રૂપિયા ગણી આપતાં) આ રૂપિયા ગણી લો. હમણાં શૉફરને મોકલું છું, બાટલીઓ એને સાંપશો.

વિના૦ : નહિ રે સાહેબ, એમાં શૉફરનું શું કામ છે ? અમે મૂકી દઈશું. (બંને બાટલીઓ ઊચકીને મોટરમાં મૂકવા જાય છે તેમની પાછળ જતાં જતાં—)

આગં૦ : કેવા નિરભિમાન યુવાનો છો તમે ! દેશનું ભાવિ ખરેખર ઉજ્જ્વળ છે (જાય છે. થોડીવાર પછી વિનાયક-સુધાકર પાછા ફરે છે).

સુધા૦ : અરે વિનુ, આ તો પેલી રાધાકિશન ટેક્સ્ટાઇલ મિલ્સના માલિક શેઠ—

વિના૦ : તેં શા ઉપરથી ધાર્યું ?

સુધા૦ : એમની સ્ટુડબેકરનો નંબર ન જોયો ? આપણા સ્નેહલની બહેનપણી વનિતા આ જ મોટરમાં કૉલેજ આવતી હતી.

વિના૦ : પણ એ મહારથી હજી પાછો કેમ ન ફર્યો ?

સુધા૦ : મહાશયને ત્યાં ચાપાણી પીવા બેસી ગયો હશે. મૂળે ઍટ્રૅક્ટિવ પર્સનાલિટી અને પાછો બટકબોલો !

વિના૦ : પણ એ તે ત્યાં વતુ કરવા ગયો છે કે દોસ્તી કરવા ? એક ઘરાક પતાવતાં આટલી વાર કરશે તો કંપની કેમ ચાલશે ?...અરે, પણ મેં તને એક કપ ચા ને બે રકાબીનો ઑર્ડર આપવા કહ્યું'તું તેનું શું થયું ?

સુધા૦ : યાર, દાસ હવે આપણને ઉધાર આપવાની ના કહે છે. ને આમે ય હવે સ્નેહલને

આવવા દે, શેઠ સાહેબનું ખિસ્સું કાતર્યું છે તો ત્રણે આજે ચાનો ફુલ ડોઝ પીએ.

વિના૦: દાસની આટલી હિંમત? એક વાર આ ખુરશી ઉપર મારે ઝપાટે ચઢવા દે... સ્નેહલે પણ ખરી કરી?

સુધા૦: પાછો બગડ્યો? મને તો લાગે છે, કદાચ સ્નેહલ બીજી વરધીએ ગયો હશે. પેલા શેઠસાહેબે ખુશ થઇ એમના બીજા મિત્રો ઉપર ભલામણપત્ર લખી આપ્યો પણ હોય.

વિના૦: એટલી હદે શેઠને ખુશ કરવાની સ્નેહલની આવડત માટે મને શંકા છે. આ એક વરધી પણ બરાબર પાર ઉતારી હોય તો–

[એટલામાં બહારની બાજુ સાઇકલ જોરથી પાર્ટિશન સાથે પછડાવાનો અવાજ આવે છે, ને તુરત હાંફળોફાંફળો સ્નેહલ પ્રવેશે છે. પહેરવેશ સારી જાતનો છતાં અસ્તવ્યસ્ત છે, શ્વાસ ધમણની જેમ ચાલે છે એ પરથી મારમાર સાઈકલે આવ્યો હશે એમ લાગે છે] જો આ આવ્યો. આયુષ એનું સો વર્ષનું જણાય છે.

સ્નેહલ: (હાંફતાંહાંફતાં) કપાળ સો વર્ષનું! મારાં સો યે હમણાં પૂરાં થઈ ગયાં હતાં!

સુધા૦: કેમ, કેમ?



વિના૦: આમ પાછળ આખલો પડ્યો હોય તેમ સલૂનમાં શું ધસી આવ્યો?

સ્નેહલ: આખલો નહિ, પાછળ આખલા–

વિના૦: એટલે?

સ્નેહલ: અરે યાર, શ્વાસ તો હેઠો બેસવા દે; પછી માંડીને બધી વાત કરું છું.

વિના૦: અને આપણી સામગ્રી ક્યાં?

સુધા૦: સામગ્રી?

વિના૦: આપણાં ઓજારો, ઇન્સ્ટ્રુમેન્ટ્સ–

સુધા૦: હજામત ને વાળ કાપવા માટેનાં સાધનોની વાત કરે છે ને? એ તું ભુલીને આવ્યો કે શું સ્નેહલ?

સ્નેહલ: ભૂલી શું જાઉં, યાર! સામાન લાવવાનું ભુલાવી દીધું, ખો ભુલાવી દીધી—

સુધા૦-વિના૦: એટલે?

સ્નેહલ: આપણે કરેલી ટેનીસ સેક્રેટરીશિપ, હવામાં રૅકેટ વીંઝતાં આવડતું તે મૂકી અસ્ત્રો ફેરવવા માંડ્યો, પછી પરિણામ શું આવે?

સુધા૦: કોઈનું ખૂન તો નથી કરી આવ્યો ને?

સ્નેહ૦: ના, એટલી હદે વાત પહોંચી નહોતી.

વિના૦: તો કેટલી હદે પહોંચી હતી? દાઢી કરતાંકરતાં કોઈનો કાન તો નથી કાપી—

સ્નેહ૦: ના ભાઇ ના; પણ પાછળથી શેઠે મને જે ટ્રીટમેન્ટ આપી તેની આગળથી ખબર હોત તો એમનાં નાક કે કાન બેમાંથી એકાદનો ખુરદો જરૂર થાત. (ઉશ્કેરાટથી સલૂનમાં આંટા મારે છે.).

સુધા૦: પૂરી વાત તો કર.

સ્નેહ૦: આ ધંધામાં આપણે એપ્રેન્ટીસ–શિખાઉ-છીએ એ વાત મેં પહેલેથી એમને કરી જ હતી. નાનકડી ભૂલ થઈ પણ જાય... એટલી સહનશક્તિ એમણે કેળવવી ન જોઇએ?

વિના૦: પણ તું શું હોનારત કરી આવ્યો તેની વાત કરને.

સ્નેહ૦: સિનેમા-નટોનું જોઈને શેઠ સાહેબે કલમ સહેજ જાડી અને વધુ નીચી રાખેલી; ભૂલથી અસ્ત્રો સહેજ ઉપરથી ફરી ગયો તે કલમ ટૂંકી થઇ ગઈ. સાબુ તળે દટાએલી, તે મને શી ખબર કે કઇ જગ્યાએથી દાઢી છોલવાની હશે. અને અરધો ઇંચ કલમ ઓછી થઇ ગઇ તેમાં થઇ શું ગયું? ફરીથી શું નહિ ઊગે?

વિના૦: તને કેટલીવાર પ્રૅક્ટિકલ ડેમોન્સ્ટ્રેશન આપ્યું છે કે રેઝરની ધારને છરતી રાખી કલમ ઉપરનો સાબુ લૂછી નાખી, જ્યાંથી દાઢી શરૂ થાય ત્યાંથી—

સ્નેહ૦: કેટલી વાર એની એ વાત યાદ કરાવીશ? થીઅરી અને પ્રૅક્ટીસમાં તફાવત રહેવાનો જ... આપણા શિક્ષણનો પાયો જ એવો કાચો છે ત્યાં શું થાય? પૂજ્ય બાપુજીની કેટલી યે વાતો આપણે A થી Z સુધી જાણીએ છીએ, પણ અમલમાં—

સુધા૦: તું તારો ખોટો બચાવ કરે છે સ્નેહલ. આ વાતમાં વળી તું પૂ૦ બાપુજીને ક્યાં લઈ આવે છે? તને પણ આપણા નેતાઓ જેવી ટેવ ક્યાંથી પડી?

સ્નેહ૦: તમારા સૌના પનારે ન પડ્યો હોત અને છોટુભાઇ સાહેબની વાત માનીને નેતાગીરીની તાલીમ લેવા ગયો હોત તો અત્યાર સુધીમાં ક્યાં યે ગોઠવાઈ ગયો હોત.

સુધા૦: લે હવે, એનો પસ્તાવો કર્યા સિવાય મૂળ વાત ઉપર આવીશ? અરધો ઇંચ કલમનો ભોગ લીધો—પછી?

સ્નેહ૦: શેઠ સાહેબે મૂછો પણ તલવાર-કટ રાખેલી. તે સમારવાનું કામ પણ અસિધારાવ્રત જેવું અઘરું છે એ પણ આજે જ સમજાયું.

સુધા૦: એ શું પાછું?

સ્નેહ૦: મૂછની તલવાર બરાબર અણિયાળી રહે તે રીતે આજુબાજુ ઊગેલું જંગલ સાફ કરવામાં હું તન્મય બન્યો હતો. હવે મારી ફરિયાદ એ છે કે શેઠસાહેબના વરંડામાં હું એમની આ રીતે માવજત કરતો હતો ત્યાં એમની દીકરીને સવારનાં છાપાં લઇને આવવાની શી જરૂર હતી?

વિના૦: એમાં તારું શું બગડ્યું?

સ્નેહ૦: મારું તો કંઇ ન બગડ્યું પણ શેઠસાહેબની તલવાર ડિઝાઈન બગડી ગઈ—તલવારની ધારમાં ખાંચ પડી ગઇ.

વિના૦: તું સખણો નહિ રહ્યો હોય?



સ્નેહ૦: ચંપા સાથે વાગ્દાન થયા પછી દુનિયાભરની બાકીની બધી જ સ્ત્રીઓ મારે માટે મા-બહેન સમાન છે.

સુધા૦: તો પછી થયું શું?

સ્નેહ૦: શેઠની દીકરીએ મને ઓળખી પાડ્યો: 'પપ્પા પપ્પા, આ તો અમારી કૉલેજના ટેનીસ સેક્રેટરી હતા તે સ્નેહલ પરીખ—'ને મારો હાથ ધ્રૂજ્યો. શેઠસાહેબને આપણો બેકારી નિવારણનો રચનાત્મક પ્રયોગ એ 'પ્રૅક્ટિકલ જોક' લાગી, કલમ ને મૂછ બગાડી એટલે ખૂબ ગુસ્સે થઇ ગયા ને 'દરવાન દરવાન પકડો આને! આ હજામ નથી, આ તો ફરેબી છે; પોલીસને સોંપી દો...' એમ બૂમાબૂમ શરૂ કરી.

સુધા૦: ઓ બાપ રે!

વિના૦: આપણા આવા બેકારી નિવારણના ખંતીલા પ્રયોગોનો આ નતીજો?

સ્નેહ૦: દરવાનો અને નોકરોનું ટોળું વીંટળાઈ વળે તે પહેલાં જ બધું જેમનું તેમ રહેવા દઇને જીવ લઇને સાયકલ ઉપર ભાગ્યો. આ બેકારી ટાળવાના પ્રયોગપાછળ માનમરતબો, હલકું કામ, ઊંચું કામ, આવકજાવક–એ બધા ખયાલો વિનાયકના કહેવાથી બાજુએ મૂક્યા હતા; પણ દરવાનોની લાઠી ઝીલી જાન હોડમાં મૂકવાની મારી તૈયારી ન હતી, હું સાચું કહું છું.

વિના૦: આવી કાયરતા?! શહાદત વિના સિદ્ધિ નથી, સ્નેહલ.

સ્નેહ૦: તું મારે સ્થાને હોત તો ખબર પડત.

વિના૦: મારી એવી કસોટી આવે ત્યારે બતાવીશ.

સુધા૦: એમાંનો કોઈ દરવાન આપણી સલૂનનું ઠેકાણું તો જાણતો નથી ને?

સ્નેહ૦: વરદી આવેલો હતો તે હોય—

સુધા૦: તો તો માર્યા ઠાર.

વિના૦: શું છે? કોઈની ચોરીબોરી કરી છે?

સુધા૦: પણ તને નથી લાગતું, વિનાયક, કે આપણે વધુ સારીરીતે આ કામ શીખી લેવું જોઇએ? વૈજ્ઞાનિક તાલીમ વિના—

સ્નેહ૦: I too feel that way.

વિના૦: (વિચાર કરીને) તો તું એક કામ કર સ્નેહલ.

સ્નેહ૦ : શું?

વિના૦ : છોટુભાઈ સાહેબે લગ્ન પછી તને ને ચંપાને વિલાયત મોકલવાની ખાતરી આપી હતી,—લગ્નની એ એક શરત જ ગણોને.

સ્નેહ૦ : નાઆ...

વિના૦ : મારી વાત નહિ સાંભળે?

સ્નેહ૦ : બોલ, બાપ બોલ.

વિના૦ : તું લગ્ન ઝટપટ પતાવીને સીધો અમેરિકા જતી સ્ટીમર ઉપર ચડી બેસ.

સ્નેહ૦ : શા માટે?

વિના૦ : આજકાલ કેટલા બધા હિંદીવાન કયીકયી જાતના અભ્યાસ કરવા માટે—ડિગ્રી ડિપ્લોમા અનુભવ કે એફિશીઅન્સી મેળવવા માટે અમેરિકા જતા હોયછે. એકાંતરે છાપાંમાં આપણે વાંચીએ છીએ, જાહેરખબરનું ખર્ચ આપીને ફોટા પણ છપાવ્યા હોય છે, અને—

સુધા૦ : નીચે છાપ્યું હોય છે, વધુ અભ્યાસ માટે, કે ધંધાના વિકાસાર્થે કે લાભાર્થે કે—

વિના૦ : ફલાણાભાઈ અમેરિકા જવા ઉપડી ગયા કે જશે કે જવાનો વિચાર કરે છે. એવું તું પણ કર ને.

સ્નેહ૦ : એટલે કે હું કેશકર્તન અને વતુની આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિનો અભ્યાસ કરવા માટે મારાસસરાના પૈસે અમેરિકા જાઉં, એમ?

વિના૦ : હા, એમાં શું? ત્યાં તું લૉસ એન્જેલિસ કે હૉલીવૂડના કોઈ ફૅશનેબલ સલૂનમાં પ્રૅકટિકલ ટ્રેઇનિંગ લેજે. ત્યાંથી તું પાછો ફરીશ પછી આપણે પણ છાપામાં છપાવીશું—

સુધા૦ : શું?

વિના૦ : કલાર્ક ગેબલની મૂછોના આંકડા સમારનાર, રૉબર્ટ ટેઈલરનાં ઝુલ્ફાંની માવજત કરનાર, વર્જિનિયા મેયોની સોનેરી લટોને આકાર આપનાર શ્રી સ્નેહલ પરીખ, એક્સ્પર્ટ હેરડ્રેસર, જેઓ અનુસ્નાતક કેશકર્તન મંદિરના અગ્રગણ્ય ભાગીદાર છે તેઓ રોજ સવારે ૭થી૧૦ અને સાંજે ૫થી૮ સ્વયં ગ્રાહકોની ખિદમત કરશે. બસ, આવી જાહેરાત પછી બીજા દિવસથી સલૂન બહાર કયુ ન લાગે તો મને કહેજે.

સુધા૦ : ખરેખર વિનાયક, તું તો ભેજું છે. વિચાર કરવા જેવી વાત છે.

વિના૦ : વિચાર કરવા જેવી નહિ, અમલમાં મૂકવા જેવી વાત છે.

સ્નેહ૦ : પણ છોટુભાઈ સાહેબ માનશે?

વિના૦ : છોકરીનો બાપ છે; જખ મારીને માનશે. લગ્ન પહેલાં જ વાત ઉપાડવાની, તો જ માનશે. ન માને તો રાજીનામું—

સ્નેહ૦ : ના ના ચંપા વિના—

વિના૦ : તું યે શું સ્નેહલ? એ તો ધમકી આપવાની. અમલમાં મૂકવા વારો જ નહિ આવે ને? આવો ફતવો તું બહાર પાડીશ કે તારો પૅસેજ કઢાવ્યો જાણ.

સુધા૦ : એમ નાહિંમત શું થાય છે, બંધુ? લે હિંમત સે કામ બંદે—(એટલામાં બહારથી બૂમ સંભળાય છે–'એય બહાર આઓ, સલૂનકા માલિક કોન હૈ?')



વિના૦ : કોઈ હિંદુસ્તાની ઘરાક લાગે છે. જો તો સ્નેહલ કોણ છે? [સ્નેહલ બહાર ડોકિયું કરી તુરત ઝડપથી પાછો ફરે છે. એના મુખ પર ભય છવાયો છે.]

સ્નેહ૦ : પેલા શેઠનો ભૈયો લાગે છે.

વિના૦ : તે એમ ગભરાય છે શું? અંદર બોલાવી લાવને.

સ્નેહ૦ : ના યાર ના. એની પડછંદ કાયા જોઇને જ મારાં તો ગાત્ર ગળી જાય છે. તું...તું વિનાયક એને જવાબ આપ.

વિના૦ : આમ ને આમ ડરતા રહેશો તો સલૂન કેમ ચલાવશો? (બહાર જાય છે).

સુધા૦ : તું આમ નર્વસ કેમ થઈ ગયો?

સ્નેહ૦ : કંઈ કરી બેસશે તો? (બહાર વિનાયકનો અવાજ સંભળાય છે) સાંભળ તો, વિનુ શું કહે છે? (સ્નેહલ અને સુધાકર સલૂનનાં બારણાં પાસે ઊભા રહે છે.)

વિનાયકનો અવાજ : તો કયા હો ગયા? નયા સિખાઉ આદમી હૈ, ભૂલ થઈ બી જાય.

ભૈયાનો ઘેરો અવાજ : શેઠ સાહબને કહા હૈ ઉસકી હડ્ડી તોડ દો, અગર ખાલી હાથ આયા તો નૌકરી મેં સે જવાબ દે દૂંગા...

વિનાયકનો આજીજી ભર્યો અવાજ : તુમ ભી ભૈયાજી કૈસી બાત કરતા હો? આઇયેના, અંદર આઇએના. તુમેરી હજામત કીતની વધી ગઈ હૈ...તુમેરી હજામત અચ્છી બનાવી દઉં...આઇએના.

ભૈયાનો અવાજ : નહિ જી, હમ તો હમારે દેશવાલોં કી–

વિના૦ : તો કયા હમ બી તુમારે દેશવાલે નહિ હૈ? કેવી વાત કરતે હો! કભી હમેરી ખુરસી પર બૈઠ કર હજામત કરાવો, નીંદ આ જાયગી...આઇએના

સુધા૦ : માળાએ ભૈયાને પલાળ્યો, હો.

સ્નેહ૦ : અરે, પણ પેલો તો લાઠી લઈને અંદર આવે છે.

વિના૦ :(પ્રવેશ કરતાં) લાઠી બહાર રાખો ભૈયાજી.

ભૈયાજી : (પ્રવેશ કરતાં) નહિ જી, હમારે પહલવાનને સિખાયા થા કિ બેટા કભી લાઠી છોડકે કહાં ન જાના. (પૂરો પાંચ હાથ ઊંચો હિંદુસ્તાની દરવાન પ્રવેશે છે. માથે ભૈયા ટોપી, કાછોટો વાળેલું ટૂંકું ધોતિયું, બાંહ્ય ચડાવેલો જભ્ભો, ખભા ઉપર ગમછો, હાથમાં કાન સુધી પહોંચતી જાડી લાઠી. સ્નેહલને જોઇને તડૂકે છે) તુમ તો વહાં સે ભાગ આયા થા, મગર અબ સિર તોડ કે જાઉંગા...શેઠ સાહબને ફરમાયા હૈ–

વિના૦ : હં હં ભૈયાજી, તુમ તો અબ હમરે દોસ્ત હો ગયે...આઇએ ના, યે ખુરસી તુમારે લીએ હૈ.

ભૈયા૦ : (ખુરસી ઉપર પલાંઠી વાળીને બેસે છે) ઠીક હૈ, હમેરી હજામત હો જાને દે, ફિર બાત. (સુધાકર સાબુ ધરે છે, વિનાયક બ્રશથી દાઢી ઉપર સાબુ લગાવે છે. ભૈયો અકળાય છે પણ દર્પણ તરફ જોઇને પોતાની જાત ઉપર વારી જતો હોય તેમ મૂછો આમળ્યા કરે છે)

વિના૦ : ઇતની દફે હમેરે દોસ્તદાર કો માફ કર દેના. હમ લોક તુમારી હજામત અઠવાડીએ અઠવાડીએ મુફત કરેંગે.

સુધા૦ : હા હા, એમાં શું? એ બહાને સૌ ભૈયાઓમાં આપણી સલૂનનો પ્રચાર થશે.

ભૈયા૦ : માફ કર સકતા હું, મગર એક શર્ત–

વિનાયક : કયા?

સુધાકર : શું?

ભૈયા૦ : ઈસ શહરકી ભૈયા એસોસીએશન કા મંય પ્રસિડન્ટ હું.

વિના૦ : હેં?!


સુધા૦ : એવળી કયારે અસ્તિત્વમાં આવ્યું?

સ્નેહલ૦ : હં, હં...ઇસકા કયા હૈ?

ભૈયા૦ : ભૈયા એસોસીએશન કે સબ સભ્યોંકી હજામત મુફત–

વિના૦ : (અસ્ત્રો થંભી જાય છે) હેં?!!

સુધા૦ : કેટલા–કિતના સભ્યો હૈ ભૈયાજી?



ભૈયો : સિર્ફ ઢાઇસો.

સુધા૦ : બાપ રે!

વિના૦ : (દૃઢતાથી) એ તો ન પોસાય (અસ્ત્રો લૂછી નાખતાં) એ કરતાં તો સલૂન બંધ કરવી સારી. (સખત અવાજે) પણ બંધ કરવા અમે આ સલૂન ખોલી નથી...એ ય ભૈયા! ઊઠ! ચલ ભાગ યહાંસે—

સ્નેહલ : અરે અરે વિનુ, શું કરે છે?

વિના૦ : (કાતરથી ભૈયાની મૂછનો એક અંકોડો એને ખબર ન પડે તેમ સિફતથી કાપી

નાખતાં) સુનતા નહિ હૈ? એય ભૈયા ! ઊઠ યહાંસે–

સ્નેહલ : તેં આ શું કર્યું ?

વિના૦ : અરે ત્રણે ભેગા થઈને એને ફેંકી દઈએ બહાર–

ભૈયા૦ : આગે હજામત ખતમ કરો, વહાં તક નહિ હટે'ગે. (એટલામાં બહારથી ૩૨-૩૫ વર્ષનો સેલ્સમેન—વીમાએજંટ તથા પેલા ટાલિયા શેઠ ઝડપથી પ્રવેશે છે)

સેલ્સમેન : અરે મિ. હજામ!

વિના૦ : જરા જીભ સંભાળો!

સેલ્સ૦ : જીભ શું સંભાળે? આવી ચારસો વીસી કરો છો ?

શેઠ૦ : તમે તો કહેતા હતા ને કે લોશન તમે બનાવ્યું છે? પણ આ સેલ્સમેન મારે બંગલે એમનો માલ વેચવા આવ્યા ત્યારે તમારી લુચ્ચાઈની જાણ થઈ. ચાલો મારા પૈસા પાછા આપો. દોઢ રૂપિયે રતલના તેલના રૂપિયા છ પડાવી લીધા !

વિના૦: લાવો અમારું બિલ ક્યાં છે? અમે માલ તમને વેચ્યો હતો તેનો કોઇ પુરાવો ?


શેઠ૦: ઓત્તારીની ! તમે કૉલેજિયનો પણ આવું શીખી ગયા ?

વિના૦ : એવી આવડતનો ઇજારો તમારો છે શું ? એવી બધી હોશિયારીમાં તો તમે જ અમારા ગુરુ છો, શેઠ.

શેઠ : બસ બસ હવે; બહુ જીભ લાંબી થઇ ગઈ છે કેમ ?

ભૈયા૦ : અરે હમારી હજામત તો કરો એ ય (દર્પણમાં જોતાં) અરે મેરી મૂછ !

શેઠ : હમણાં જ પૈસા પાછા આપો નહિતર જોવા જેવી થશે. (બારણાં પાસે જઇને) અરે અભેસંગ, અહીં આવ તો-(વિનાયકને)



સીધીરીતે પૈસા આપો નહિતર તમારી સલૂનનો સામાન મારો શૉફર ઉઠાવી જશે.

સેલ્સ૦ : અને અમારા માલનાં લેબલ કાઢી તમારાં બનાવટી લેબલ લગાવવા માટે હું પોલીસમાં ફરિયાદ નોંધાવું છું. (જાય છે.)

ભૈયા૦ : (કપાએલી મૂછ પર હાથ ફેરવતાં) અરે યે ક્યા કિયા તુમને? તુમ લોક હજામ હો યા ઔર કુછ ? (જોરથી લાઠી પછાડે છે ત્યાં અભેસંગ શૉફર પ્રવેશે છે)

શેઠ : આ લોકો સીધેસીધા રૂપિયા પાછા ન આપે તો એમનો સામાન મોટરભેગો કરો.

વિના૦ : સામાનને હાથ તો અડકાડો, પોલીસમાં ગૃહપ્રવેશ અને લૂંટની ફરિયાદ ન દાખલ કરું તો–

શેઠ : પોલીસ ? પોલીસ તમારું માને છે કે અમારું એનું પારખુ કરવું હોય તો કરી લેજો. શું જુએ છે અભેસંગ, સામાન ઉઠાવીને મોટરમાં ખડકો ! (બહાર જતાં) તમે ફરિયાદ નોંધાવો તે પહેલાં હું જ પોલીસને બોલાવી નહિ લાવું ? (જાય છે. અભેસંગ હજામતનો સામાન ઉઠાવી જાય છે તેને રોકતો, ધમકી આપતો સુધાકર પાછળ પાછળ બહાર જતાં)

સુધા૦: મૂકી દે એ સામાન, આ લૂંટ છે.

વિના૦: એમ વિનંતી કર્યે એ નહિ સાંભળે, લગાવ એક ફેંટ; તું ઊભો છે શું સ્નેહલ? જા સુધાકરની મદદે—

સ્નેહલ: પણ આપણને મારામારી શોભે ?

ભૈયા : ક્યા હમેરી કોઈ નહિ સુનેગા?... સા...સુવ્વર કે બચ્ચે (ધડાધડ લાઠીના ઘા કરે છે. એક પછી એક સલૂનની બત્તીઓના ચૂરા થવા માંડે છે) મેરી મૂછ કાટ ડાલી? તેરી સલૂન કી ઐસીતૈસી.

(સ્નેહલ દોડતો બહાર નાસી જાય છે. વિનાયક ભૈયાજી સાથે બાથડે છે. ભૈયાજીના એક ઘાથી છેલ્લી બત્તી પણ તૂટી જાય છે. ઘોર અંધારું પથરાય છે—માત્ર વિનાયકની ઉત્તેજનાભરી બૂમો સંભળાય છે: 'આ સલૂન મારી છે...એના રક્ષણ માટે તો શરીરમાં લોહીનું છેલ્લું બુંદ હશે ત્યાં સુધી લડીશ... લેતો જા, ભૈયા...અરધી શું તારી આખી મૂછ કાપી નાખીશ...લે લેતો જા...લેતો જા!' એ પ્રમાણે બથ્થંબથ્થીના અવાજો અને વિનાયકની ત્રૂટક ત્રૂટક ધમકી સંભળાય છે : 'સુધાકર! ડરપોક! બહાર ગયો તે ગયો જ. આ આપણી સલૂનના ચૂરેચૂરા થઇ ગયા....'

ત્યાં અંધારામાં સુધાકરનો અવાજ સંભળાય છે: 'શું થયું વિનાયક? બૂમો કેમ પાડે છે? બત્તી સળગાવવાની સ્વિચનો અવાજ થાય છે ને તખ્તા ઉપર પ્રકાશ ફેલાય છે. સુધાકર-વિનાયકનો હૉસ્ટેલનો રૂમ દેખાય છે. સુધાકર સ્વિચ પાસે ઊભો છે. વિનાયક પોતાના ખાટલા ઉપર રજાઈના વીંટા ઉપર ભીંસ મારીને ઓશીકા ઉપર મુક્કા માર્યે જતો દેખાય છે... એની બૂમરાણ તો હજી ચાલુ જ છે:]

વિના૦: લેતો જા ભૈયા...એ...એ...આ બીજો—

સુધા૦ : (બે હાથે એને પકડી રાખીને હચમચાવતાં) અરે, આ શું કરે છે વિનાયક! કોણ હાથમાં આવી ગયું? આ રજાઇ ને ઓશીકાએ તારું શું બગાડ્યું છે? અરે રહેવા દે, રહેવા દે!

વિના૦ : (કાંઈક ભાનમાં આવતાં) પેલો ભૈયો ક્યાં ગયો! અને આપણું અનુસ્નાતક કેશકર્તન મંદિર! [ત્યાં બારણાં ઉપર ટકોરા થાય છે. સુધાકર બારણું ખોલે છે અને નાઇટ ડ્રેસમાં સ્નેહલ પ્રવેશે છે.]

સ્નેહલ૦ : આટલી રાતે આ બૂમરાણ શું માંડી છે વિનાયક!

વિના૦ : (હજી અરધા ભાનમાં)હત્તારીની સ્નેહલ, ભાગી ગયોને?

સુધા૦ : પણ થયું'તું શું! કૈં સ્વપ્નું આવ્યું?

વિના૦ : (પૂરો ભાનમાં આવતાં) હેં? અરે હા...સ્વપ્નું જ...સ્વપ્નું જ ખરેખર...અરે પણ કેવી સરસ—

સ્નેહલ૦: શું સરસ? કોઈ સુંદર નવયૌવના જોઇ કે શું?

વિના૦ : એ તને સોંપી.

સુધા૦ : ત્યારે?

વિના૦ : આપણે ત્રણેએ ભાગીદારીમાં જાણે એક સલૂન ખોલી.

સુધા૦: હો...હો! (મોટેથી હસી પડે છે.)

સ્નેહલ૦ :(વિનાયકને વાંસે હાથ ફેરવતાં) પછી એનું શું થયું?

વિના૦ : ચૂરેચૂરા થઈ ગયા એના. આ આપણા લોકો આપણને પગભર થવા જ ક્યાં દે છે? કંઇ નવું સાહસ કર્યું ત્યાં ચારે બાજુથી ભીંસ. સ્વાવલંબી થવા માટે—

સુધા૦ : ગઈ કાલના પ્રો. અધ્વર્યુના ભાષણની વાતો રટયા કરતો હોઈશ. સ્વાવલંબી થવાની ગરમાગરમ ચર્ચા અને પ્રોફેસરની શિખામણો—

સ્નેહલ૦ : એના હૈયા સોંસરી નીકળી હશે.

વિના૦ : ભેજા સોંસરી. લે હવે બત્તી બંધ કર, સુધાકર. (રજાઈ નીચે શરીર લંબાવતાં) પેલા ભૈયાને સલૂન ભાંગતો રોકતાં હું તો હાંફી ઊઠ્યો છું. થોડો આરામ લેવો પડશે.

સ્નેહલ૦ : કોણ ભૈયો?

વિના૦ : તારી પાછળ પડયો હતો તે.

સુધા : કંઇ સમજાય એવું તો બોલ.

વિના૦ : કાલેચા પીતીવખતેવાત. અત્યારે હવે સૂવા દે. ટા ટા સ્નેહલ...

સ્નેહલ૦ : (જતાં જતાં) ટા, ટા, દીકરા વિનુ...Sweeter dreams. (સુધાકર બત્તી બંધ કરે છે.)

વિના૦ : No more tonight.

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની તથા ટિકિટો વિષે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

નવી ટિકિટો

આજુના ચિત્રમાં મથાળે આપેલી અમેરિકાની 'ફૉર્ટ ટાઇકૉનડરોગા'ની ૨૦૦મી જયંતીની નવી ટિકિટ તથા તેનું ફર્સ્ટ-ડે કવર મોકલીને અમેરિકાથી ભાઈ નારાયણ પટેલ લખે છે: 'ન્યૂ યૉર્કની ઉત્તરે લગભગ ૧૫૦ માઈલ દૂર, છુટ્ટીના દિવસો ગાળવાની જગ્યા છે. આ સ્થળ તે લેઈક જ્યૉર્જ. એ સરોવરના ઉત્તરના છેડે અડીને એક બીજું સરોવર તેવડું જ મોટું છે. તેનું નામ લેઈક શેમ્પ્લેન. આ તળાવનો ઉત્તરનો એક છેડો કૅનેડામાં છે. આથી તેનું ઐતિહાસિક મહત્ત્વ વધી ગયું છે.



સૌથી પહેલાં અંગ્રેજો અને ફ્રેન્ચો કૅનેડામાં આવેલા ત્યારે તેમને યુનાઇટેડ સ્ટેટ્સનો પૂરો ખયાલ ન હતો. જ્યારે તેમને જાણ થઈ ત્યારે હોડકાં દ્વારા લેઈક શૅમ્પ્લેનમાં થઈ યુ. સ્ટેટની સરહદમાં ઘૂસવા પ્રયત્ન કરેલો, અને લેઈક જ્યૉર્જની વાટે પોતાનો રસાલો યુ.સ્ટે.માં ખડકી દેવા વિચારેલું.આથી આ બન્ને સરોવરને સાંધતી નાનીસરખી જગ્યા ખૂબ મહત્ત્વની બની. આજથી ૨૦૦ વર્ષ પહેલાં તે સ્થળ ઉપર જેનો કબજો હોય તે અમેરિકાનું માલિક બને તેમ હતું, એટલે ત્યાં કિલ્લો બંધાયો. એનું નામ ફૉર્ટ ટાઇકૉનડરોગા. ઈ.૧૭૫૫માં ફ્રાંસે તે બાંધવાની શરૂઆત કરેલી. ત્યારે તેનું નામ ફૉર્ટ કારીલૉન હતું. ઈ. ૧૭૫૮માં અંગ્રેજોએ તેના પર આક્રમણ કર્યું અને '૫૯માં તેનો કબજો લઇ પાસેના ગામ પરથી તેનું નામ ટાઇકૉનડરોગા પાડ્યું. ૧૭૭૫માં પાછો તે અમેરિકાના હાથમાં ગયો. આમ આ કિલ્લા માટે ખૂબ જ સાઠમારી થએલી. આ બધાંની સ્મૃતિઓ રૂપ તેમનાં આયુધો, હથિયારો અને બીજી સામગ્રી આ કિલ્લામાં સચવાઈ છે, જેનો થોડો ભાગ, એ કિલ્લો છેલ્લો જીતનાર ઈથાન ઍલનની તસ્વીર સાથે ઉપર ફર્સ્ટ-ડે કવરમાં છે.

ગઈ ૧૮મી સપ્ટેમ્બરે આ કિલ્લાને બસો વર્ષ થયાં. એ કિલ્લો આજે આંતરરાષ્ટ્રીય ગણાય છે ને એ સુલેહના સ્થળ પર એકસાથે યુનાઇટેડ સ્ટેટ્સ, ફ્રાંસ અને ઇંગ્લંડની ધજાઓ ફરકી રહી છે.'

એની નીચે ગ્રીસની એક નવતર ટિકિટ છે, જેના પર પાઈથાગોરસનો પેલો ભૂમિતિનો જાણીતો સિદ્ધાંત સામાન્ય માણસને પણ સમજાય એ રીતે આલેખ્યો છે. કાટખૂણાવાળા કોઈ પણ ત્રિકોણના કર્ણ(હાઇપોટેન્યુસ)નો વર્ગ તેની બીજી બે બાજુઓના વર્ગના સરવાળા બરોબર જ થાય, એ સત્ય એમાં, ત્રણે બાજુઓ ઉપર સમ ચોરસ આંકીને સમજાવ્યું હોવાથી, એ ચોરસોનો સરવાળો કરી જોવાથી તરત પ્રતીતિ થઈ જાય છે.

ન્યૂઝીલાંડમાં ઑક્ટોબરથી ડિસેમ્બર સુધી વસંત ઋતુમાં દેશના હજારો કિશોરકિશોરીઓ સરકાર તરફથી રમણીય ગ્રામવિસ્તારો અને કુદરતી સ્થળોમાં ખોલાએલાં આરોગ્ય-કેન્દ્રોમાં ગાળે છે, જેનો નિભાવ ત્યાં દર વર્ષે ખાસ આરોગ્ય-ટિકિટો ને પરબીડિયાં કાઢીને તેની આવકમાંથી કરવામાં આવે છે. એવી આ વર્ષની ટિકિટો પૈકીની એક ઉપર આપી છે.

(જયકાન્ત સૈયદ–અમદાવાદ)

પુરાતન મિસરની રૂપસુંદર રાણી નેફરતીતીનું ત્યાંનાં પિરામિડોમાંથી મળી આવેલું શિલ્પ જગતનાં કલારત્નોમાં ગણાય છે (કુમાર અંક ૨૨૩, પૃ. ૨૦૯). તેના મહોરાવાળી ઇજિપ્તની ટિકિટ. (હિંમત સી. શાહ–અમદાવાદ)

ઈન્ડોનેશિયામાં પહેલી દેશવ્યાપી ચૂંટણીઓ થઈ તે પ્રસંગને સ્મરણાંકિત કરતી ટિકિટ ઉપર છાપી છે. (કીર્તિકુમાર ફૂલચંદ દોશી)

આપનું લવાજમ આ અંક સાથે પૂરું થાય છે ખરું?

આ અંકના પાછલા પૂઠામાં એને લગતું જે નિવેદન આપ્યું છે, તે તરફ આપનું ધ્યાન ખેંચીએ છીએ.

OUR FRIENDS ABROAD

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

સ્વીડનનાં પત્રમિત્રો

નેશન્સ લીગ ઑાવ પેનફ્રેન્ડ્ઝ-મુંબાઇ-૨ તરફથી અમને નીચેનાં સરનામાં મળ્યાં છે. એ સર્વે ૧૫ વર્ષ ઉપરની બહેનો છે અને માત્ર અંગ્રેજીમાં પત્રવ્યવહાર કરી શકશે. દરેક સરનામા નીચે 'સ્વીડન' ઉમેરી લેવું.

1. Christina Lochen, Vasastrand 1, Orebro; 2. Berit Rixon, Markgatan 31 a, Orebro; 3. Eva-Christin ι Tidemalm Rynningegatan 43, Orebro; 4. Christina Weimers, Kīlsgatan 4, Orebro; 5. Britt Westerstrom Mosjo Prastgard, Mosıs; 6. Anna–Cristina Winberg, Kyrkvardsvagen 17, Orebro; 7. Kerstin Akerberg, Hartig Karls Alle 24 b, Orebro.

મુંબાઈના 'ફ્રી પ્રેસ બુલેટિન'માં પ્રકટ થએલા, ન્યૂઝીલૅન્ડના ૫૭ વર્ષના બૅરિસ્ટર શ્રી ઍટકના નેશન્સ લીગ ઑાવ પેનફ્રેન્ડ્ઝ પરના એક પત્રમાં હિંદી પત્રમિત્રો વિષે કરેલી એક ફરિયાદ તરફ અમે વાચકોનું લક્ષ્ય ખેંચીએ છીએ. 'પત્રવ્યવહાર કરનારાઓ શરૂમાં ઉત્સાહિત હોય છે, પણ પછી થોડી સામાન્ય માહિતી માગતાં તે જરા તસદી લઇને શોધી મોકલવાની ખેવના કરતા નથી.' એવી ફરિયાદ કરીને તેઓ એક દાખલો ટાંકે છે કે 'થોડા સમય પર મુંબાઇના એક પત્રમિત્રને લૉર્ડ એલ્ફિસ્ટન મુંબાઈના ગવર્નર હતા ત્યારની તેના વિષેની થોડી હકીકત મેં પુછાવેલી. એ ભાઈ એ વિષે કશું જાણતા નહોતા એ તો ઠીક, પણ લાયબ્રેરીમાં જઇને તે શોધી કાઢવાનું પણ એમણે આળસ કર્યું. આજ સુધી ભારત વિષેની માહિતી મને ખુદ ભારત કરતાં ઈંગ્લંડ અને યુરોપમાંથી વધુ સહેલાઈથી મળી શકે છે.' આ ટીકા આપણા માટે ઘણી શરમાવનારી ગણાય. પત્રમિત્રતા એ કંઈ આપણી બાલિશ જિજ્ઞાસા સંતોષનારું સંપર્કસાધન માત્ર નથી; એની પાછળ આપણી અનેક ફરજો પણ રહેલી છે.

ઈન્ડોનેશિયામાં પત્રમિત્ર મેળવવા ઇચ્છતાં ભાઈબહેનોએ નીચે જણાવેલી ક્લબને પોતાનું નામ, સરનામું, શૉખ, અભ્યાસ, જાતિ અને વય લખીને, (સાથે પોસ્ટેજ માટે બે આનાની કોરી ચાલુ ભારતીય ટિકિટ મોકલીને) સંપર્ક સાધવો. પત્રવ્યવહાર અંગ્રેજીમાં કરી શકનાર વ્યક્તિએ જ લખવું : 'મંત્રી, ઇન્ટરનૅશનલ પેન-ફ્રેન્ડ્ઝ ઇન્ટિમસી ગ્રૂપ, ૭/૩૨ કલ્યાણ બિલ્ડિંગ, ખાડિલકર રોડ, મુંબાઈ–૪'

પરદેશી પત્રમિત્રો

(1) Abdul Satar Haji Yusufmia, Age 19, C/o Haji Yusufmia Haji Abdullamia, Po. Box No. 11, Mbeya (T.T.), Stamps, Photography, Sports; (2) Kassim Rahemtulla, Age 25, Add.asabove, Geography-magazines, Literature; (3) Farid Mansuri, Age 20, Hilal, Book Stall, Aja Mauji Street, Ranchhod Line, Karachi (Pakistan), Penfriendship, Photography; (4) Abdul Qadir Qadri, Age 24, P. B. 4167, Karachi-2 (Pak.), Penfriendship, Stamps; (5) Ranchhod G. Raghavani, Age 18, P. B. No. 2291, Kampala (Uganda, B. E. Africa), Photography, Reading; (6) Manu P. Patel, Age 23, P. O. Box 60, Broklin Hill, N. Rhodesia, Stamps, Photography, Touring, Correspondence, Cinema; (7) S. Samsudeen, Age 15, 562 Main St., Matale (Ceylon), Stamps, Sports (ઉલ્લેખ : R.K. Mehta, 64-C Opera House T. T., Bombay-4); (8) Kanubhai Premji Patel, Age 19, P. B. No. 241, Jinja (Uganda, B. E. Africa), Photography, Stamps, Politics, Coins, Magazines; (9) Helga Guske, Girl–19, 20. Page Street, London SW-I (England), Drawing, Painting, Music, Literature; (10) Ruth Jedelhouser, Girl-20, Schrodeel Housen, Balmhoblr 13, Deutschland, Literature, Drawing, Painting; (11) Heidi Wog, Girl-17, 'Jakobsmihe', Post Neuendethlsañ (Germany), Reading, Writing, Music; (12) Anneliese Albrecht, Girl–19, Walsum am Rhein, Theodorstra Be 13 (Germany), Political & Religious Problems, has a great interest in 'India'; (૯ થી ૧૨, ઉલ્લેખ : Haresh Nimavat, Railway Boarding House, Takhteshwar Plot, Bhavnagar (Saur.)); (13) Jayendra V. Shah, Age 15, P.O. Box 2174, Mombassa (Kenya Colony), Stamps, First Day Covers; (14) Rameshchandra R. Patel, Age 16, P. O. Box 437, Arusha (T. T. B. E. Africa), Stamps, Reading, View Cards; (15) Mustafa Gulamali, Age 17, P. O. Box 10093, Nairobi, Kenya (East Africa), Stamps, View Cards, Magazines; (16) N. A. Mistri, Age 21, P. O Box 6566, Nairobi, Kenya (B. E. Africa), Stamps, F. D. Covers; (17) Haji Hasim Ibrahim, Age 20, Nazimuddin Street, Naukwada, Karachi-2 (Pak.), Pen-friendship; (18) David Chin Woel Chion, Age 14, Adelaide House, Salak South, New Village, Kuala Lumjour, Malaya, Stamps, View Cards; (19) S. D. Mahindsonda, Age 18, S.S.C. Prep. A, Matugama (Ceylon), (ઉલ્લેખ : Shashi Shah, Jekore Nivas, Dixit Rd., Bombay–24); (20) Jagdish Manibhai Patel–15, P. O. Box No. 2032, Kampala (Uganda, E. Africa), Stamps, Painting, View Cards, Sports.

હિંદી પત્રમિત્રો

(306) Bhupendra Papatlal Shah–17, 1122, Dhana Suthar's Pole, Gundi Pole, Soni Street, Ahmedabad, Stamps, Photography; (307) Pranlal H. Desai—19, Navapura, Ravasa Street, Kutch Mandvi, Stamps, Coins, Films; (308) Ranchhodbhai D. Patel–31, Koliyad, Karjan, Via Palej, Stamps, Farming, Spinning, Photography; (309) M. Essar–17, Abal-Cottage, Masjid Street, Manavadar (Saur.), Stamps, Photography, Novels, Magazines, Drawing; (310) Rajani Z. Vora–16, Near Court, Manavadar (Saur.), Drawing, Songs; (311) Purnima Gunvantlal Choksi–16, Opp. Gatrad's Pole, Mandvi's Pole, Ahmedabad, Reading, Knitting, Stamps, Match–Lables; (312) Amritlal P. Bhansali–16, Marwadi Chawl, Mahatma Gandhi Road, Bombay-39, Stamps, Playing, View-Cards, Cycling, Running; (313) Sunderlal Mohanlal Shah–19, Patelwaga, Dabhoi, Reading, Travelling, Photograpy. (ચાલુ)



માધુકરી

સૌન્દર્યનાં રૂપ અનેક દીઠાં,
દીઠું નહીં માનવદેહ જેવું;
આનંદનાં રૂપ અનેક જોયાં,
જોયું નહીં અંતરસત્ય જેવું.

(ઉત્તરાયન) —દેશળજી પરમાર


હાલ્ડેર લાક્સનેસ : આ વર્ષના સાહિત્યના નોબેલ ઇનામનો વિજેતા

આઈસલૅન્ડ જેવા જગતના ઓછા જાણીતા અને ખૂણે પડેલા દેશના એક ગરીબ મજૂરનો હાલ્ડેર કિલ્જાન લાક્સનેસ નામનો છોકરો આ વર્ષનું સાહિત્ય માટેનું નોબેલ ઇનામ જીતી ગયો છે. આઈસલૅન્ડનો એ પ્રતિભાશાળી નવલકથાકાર, નિબંધકાર, કવિ અને નાટકકાર આજ ઘણાં વર્ષોથી એ પુરસ્કાર માટેનો હરીફ હતો તે આ વર્ષે સફળ થતાં જગતને સાનંદાશ્ચર્ય થયું છે.

ઈ. ૧૯૦૨ની ૨૩મી એપ્રિલે આઈસલૅન્ડ(ગ્રીનલૅન્ડના અગ્નિ કોણે આવેલા આટલાંટિક મહાસાગરમાંના એ નાનકડા ટાપુ)ના પાટનગર રેકાયાવિકમાં અત્યંતગરીબીમાંજન્મી શિક્ષણ લેતાં લેતાં ૧૭ વર્ષની વયે તેણે પ્રથમ સાહિત્યસર્જન કર્યું તે 'ચાઈલ્ડ ઑવ નેચર' નામક નવલકથા. કુમારવયના પોતાના પ્રકૃતિપ્રિય સ્વભાવને આલેખતી એમની કલમ, ત્યારથી, આંખે જોએલા અને અંતરે અનુભવેલા પ્રત્યક્ષ જીવન સાથે પહેલેથી જ તાલ મેળવતી આવી છે.

પહેલા વિશ્વયુદ્ધ પછી તેઓ જર્મની ગએલા ત્યારે નજરોનજર નિહાળેલી યુદ્ધની વિનાશકતાએ તેમના દિલને હચમચાવી મૂકેલું અને વિશ્વની વિષમતાઓ જોઇને કકળી ઊઠેલા તેમના માનસે ઈ. ૧૯૨૩ના જાન્યુઆરીમાં રોમન કૅથૉલિક સંપ્રદાયનો આશ્રય શોધ્યો. મૂળ 'હાલ્ડેર ગુડ્જોનસોન' નામને બદલે હવે 'હાલ્ડેર કિલ્જાન લાક્સનેસ' એવું ખ્રિસ્તી નામ તેમણે ધારણ કર્યું. આ નવીન ઉન્નત જીવનદિશાને નિરૂપતી ટૂંકી કવિતા 'અન્ડર ધ હોલી પીક' તેમણે ઈ. ૧૯૨૪માં લખેલી; તથા ૧૯૨૭માં જીવનની આંતરદૃષ્ટિને સુરેખ આકાર અને ઉઠાવ આપતી મહાન નવલકથા 'ધ ગ્રેટ વીવર ઑવ કાશ્મીર' તેમણે આપી, જેની વાસ્તવવાદી શૈલીએ આઈસલૅન્ડના ગદ્ય સાહિત્યમાં નવું જ સીમાચિહ્ન સ્થાપિત કર્યું ઈ. ૧૯૨૭–'૨૯માં તેમણે ખેડેલા અમેરિકાના–ખાસ કરીને કૅનેડા અને કૅલિફૉર્નિયાના–બહોળા પ્રવાસે મહાન સમાજવાદી સૈદ્ધાન્તિક અપટન સિંક્લેર સાથે તેમની મુલાકાત કરાવી આપી.


સમાજવાદી સિદ્ધાન્તોએ તેમના મન પર ઘણી ઊંડી અને ઘેરી અસર પાડી, જે તેમની પ્રશસ્ત નવલકથા 'સાલકા ફાલકા' (૧૯૩૧'–૩૨) અને 'ઇન્ડિપેન્ડન્ટ પીપલ' (૧૯૩૪'–૩૫) પરથી સ્પષ્ટ વરતાઈ આવે છે. 'સાલકા–ફાલકા' પરથી તાજેતરમાં ચિત્રપટ પણ ઉતારવામાં આવ્યું છે. તેમનાં 'ધ બેલ ઑવ આઈસલૅન્ડ' (૧૯૪૩), 'ધ ફેર મેઈડન' (૧૯૪૬), અને



'ફાયર ઈન કૉપનહગન' (૧૯૪૬) આ ત્રણ પુસ્તકોએ આઈસલૅન્ડની ભૂમિનાં પોતાનાં ગૌરવ અને સાહિત્યપ્રીતિને અક્ષરાંકિત કરી ત્યાંના સાહિત્યમાં પ્રેરક અને ચિરકાલીન આધારસ્તંભોનું સ્થાપન કરી આપ્યું છે. 'ઍટમ સ્ટેશન' એ તેમની તાજી પ્રસિદ્ધ થએલી નવલકથા છે,જેમાં તેમણે પોતાના રાજકીય વિચારો પ્રદર્શિત કર્યા છે. ઈ. ૧૯૩૦માં તેમણે Ingibjorg Einarsdottir સાથે લગ્ન કર્યું અને આઈસલૅન્ડને પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું.

તેમનાં કુલ પુસ્તકોની સંખ્યા ૩૦ જેટલી થવા જાય છે, જેમાંનાં ઘણાં જર્મન, અંગ્રેજી તેમજ બીજી ભાષાઓમાં અનુવાદિત થઈ ચૂક્યાં છે. તેમનાં પુસ્તકોમાં

આપણાં જંતુઓ : ૫



માકણ

માકણની કનડગતથી કોઇ અજાણ્યું નથી. આખા યે જગતમાં તેઓ એકસરખા પ્રમાણમાં ફેલાઇ શકે છે. પશ્ચિમના માકણ આપણે ત્યાંના કરતાં મોટા ને રંગે કાળા હોય છે. Hemipteraવર્ગની પેટાજાતિ Heteropteraના આ જંતુનું શાસ્ત્રીય નામે છે Cimidae.

માકણ માત્ર ઊંઘના જ દુશ્મન નથી.તેમનો દરેકેદરેક ચટકો લોહીમાં કાંઈ ને કંઈ ચેપ મૂકી દેતો હોઈ, આરોગ્યના પણ એ એવા જ દુશ્મન છે. તેમને સ્પર્શ, સ્વાદ અને ગંધ એમ ત્રણ ઇન્દ્રિયો હોય છે. મચ્છરની જેમ ચામડીમાં સૂંઢ ભોંકીને તે કરડતા નથી. પહેલાં તો તે ચામડી વહેરે છે ને છિદ્રમાં એની લાળ મૂકી દે છે, જેથી લોહીનો સહેજ પણ અંશ બહાર ફૂટી નીકળતો નથી; પછી મઝેથી લોહી ચૂસે છે. ગરમ લોહીવાળા કોઈ પણ પ્રાણીનું લોહી તેમને ચાલી શકે, પછી તે બતકાંકૂકડાં હોય કે ઉંદરબિલાડાં. રાત એ એમના વ્યવસાયનો પ્રિય સમય, પણ ભૂખ્યા હોય તો દિવસે યે નીકળી પડે. માટીનાં કાચાં ઘરમાં એ વધુ પોષાય છે. વળી ઉપવાસમાં તો એ કીડીને પણ આંટી જાય. એક વરસના ઉપવાસ તો એમને મન રમતવાત છે. માકણને ટર્પેન્ટાઈનની વાસ ગમતી ન હોઇ તેમને દૂર કરવાના ઇલાજ તરીકે આઠભાગ કેરોસીનમાં એકભાગ ટર્પેન્ટાઇન અને સહેજ યુકૅલિપ્ટસનું મિશ્રણ અકસીર છે. બારીબારણાં બંધ કરી ગંધકની ધુમાડી કરવાથી માકણનાં ઈંડાં મરી જાય છે.

એનાં ઇંડાં જન્મતી વખતે સફેદ હોય છે, પણ થોડી વારમાં પીળાં પડી જાય છે. માદા સરેરાશ રોજનાં બેત્રણ ઇંડાં મૂકે છે; જ્યારે ઘણી વળી ૫૦૦ સુધી ઇંડાં મૂકે છે, પણ એની સરેરાશ ૨૫૦ની લેખાય છે. નવાં જન્મેલાં બચ્ચાંઓમાં માત્ર કદની અલ્પતા સિવાય પુખ્ત માકણ કરતાં બીજો કશો ફેર નથી હોતો. અનુકૂળ સંજોગો હોય તો એક મહિનામાં તો એ બચ્ચાં પુખ્ત બની જાય છે.

જણાઈ આવતું શૈલીવૈવિધ્ય પણ ખાસ નોંધપાત્ર છે. તેમની શૈલી હમેશાં પ્રભાવપૂર્ણ અને જીવતી હોય છે. તે કોઈ વાર રમૂજી તો કોઈ વાર ભારેખમ, કોઈવાર મંજુલ તો કોઈ વાર કઠોર, એમ વિવિધ વિરોધી સ્વરૂપો અપૂર્વ સફળતાથી ધારણ કરી શકે છે.

ઈ. ૧૯૫૩માં તેમને સાહિત્ય માટેનું સ્તાલિન પારિતોષિક એનાયત થએલું, જેનો તેમણે સ્વીકાર કરેલો. આથી ઘણા તેમને ગેરસમજૂતથી સામ્યવાદી માને છે. તેમણે પોતાના રાજકીય વિચારોનો સાહિત્યસર્જનમાં ઉપયોગ કર્યો છે, પરંતુ કોઈ પણ પ્રકારના રાજકીય કે સામાજિક વાદોએ તેમના મગજનો આંધળો કબજો નથી મેળવ્યો. ઊલટું, રાજદ્વારી કાવાદાવા અને કિન્નાખોરી પ્રત્યે તેમને સખત નફરત છે. તેઓ આજીવાન એક હમદર્દ માનવપ્રેમી અને સર્જક સાહિત્યકાર માત્ર રહ્યા છે, રાજકારણી નહિ.

નોબેલ-પારિતોષિક-સમિતિ આગળ તેમનું નામ આઠઆઠ વર્ષથી સૂચવાતું હતું તે પરથી જ તેમની ઉજ્જવળ ને ઉત્કૃષ્ટ સાહિત્ય-પ્રતિભાનો ખયાલ આવી શકે તેમ છે. ગયે વર્ષે અર્નેસ્ટ હેમિંગ્વેને સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મળ્યું ત્યારે લાક્સનેસ તેમના તદ્દન નજીકના હરીફ હતા.

ગોવંશ અને તેના પાલકો

ભારતમાં પશુઓની તદ્દન શુદ્ધ એવી જે થોડીક જાતો છે તેમાં 'કાંકરેજ' અને 'ગીર' નામની ગાય તથા સાંઢની બે જાતો મુખ્ય છે અને તે ભારતની કોઈ પણ જાતના મુકાબલે ઊભી રહે તેવી બલ્કે ચડિયાતી છે. તેનું પાલન અને સંવર્ધન સૈકાઓથી ગુજરાત અને સૌરાષ્ટ્રની ગોપાલ જાતિઓ (જેઓ રબારી ભરવાડ અને આહિર એ નામથી ઓળખાય છે તે) કરતી આવી છે. જ્યારે સરકાર તરફથી ગોપાલન માટે કોઇ જ પ્રવૃત્તિ ચલાવવામાં આવતી ન હતી ત્યારે પણ આ ગોપાલકોએ અસીમ પ્રયત્નો કરીને પણ આ બંને જાતોની શુદ્ધતા અને ઉચ્ચતા જાળવી રાખી છે, અને આજે પણ સૌરાષ્ટ્ર અને ગુજરાત આટલાં નજીક હોવા છતાં, અને વ્યાવહારિક ઔદ્યોગિક તથા આર્થિક રીતે આટલાં ઘનિષ્ટ રીતે સંકળાએલાં હોવા છતાં આ બે જાતનાં પશુઓના સંવર્ધનમાં કોઇ પણ જાતનું પરસ્પરનું મિશ્રણ પણ થવા દેતા નથી. સમગ્ર ગુજરાતમાં એક પણ ગોપાલક પોતાની કાંકરેજ ગાયોને ગીર સાંઢથી ફેળવશે નહિ; એ જ પ્રમાણે લગભગ આખું સૌરાષ્ટ્ર કાંકરેજ જાતના જ બળદો વાપરે છે. તે પણ કાંકરેજ અને ગીર જાતનું સંકરન કરશે નહિ. આ ઉપરાંત કોળબી ગએલા સાંઢથી પણ તેની ઓલાદને નહિ ફેળવવાનો તેઓ આગ્રહ રાખે છે.

આ બંને જાતિઓની પોતપોતાની અમુક વિશિષ્ટતાઓ છે:

કાંકરેજ જાત ઉત્તરમાં બનાસકાંઠા જિલ્લામાં આબુ પર્વતની હારમાળાથી શરૂ થઈ, દક્ષિણમાં સૂરત જિલ્લા સુધીના લગભગ ૩૦૦ માઇલ લાંબા ને પશ્ચિમે કચ્છના રણથી શરૂ થઈ પૂર્વમાં ડુંગરપુર અને શામળાજીના ડુંગરો સુધી બીજા લગભગ ૩૦૦ માઇલ પહોળા વિસ્તારમાં ફેલાએલી છે, અને નીચેની વિશિષ્ટતાઓથી પેકાએલી છે: (૧) ચાલવામાં ઘણી જ ઝડપી અને ચપળ; તેના બળદની સવાઇ ચાલ.



(૨) દૂધ-ઉત્પાદનમાં પણ એટલી જ આગેવાન; સારી માવજતથી ટેકે દસ રતલ દૂધ સહેલાઇથી આપે છે અને આ જાતે એક વેતરમાં વધુમાં વધુ ૧૨,૦૦૦ રતલ દૂધ આપેલું છે. (૩) વિયાણ નિયમિત; બે વેતર વચ્ચે અંતર ઓછું. (૪) દ્વિ-અર્થી જાત: એટલે કે જેટલી ચાલવામાં મજબૂત અને તેજ, તેટલી જ દૂધ-ઉત્પાદનમાં પણ મોખરે, એટલે, આપણી હાલની ખેતી-પરિસ્થિતિમાં અત્યંત મૂલ્યવાન, કેમકે ઓછા ખર્ચે બેવડો લાભ આપે. (૫) ચરાણ-પદ્ધતિ પર જીવી શકે એવી, એટલે ઘણા જ ઓછા ખર્ચે પાળી શકાય. (૬) ઓછા વરસાદવાળા અને ઓછી ઉત્પન્નવાળા પ્રદેશમાં જીવવા ટેવાએલી હોવાથી દુષ્કાળનો સારા પ્રમાણમાં સામનો કરી શકે છે. (૭) પગ લાંબા ને મજબૂત હોવાથી રેતાળ જમીનમાં ખેતી માટે અને ભારવાહક કામ કરવામાં તેના બળદ આગળપડતા છે.

ગીર જાતનું મુખ્યત્વે સૌરાષ્ટ્રનાં ગીરનાં જંગલોમાં થતી હોવાથી આ જાતને તે નામ મળ્યું છે. આ જાતની ગાયો આખા સૌરાષ્ટ્ર ઉપરાંત અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં જોવા મળે છે. તેના વધુપડતા દૂધ-ઉત્પાદનને લીધે તે 'ડેરી'-ગાય તરીકે આખા ભારતમાં ફેલાએલી છે. આ ગાયની ખાસ વિશિષ્ટતા એ છે કે તે કોઈ પણ પ્રકારના વાતાવરણમાં ટકી શકે છે અને વધી શકે છે. એ ઉપરાંત તે



(૧) પાતળી ચામડીની અને દૂધમાં આગળ પડતી જાત છે. વળી તે (૨) દ્વિ-અર્થી છે એટલે કે દૂધમાં વધારે અને બળદ ધીમા છતાં મજબૂત અને ભારવાહન માટે ઉપયોગી. (૩) તેની ખરી બહુ મજબૂત હોવાથી ડુંગરાળ પ્રદેશમાં તેની ખરી ઘસાઈ જતી નથી. (૪) સ્વભાવે નરમ હોવાથી પાળવા અને પોષવા માટે સુગમ પડે છે. (૫) વિયાવામાં ઘણી જ નિયમિત હોય છે.

આ બંને ગોજાતિઓનું સંગોપન સૈકાઓથી ગોપાલકોએ અનેક દુષ્કાળોનો સામનો વેઠીને, અનેક સંકટોમાં ટક્કર ઝીલીને અને પોતાના સર્વસ્વનો ભોગ આપીને પણ કર્યું છે. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ છે. વસતિના વધારા સાથે અનાજની તંગી પડવા માંડી એ સાથે 'વધુ અનાજ વાવો'ની ઝુંબેશમાં 'સૂકા ભેગું લીલું બળી જાય' એ ન્યાયે બીજી ખેતીલાયક જમીન સાથે ગોચર અને બીડો પણ તૂટયાં અને જે ગોપાલકો સદીઓથી આવાં ગોચરો તથા ચરાણો ઉપર આધાર રાખતા હતા તે નિરાધાર બન્યા અને અમુક સ્થળોએ તો પોતાનાં ઢોર ઊભાં રાખવાની પણ જમીન ન રહી. ભૂખ્યાં ઢોરોએ ખોરાક માટે આજુબાજુની જમીન પર વલખાં માર્યાં, અને પરિણામે ભેલાણનું જોર વધ્યું. કાયદાએ રોગનું મૂળ ન પારખતાં રોગને ઉપરઉપરથી જોર અને દંડથી દાબવા પ્રયત્ન કર્યો. પરિણામે પ્રજાએ અને ગોપાલકોએ જમાનાથી વહાલું ગણેલું પશુધન અકારૂં થઈ પડયું અને ગોપાલક અને ગોસેવક ગણાએલો (ભરવાડ–રબારી) જનતાનો 'ચોર' બન્યો. આ સર્વ સંજોગોને લીધે ઢોરની ઓલાદ ઊતરતી ચાલી; સાથેસાથે ગોપાલકોની આર્થિક સ્થિતિ પણ દિન-બ-દિન ખરાબ થતી ચાલી.


અનુભવીઓનું કહેવું છે કે આજથી પંદર વર્ષ પહેલાં જે સુંદર ગાયો હતી, તેના નમૂના પણ આજે જોવાના દુર્લભ બની ગયા છે; અને વિજ્ઞાનનો નિયમ છે કે પડતી વસ્તુ શરૂમાં ધીમેધીમે પડે છે, પણ છેવટના તબક્કામાં તેનો વેગ અતિઘણો વધી જાય છે. ગોપાલકોના જીવનમાં ને ગોવંશના ઇતિહાસમાં પણ આજે આ તબક્કો આવી ગયો છે, અને જો તત્કાલ યોગ્ય ઉપાય લેવામાં નહિ આવે તો પછી

ક્ષયના દર્દીની માફક ગમે તેવા ઉપાયો પણ કારગત નહિ નીવડે.

આ ગોવંશને બચાવવા, ગોપાલકોમાં જાગૃતિ લાવવા અને પશુધનની સુધારણા માટે અમદાવાદ જિલ્લાના સાણંદ અને વિરમગામ તાલુકાને કાર્યક્ષેત્ર બનાવી ઈ. ૧૯૪૧માં એક કૅટલ બ્રીડિંગ સોસાએટીની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર પછી તેનું કાર્યક્ષેત્ર ઉત્તરોત્તર વિકસતું ગયું છે ને તેને જનતા તથા સરકારની સહાયની અપેક્ષા છે.

આજ આપણે ગાયને ચાહીએ છીએ, પણ તેનું દૂધ નથી પીતા; દૂધ-યોજનાઓ બને છે, પણ તેમાં ગાયના દૂધને સ્થાન મળતું નથી. આપણે કહીએ છીએ કે આપણી અર્થવ્યવસ્થા ગોકેન્દ્રી છે, પણ કેન્દ્રમાંથી ગાય દૂર ગઈ છે. ગોપાલન એ ખેતીનો પૂરક ઉદ્યોગ છે એટલું જ નહિ પણ ભારતવર્ષમાં ખેતીનો વિકાસ ગાયનો વિકાસ છોડીને કરવો અસંભવ છે.

હિન્દી ટાઇપરાઈટરનું નવું કી-બોર્ડ



હિન્દી ટાઈપરાઇટરના કી-બોર્ડની લિપિ માટે ભારત-સરકારે નવેમ્બર ૧૯૫૩માં લખનૌ ખાતે ભરવામાં આવેલી દેવનાગરી લિપિ સુધારણા સમિતિની ભલામણો સ્વીકારવાનો નિર્ણય કર્યો છે. આ માટે નીમવામાં આવેલી સમિતિએ કી-બોર્ડનું આખરી સ્વરૂપ નક્કી કર્યું. સ્ટૅન્ડર્ડ ટાઇપરાઈટર કી-બોર્ડમાં ૪૬ ચાવીઓ અને ૯૨ અક્ષરો હશે. અને પોર્ટેબલટાઈપરાઈટરકી-બોર્ડમાં પ્રત્યેક હારમાંથી છેવટની એકેકી ચાવી (એટલે કે બધું મળીને ૪ ચાવી) ઘટાડીને તેમાં ૪૨ ચાવી અને ૮૪ અક્ષરો રખાશે. આ ઉપર રજૂ કરવામાં આવેલા સ્કેચમાં ૪૬ ચાવીવાળું સ્ટૅન્ડર્ડ ટાઈપરાઈટર કી-બોર્ડ બતાવવામાં આવ્યું છે. તેમાં બેવડા વર્તુળવાળી ચાવીઓ ડેડ-કીઝ છે અને બેવડા અર્ધવર્તુળવાળી ચાવીઓ હાફ-મૂવમેન્ટ કીઝ છે.

લખનૌની દેવનાગરી લિપિ સુધારણા સમિતિની ભલામણોમાં સૂચવાએલાં બધાં અક્ષરો, માત્રાઓ તથા વિરામચિહ્નોનો આ કી-બોર્ડમાં સમાવેશ થાય છે. આંકડાઓ માટે આન્તરરાષ્ટ્રીય (અંગ્રેજી) સ્વરૂપ અપનાવવામાં આવ્યું છે. કી-બોર્ડમાં અક્ષરો, માત્રા, ચિહ્નો, વગેરેની ગોઠવણી એવી રીતે કરવામાં આવી છે કે જેથી વધુમાં વધુ ઝડપ અને સુગમતા જળવાશે, અને સામાન્ય ઢબ મુજબનું (નૉર્મલાઈઝ્ડ) ટાઇપિંગ પણ કરી શકાશે. કેટલીક માત્રાઓ અને સંજ્ઞાઓની છાપ કાં તો જમણી તરફ અથવા ડાબી તરફ ખસતી પડશે, જેથી જ્યાં જરૂરત હોય ત્યાં અક્ષરની બરાબર ઉપર માત્રા અથવા સંજ્ઞા છાપી શકાશે. વળી સામાન્ય ઢબ મુજબનું (નૉર્મલાઈઝ્ડ) મુદ્રણ કરી શકાય એ માટે ा, ि અને ी એ માત્રાઓ માટેની ચાવીઓ હાફ-મૂવમેન્ટવાળી રાખવામાં આવી છે.

કોઈ પણ અક્ષરની ઉપર અથવા નીચે છાપવા માટેની માત્રાઓ અથવા સંજ્ઞાઓ માટે ૭ ડેડ-કીઝ રાખવામાં આવી છે. સ્પેસ-બાર બે ભાગમાં વહેંચી નાખવામાં આવ્યો છે, અને આ બન્ને ભાગો યાન્ત્રિક સાંધણ ધરાવતા હોઇને બન્ને હાથ વડે ચલાવી શકાશે. શિફ્ટ-કીનું સ્થાન બદલવામાં આવ્યું છે. બન્ને હાથની ટચલી આંગળીઓ વડે ચલાવવા માટેની અને ટાઇપરાઈટરની ડાબી બાજુએ રાખવામાં આવેલી બે શિફ્ટ કીઝને બદલે બન્ને સ્પેસ બાર વચ્ચે એક શિફ્ટ બાર રાખવામાં આવ્યો છે. ગમે તે હાથના અંગૂઠા વડે આ શિફ્ટ-બાર ચલાવી શકાશે અને એથી છાપવાનું વધુ સહેલું બનશે.

આ કી-બોર્ડની ટેકનિકલ બાબતોમાં રસ ધરાવતા ઉત્પાદકો અને અન્ય વ્યક્તિઓ પાસે કોઈ નક્કર અને વ્યવહારક્ષમ સૂચનો હોય, તો તેમણે તે સૂચનો નવી દિલ્હીમાં શિક્ષણ-પ્રધાન મંડળના હિન્દી ડિવિઝન સમક્ષ ૩૧મી ડિસેમ્બર ૧૯૫૫ સુધી રજૂ કરવાં.



ગણિતશાસ્ત્રીઓનું ટાઈપરાઈટર: એકમાં એબીસીડી વગેરે ચાલુ સંજ્ઞાઓ, અને બીજામાં ગણિતશાસ્ત્રમાં આવતી બધી જ જરૂરી ખાસ સંજ્ઞાઓ, એવાં બે 'કી બોર્ડ' પર ફરતા એક જ 'કૅરેજ'વાળા આ નવા ટાઈપરાઈટરથી ગણિતશાસ્ત્રીઓની બધી જ જરૂરિયાતો પૂરી પડે છે.

સર્પગંધા કે ચંદ્રિકા

છેક હિમાલયથી માંડીને ત્રાવણકોર સુધીમાં, ખાસ કરીને ભેજવાળા અને સૂકા પ્રદેશમાં પુષ્કળ પ્રમાણમાં મળી આવતા સર્પગંધા કે ચંદ્રિકાના છોડથી આયુર્વેદ-ચિકિત્સકો તો હજારો વર્ષોથી પરિચિત છે. મહારાષ્ટ્રના દક્ખણ ઘાટોથી ત્રાવણકોર સુધી ચંદ્રિકાના છોડ સારા પ્રમાણમાં મળી આવે છે. ચંદ્રિકાનું શાસ્ત્રીય નામ છે રાઉવૉલ્ફીઆ સર્પેન્ટીના (Rauwolfia Serpentina Benth) છે અને કુટજાયએપોસાઈનેસી વર્ગની એ વનસ્પતિ છે. ચંદ્રિકાનાં મૂળ, પાન તેમજ તેનો રસ ઔષધમાં વપરાય છે. મગજની નબળાઇના રોગોમાં, ગાંડપણ મટાડવા માટે, તાવ ઉતારવા તથા શક્તિદાયી અને શાંતિદાયી ઔષધ તરીકે તેમજ કૉલેરામાં પણ ચંદ્રિકાનો ઉપયોગ થાય છે. તેનાં 'સર્પગંધા' અને 'સર્પેન્ટિના' એવાં નામ પરથી સર્પદંશમાં પણ તેનો ઉપયોગ થતો હોવાનું ઘણા માને છે, પણ આ સંબંધી કંઈ આધારભૂત પુરાવો મળતો નથી. જાવાના લોકો ચંદ્રિકાનાં મૂળિયાંનો ભૂકો પેટનાં દર્દો મટાડવામાં વાપરે છે.

ચંદ્રિકાના સૂકા મૂળનું રાસાયણિક અન્વેષણ મર્હૂમ દેશભક્ત હકીમ અજમલખાને દિલ્હીમાં સ્થાપેલી આયુર્વેદિક અને તિબ્બિયા કૉલેજમાં ત્યાંના રસાયણશાસ્ત્રના પ્રોફેસર ડૉ. સલીમુજ્જમાન સિદ્દીકી અને શ્રી રફાત હુસેને ઈ. ૧૯૩૧માં આદરેલું. શ્રી હુસેન એ દિવસોમાં ડૉ. સિદ્દીકીના મદદનીશ હતા, અને પાછળથી તેઓ દિલ્હીની ભારતીય કૃષિ-અનુસંધાન પરિષદમાં રસાયણશાસ્ત્રી તરીકે હતા. એમણે જાહેર કર્યું છે કે 'અમે સર્પગંધાના મૂળના સૂકા ચૂર્ણમાંથી પાંચ જુદાંજુદાં તત્ત્વો અલગ પાડયાં હતાં જે તદ્દન નવા પ્રકારનાં લાગતાં હતાં.'

એ બધાંના ગુણો તપાસવા તેના દેડકાં પર પ્રયોગો અજમાવવામાં આવ્યા છે. આ તત્ત્વોને સંસ્થાના સ્થાપક અજમલખાનના માનમાં અજમેલાઈન આલ્કૅાઈડ શ્રેણી તરીકે ઓળખવામાં આવે છે. આ શ્રેણીમાં ત્રણ સફેદ આલ્કેલૉઈડ છે: અજમલાઇન, અજમલીનાઇન અને અજમલીસાઇન. આ બધાં હૃદય, શ્વાસોચ્છ્વાસ અને જ્ઞાનતંતુઓની ક્રિયાઓને મંદ કરી નાખે છે. બાકીના બે આલ્કેલૉઇડો પીળા રંગના છે અને સર્પેન્ટાઈન તથા સર્પેન્ટિનાઈનને નામે ઓળખાય છે. અજમેલાઈન શ્રેણીના આલ્કેલૉઇડો કરતાં આ બંનેમાં આલ્કલીના ગુણો વધારે પ્રબળ છે. આ બંને શ્વાસોચ્છ્વાસને સ્તંભિત કરે છે, જ્ઞાનતંતુઓની ક્રિયાઓને મંદ પાડે છે, પણ હૃદયની ક્રિયાઓને ઉત્તેજિત કરે છે. અરધાએક ડ્રામનો ડોઝ આપવાથી દેડકું મરી જાય છે. ઈન્સોમ્નિયા–ઊંઘ ન આવવી તેમજ ગાંડપણના આવેશ આવતા હોય એવા દર્દીઓને આ આલ્કેલૉઈડ ખૂબ ઉપયોગી થાય છે એમ જણાયું છે.

ઉપર્યુક્ત બંને વિજ્ઞાનીઓના સર્પગંધા વિષેના પ્રયોગો ચાલતા હતા ત્યારે એ જ કાળે કલકત્તામાં પણ કવિરાજ ગણનાથ સેન નામના વૈદ્ય તથા ડૉ. કાર્તિકચંદ્ર વસુ એને વિષે પ્રયોગો કરતા હતા. એમણે જાહેર કરેલું કે આ વનસ્પતિનો પ્રયોગ કરવાથી રોગીને આરામ મળે છે માત્ર એટલું જ નહિ, બલકે તેનાથી લોહીનું વધી ગએલું દબાણ પણ ઘટી જાય છે. આ બંને દાકતરો ઘણા સમયથી સર્પગંધા વિષે સંશોધન કરી રહ્યા હતા. ૧૯૪૦ની આસપાસના કાળમાં તો તેના વિષેના અનેકાનેક પ્રયોગો થવા માંડેલા. જ્યારે કવિરાજ સેને તથા ડૉ. વસુએ પોતાના અભિપ્રાયો બહાર પાડેલા એ દરમિયાન કલકત્તામાં સ્કૂલ ઑાવ ટ્રૉપિકલ મેડિસિનમાં કર્નલ (સર) રામનાથ ચોપરાની દોરવણી નીચે સર્પગંધા વિષે પ્રયોગો થઈ રહ્યા હતા. કર્નલ રામનાથ ઔષધીય શોધખોળ બાબત આખા જગતમાં જાણીતી વ્યક્તિ છે. ઉપરાંત આ પ્રકારના સંશોધનમાં બી.બી. ભાટિયા, એન. કે. ચક્રવર્તી, એમ. એન. રાયચૌધરી ને આર. એન. ચૌધરીનો પણ ફાળો છે. નાનકડી વાતમાં મિજાજ ગુમાવનારા લોકો માટે પણ આ વનસ્પતિ અતિ ઉપયોગી છે. પણ પરદેશમાં—ખાસ કરીને અમેરિકામાં સર્પગંધાનો પ્રથમ ઉપયોગ કરી જોનાર બોસ્ટન યુનિવર્સિટીના ડૉ. રૉબર્ટ વિલ્કીન્સ હતા. મસાચૂસેટ્સ મેમોરીઅલ ઑસ્પિટલના હાઈ બ્લડપ્રેશરનો ઉપચાર કરતા વિભાગના તેઓ અધિકારી હતા. ૧૯૫૦માં એમણે મુંબાઈની કિંગ એડ્વર્ડ મેમોરીઅલ ઑસ્પિટલના ડૉ. રુસ્તમ જાલ વકીલનો 'બ્રિટિશ હાર્ટ જર્નલ'માંનો લેખ વાંચ્યો જેમાં એમણે સર્પગંધાના કેટલાક સાદા પ્રયોગો વિષે લખેલું.

આના પરથી પ્રેરાઈને ડૉ. વિલ્કિન્સે એમના કેટલાક સાથીદારો સાથે મળી ભારતથી સર્પગંધા મંગાવી ૫૦ જેટલા ઊંચા લોહીના દબાણવાળા દર્દીઓ પર સફળ પ્રયોગો કર્યા. માથાનો દુખાવો, શરીરની ગરમી અને અનિદ્રા આદિ રોગો તેના વડે દૂર થાય છે, અને તેના પ્રયોગ વડે એક કે બે અઠવાડિયાંમાં જ લોહીનું દબાણ ૨૦૦થી ઘટીને ૧૧૬ સુધી પહોંચી જાય છે. લોહીના દબાણને લીધે આવી પડતી ઉન્માદાવસ્થાને દૂર કરવામાં યે સર્પગંધા અગત્યનો ભાગ ભજવે છે. આ ઉપરાંત કૅલિફોર્નિયામાં લૉસઍન્જેલ્સ ખાતે ડૉ. જ્યૉર્જ મેઇસને કરેલા કેટલાક પ્રયોગો પરથી માલૂમ પડ્યું છે કે સર્પગંધા માહેનાં રાસાયણિક તત્ત્વોની સીધી અસર નાડી ઉપર નહીં પરંતુ મગજના અંતર્ભાગ પર થાય છે. આમ શારીરિક માનસિક–બંને જાતના રોગો માટે જડીબુટ્ટી સમી નીવડેલી આ વનસ્પતિ અત્યારે ચાર જુદાંજુદાં ઔષધો રૂપે ઉપયોજાઈ છે, સરપેસિલ, રૉડિફ્સિન, રૉવિલૉઈડ ને રૅસેરપિન. આ ચારે ઔષધો લોહીના દબાણ પર તથા માનસિક રોગો પર વપરાય છે. જૉર્જિયાની મેડિકલ કૉલેજના ડૉ. રૉબર્ટ બી. ગ્રીનબ્લેટે આ વનસ્પતિ દ્વારા ૩૨ સ્ત્રીઓના ઇલાજ કરી અભિપ્રાય આપેલો કે 'આ દવાની અસર શાંતિદાયક પ્રતીત થાય છે અને એથી રોગી દવાનો બંધાણી પણ નથી થઇ જતો.' ન્યૂયૉર્કમાં વૃદ્ધોના એક આવાસ-ગૃહમાં અનેક વૃદ્ધ દરદીઓ પર પ્રયોગ કરતાં આ દવા ચિંતા અને માનસિક થકાવટને દૂર કરવામાં બહુ ઉપયોગી સિદ્ધ થઈ. ભારતમાં સર્પગંધાની જે અનેક જાતો થાય છે, તેમાંની હિમાલયની તળેટીમાં થતી બે જાતો આ નવા ઉપયોગ માટે વધુ પસંદગી પામે છે. કેવળ અમેરિકાની ઓછામાં ઓછી ચાર ઔષધિ-નિર્માણ-સંસ્થાઓ હવે ભારતથી ટનટન સુધી સર્પગંધા મંગાવે છે. અને ત્યાં પાંચ લાખથી યે વધુ દરદીઓને આ ઔષધથી સાજા

કરાયા છે. આમ, ભારતમાં સદીઓથી પરિચિત આ ઔષધિનું અદ્યતન પદ્ધતિએ પૃથક્કરણ કરી ભારતે તથા પરદેશે તેને તદ્દન અણિશુદ્ધ વૈજ્ઞાનિક ખાતરીથી આપણી સમક્ષ મૂકી આપણી પરાપૂર્વથી ચાલી આવતી માન્યતાઓમાંનો વધતો જતો અવિશ્વાસ દૂર કરી દીધો છે એટલું જ નહિ પણ સર્પગંધાની તદ્દન વૈજ્ઞાનિકરીતે નવેસરથી શોધખોળ કરી તેના બીજા નવા ખાતરીદાયક ઉપયોગો પણ આપણી સમક્ષ મૂક્યા છે.

આમ સર્પગંધા આખા જગતમાં પહોંચી ગઇ છે અને હિંદની કીર્તિમાં ઠીકઠીક વધારો કરી રહી છે. પરંતુ જગત આખાને પહોંચી વળે એટલી બધી સર્પગન્ધા હિંદમાં નથી. ૧ ટન દવામાંથી માંડ ૫–૧૦ તોલા સત્ત્વ નીકળે છે. એટલે આખા જગતની માગને પહોંચી વળવા માટે તો ટનબંધ વનસ્પતિ જોઇએ. વળી સર્પગંધાનાં મૂળ જ દવાના કામમાં આવે છે. એટલે મૂળ ખોદતાં વનસ્પતિ મરી જાય છે. આથી હિંદે સર્પગંધાનો નિકાસ અટકાવ્યો છે. એટલે હવે આફ્રિકામાં તેની મોટા પાયા ઉપર ખેતી થઈ રહી છે.

ઉપરાંત સર્પગંધાની જગ્યા લઇ શકે એવી બીજી વનસ્પતિઓની શોધ શરૂ થઇ છે. હવે ખુશખબર આવે છે કે સર્પગંધાના વર્ગની જ એક બીજી વનસ્પતિમાંથી સર્પગંધાના જેવા જ ગુણવાળું ઔષધ પ્રાપ્ત થયું છે. સર્પગંધાનું કુટુંબ 'ઍપોસાઇનેસી' (કરેણ, ઇન્દ્રવજનું કુટુંબ) છે અને આ જ વર્ગ Alstonia constricta આલ્સ્ટોનિયા કોન્સ્ટ્રીકટાના એક ઝાડમાંથી સર્પગંધા જેવી રિસર્પિન બનાવવાનો સંભવ જણાયો છે.

આપણા દેશમાં સપ્તપર્ણ સાતવીન–નામનાં વૃક્ષો થાય છે. સપ્તપર્ણને સાત પાન આવે છે માટે આ નામ પડેલું છે. સાતવીન એક વખતે મૅલેરીઆ ઉપર ક્વિનાઇન જેવું ઉપયોગી મનાતું હતું. આજે પણ વૈદ્યો દવામાં સપ્તપર્ણ વાપરે છે. આ સપ્તપર્ણનું શાસ્ત્રીય નામ છે આલ્સ્ટોનિયા સ્કૉલેરિસ.

'સ્કૉલેરિસ' નામ એટલા ખાતર આપવામાં આવેલું છે કે તેના લાકડાની લખવાની પાટીઓ (Slates) બનતી હતી. કોંકણ તરફ આ ઝાડ ખૂબ થાય છે. મુંબાઇના રસ્તાઓ ઉપર સપ્તપર્ણનાં ઝાડો છે.

આ જ સપ્તપર્ણના સગા ભાઇ જેવું ઑસ્ટ્રેલિઆનું આ ઝાડ ૧૦થી ૩૦ ફૂટ ઊંચું થાય છે. છાલમાં સાતવીન જેવી જ કડવાશ હોય છે. આ કડવી છાલમાંથી રિસર્પિન મળે છે. અત્યાર સુધીના પ્રયોગોએ સિદ્ધ કર્યું છે કે સર્પગંધા જેટલું જ આમાંથી બનતું ઔષધ ઉપયોગી છે, આથી ઑસ્ટ્રેલિયાને આ દવાથી સારી આવક થવા સંભવ છે.

પથરીનું દર્દ મટાડતાં અવાજનાં મોજાં


મૂત્રાશયમાં બંધાઈ જતી પથરીમાં કાણું પાડી તેને તોડવા માટે અતિશય ગતિવાળાં ધ્વનિઆંદોલનનો ઉપયોગ બે અમેરિકન ડૉક્ટરોએ શોધી કાઢ્યો છે. આથી એવી શક્યતા ઉત્પન્ન થાય છે કે ભવિષ્યમાં પથરીના દર્દના ઉપચાર માટે શસ્ત્રક્રિયાની જરૂર નહિ પડે.

મગફળીમાંથી કપડાં


આ કાંઇ બહુ વિચિત્ર વિચાર નથી. અત્યારે હજારો માણસો મકાઇનાં ડૂંડાં ને કોલસામાંથી બનેલાં વસ્ત્રો પહેરે જ છે. કૃત્રિમ બનાવટના કાપડનું સંશોધન જે ઝડપે પ્રગતિ કરે છે તે જોતાં લોકો થોડા વખતમાં હજી યે વધુ વિચિત્ર વસ્તુઓ પહેરતા થઈ જશે.

લાકડાના સેલ્યુલોઝમાંથી બનેલું રેયૉન તો આજે આખી દુનિયામાં પહેરાય છે. હમણાંહમણાં આપણે નાઇલોન, ઑર્લોન, ડેક્રોન ને વિકારાથી પરિચિત થયા છીએ. હવે આર્ડિલ નામનો એક કૃત્રિમ તંતુ બને છે તેમાં મગફળી વપરાય છે. એક બીજા ડાયનેલ નામના પદાર્થમાં કુદરતી વાયુ અને મીઠું હવા સાથે ભેળવીને વપરાય છે. ડાયનેલ કીમતી કાશ્મીરી ઊન જેવું હોય છે, અને ઊન કરતાં ફાયદો એ થાય છે કે તેનાં વસ્ત્રોને જીવાત લાગતી નથી, પાણીનાં ધાબાં પડતાં નથી તથા ભેજથી તેમાં વાસ આવતી નથી.

પ્રસંગચિત્રો



ગયે મહિને નવી દિલ્હીમાં આંતરવિદ્યાપીઠ યુવક-મહોત્સવ ઊજવાયો તેમાં ભારતભરમાંથી ૧,૨૦૦ યુવક-યુવતીઓએ ભાગ લીધેલો. મથાળાના ચિત્રમાં, રગભૂમિ તરફ જવાના માર્ગે પર દેશની પચ્ચીસે યુનિવર્સિટીઓનાં પ્રતીકોની હાર મૂકવામાં આવેલી તેનું દૃશ્ય છે.



સૌરાષ્ટ્રના રાજપ્રમુખ જામસાહેબે ભેટ આપેલી ૬૦૦ એકર જમીનમાં ભારતીય નૌકાકાફલા માટે વિદ્યુત-તાલીમની એક શાખા હમણાં જામનગરમાં ખોલવામાં આવી. આઇ. એન. એસ. વાલસુરાની એ શાળા ભારતભરની નૌ-યાન શિક્ષણની યોજનામાં એક મહત્ત્વનું પ્રસ્થાન છે અને થોડા જ વખતમાં ત્યાં નૌકાખાતાના અફસરો અને જહાજીઓને સંપૂર્ણ તાલીમ એ દિશામાં અપાતી થઇ જશે.

અંગ્રેજ અમલની વિદાય પછી આપણે રેલવે અને સ્ટીમરોની બાંધણીમાં સ્વાશ્રયી થવાની પહેલી જરૂર ઊભી થઈ છે, અને તેને પહોંચી વળવાની દિશામાં જે જ્વલંત પ્રગતિ થઈ રહી છે તેના ઉદાહરણરૂપ સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપની માટે તૈયાર કરેલું ૭,૦૦૦ ટનનું માલવાહી જહાજ ‘જલવિહાર’ હમણાં જ વિશાખાપટ્ટમ ખાતેના ‘હિંદુસ્તાન શિપયાર્ડ’માંથી બહાર પાડવામાં આવ્યું છે તેની છબિ નીચે આપી છે.



આ માસ (ડિસેમ્બર) ઈતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : સર તેજબહાદુર સપ્રુ

સ્વરાજ્યસિદ્ધિ પહેલાંની પચ્ચીસીના એક પ્રખર રાજપુરુષ, વિદ્વાન ધારાશાસ્ત્રી, અંગ્રેજી



ઉર્દૂ અને અરબી સાહિત્યના ઊંડા અભ્યાસી, નિષ્ણાત બંધારણ જ્ઞાતા,–અને એ સર્વ ગુણોને ઉજાળતા ઉચ્ચ ખાનદાનવાળા સંમાન્ય અને શીલવંતા સજ્જન ને ચારિત્રવાન નાગરિક સર તેજબહાદુર સપ્રુનો જન્મ કાશ્મીરી બ્રાહ્મણ કુટુંબમાં જાગીરદાર પિતાને ઘેર ઈ. ૧૮૭૫ની ૧૮મી ડિસેમ્બરે અલીગઢમાં થયો હતો. અલીગઢમાં હાઇસ્કૂલની કેળવણી લઇને ઈ. ૧૮૯૦માં માત્ર ચૌદ વર્ષની વયે એમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. બાદ આગ્રા કૉલેજમાં દાખલ થઇને ત્યાંથી અંગ્રેજી ઑનર્સનો વિષય લઈ ઇ. ૧૮૯૪માં આખી યુનિવર્સિટીમાં તેઓ પહેલે નંબરે બી.એ. થયા. ઈ. ૧૮૯૫માં એ જ રીતે પ્રથમ વર્ગમાં પ્રથમ આવીને તેઓ એમ.એ. થયા, અને સાથોસાથ એલ એલ.બી. પણ થયા.

ઈ. ૧૮૯૮થી તેમણે અલ્લાહાબાદ હાઇકોર્ટમાં વકીલાત આરંભી. ઈ. ૧૯૦૨માં તેમણે 'ડૉક્ટર ઑવ લૉઝ'ની પદવી મેળવી. કાયદાના જ્ઞાન અંગેની તેમની નિપુણતા ઉત્તરોત્તર વિકાસ પામી એટલી ઉચ્ચ બની કે હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક કરવામાં તેમની યે સલાહ લેવાતી. હિંદની લગભગ બધી વિદ્યાપીઠોએ તેમને 'ડૉક્ટર ઑવ લૉઝ'ની પદવીઓ આપેલી ને ઇંગ્લંડની ઑક્સફર્ડ યુનિવર્સિટીએ સુદ્ધાં એમને ડી. સી. એલ.ની ઉપાધિથી વિભૂષિત કરી એમનું બહુમાન કરેલું.

ઈ. ૧૯૧૩માં યુક્ત પ્રાંતોની ધારાસભામાં ચૂંટાયા ત્યારથી કૉંગ્રેસમાં તેઓ આગળ પડતો ભાગ લેતા થયા. ઈ. ૧૯૦૬માં તેઓ કૉંગ્રેસની મહાસમિતિના સભ્ય ચૂંટાયા, જેમાં લાગટ ૧૧ વર્ષ સુધી તેમણે સેવા આપેલી, ને ઇ. ૧૯૧૩–૧૪માં યુક્ત પ્રાંતની રાજકીય તથા સામાજિક પરિષદોના પ્રમુખ તરીકે પણ ચૂંટાએલા. બાદ કૉંગ્રેસે ધારણ કરેલું ઉદ્દામ વલણ પોતાના બંધારણપ્રિય સ્વભાવને ન ફાવતાં તેઓ રાજીનામું આપી વિનીત પક્ષમાં જોડાયા, જેમાં ઈ. ૧૯૧૮–૨૦માં પ્રાંતિક લિબરલ લીગના અને ૧૯૨૩ તથા '૨૫માં અખિલ હિંદ લિબરલ ફેડરેશનના પ્રમુખસ્થાનેથી તેમણે સેવા આપેલી. ઈ. ૧૯૨૩માં બ્રિટિશ સરકારે લંડનમાં બોલાવેલી 'ઇમ્પીરિયલ કૉન્ફરન્સ'માં તેમને હિંદના પ્રતિનિધિ તરીકે અહીંની હિંદી સરકાર તરફથી મોકલવામાં આવેલા.

ઈ. ૧૯૧૬માં યુક્ત પ્રાંતની ધારાસભામાંથી એમને હિંદ સરકારની વડી ધારાભામાં ચૂંટવામાં આવ્યા ને ત્યાં '૨૦ સુધી તેમણે કાર્ય બજાવ્યું. તેમના ધારાકીય તથા બંધારણીય જ્ઞાનની ઉત્કૃષ્ટતાને લીધે ઈ. ૧૯૨૩માં તેઓ હિંદ સરકારના કાયદાપ્રધાન નિમાએલા. સરકારે લંડનમાં બોલાવેલી ગોળમેજી પરિષદમાં તેમજ ઈ. ૧૯૩૫ના 'હિંદધારા'માં તેમણે અગત્યનો ભાગ ભજવેલો. ઈ. ૧૯૩૧ પછી વિનીત પક્ષના નેતાઓ સાથે મતભેદ થતાં એ પક્ષમાંથી તેમણે રાજીનામું આપ્યું. '૩૦ના સત્યાગ્રહ પછી બ્રિટિશ હકૂમત અને દેશના મહાન નેતાઓ વચ્ચે, તથા મુસ્લિમ લીગની પાકિસ્તાનની માગણીને સમયે 'સપ્રુ-સમિતિ' પાછળની તેમની સમાધાનના સહાયક તરીકેની ઉત્કટ દેશદાઝ-પ્રેરિત મથામણ જાણીતી છે.

'લોકનેતા' થવાની તેમને કદી ઝંખના ન હતી, છતાં લોકનેતાઓ કરતાં ક્યાં ય ચડિયાતી એવી દેશદાઝ, ઊંડી સમજ, વેધક બુદ્ધિ તથા ન્યાયપ્રિયતા તેમને વરેલી હતી. તેમનું અંગત તેમજ ગૃહજીવન પણ અત્યંત ચારિત્રશુદ્ધ અને સંસ્કારપૂત હતું. ઈ. ૧૯૧૦માં ૩૫ વર્ષની વયે વિધુર થયા પછી એમણે નિર્મળ ચારિત્રવાન સજ્જન અને આતિથ્યશીલ અભિજાત ગૃહસ્થ તરીકે ગાળેલા જીવનની સુવાસ ચોમેર હતી. એમની વૈવિધ્યભરી અંગત લાયબ્રેરી ભારતની મોટામાં મોટી ખાનગી લાયબ્રેરીઓ પૈકીની એક ગણાય છે. પોતાના ધારાશાસ્ત્રના ક્ષેત્રમાં મૂગી પણ મોઘી અને અનન્ય સેવાઓ આપી જનાર એ સમર્થ ભારત-સપૂતનું ઈ. ૧૯૪૯ની ૨૧મી જાન્યુઆરીએ અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧ ઇંગ્લંડની શાહી કલાસંસ્થા 'રૉયલ ઍકેડેમી'ની સ્થાપના, ૧૭૬૮.
તા. ૨ સંત ફ્રાન્સિસ ઝેવિયરનું ચીનમાં સાન શિયાન મુકામે અવસાન, ૧૫૫૨.
તા. ૩ હિંદના ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બૅન્ટિંકે સતી થવાનો ચાલ નાબૂદ કર્યો, ૧૮૨૯.
તા. ૪ કટાક્ષચિત્રોની ફિલ્મોના મશહૂર અને કાબેલ સર્જક વૉલ્ટ ડિઝનીનો જન્મ, ૧૯૦૧.
તા. ૬ જરથોસ્તીઓ ઈરાનથી ગુજરાતને સંજાણ બંદરે પ્રથમ આવી વસ્યા, ૭૧૫.
તા. ૧૧ હિંદની સર્વપ્રથમ સ્વદેશી 'સેન્ટ્રલ બૅંક ઑવ ઇંડિયા'ની સ્થાપના, ૧૯૧૧.
તા. ૧૨ પાંચમા જ્યૉર્જના રાજ્યારોહણ વિધિ સાથે દિલ્હી હિંદનું પાટનગર બન્યું, ૧૯૧૧.
તા. ૧૫ ઑરિસ્સા તથા છત્તીસગઢનાં દેશી રાજ્યોનું હિંદ સાથે જોડાણ, ૧૯૪૮.
તા. ૧૬ રોઆલ્ડ આમુંડસેને દક્ષિણ ધ્રુવ પર સૌ પહેલો વિજય મેળવ્યો, ૧૯૧૧.
તા. ૧૭ અમેરિકાના રાઇટ ભાઈઓ પહેલી વાર વિમાનની મદદથી ઊડયા, ૧૯૦૩.
તા. ૧૮ વિશ્વનો અગત્યનો જળમાર્ગ સુએજની નહેર ખુલ્લી મુકાઇ, ૧૮૬૯.
તા. ૨૨ વિશ્વપ્રતિષ્ઠ ભારતીય વિદ્યાપીઠ 'વિશ્વભારતી'ની બોલપુરમાં સ્થાપના, ૧૯૨૧.
તા. ૨૪ આજીવન દેશભક્ત અને મહારાષ્ટ્રીય સમાજસેવક સાને ગુરુજીનો જન્મ, ૧૮૯૯.
તા. ૨૮ 'હિંદી રાષ્ટ્રીય મહાસભા'–ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસની સ્થાપના, ૧૮૮૫.

પ્રસંગવિશેષ : ટિપુનું રાજ્યારોહણ–૭મી ડિસેમ્બર ૧૭૮૨

અંગ્રેજોને સતત અને સખત હંફાવનાર મ્હૈસૂરના સુલતાન હૈદર અલીનું ઈ. ૧૭૮૨ની ૬ઠ્ઠી ડિસેમ્બરે માંદગીને કારણે અવસાન થતાં તેનો વીર પરંતુ અનુભવહીન પુત્ર ટિપુ ગાદીએ આવ્યો (૭મી ડિસેમ્બર ૧૭૮૨). તેના રાજ્યારોહણની સાથેસાથે જ અંગ્રેજોની કાવાદાવા ભરેલી કૂટનીતિની જાળનું ક્રમેક્રમે ભારત પર આરોપણ થતું ગયું. અંગ્રેજો સામે હૈદરે પોકારેલું યુદ્ધ ટિપુએ અખંડ રાખી અંગ્રેજ સેનાને ઉપરાઉપરી હરાવી, એટલે સુધી કે ચારે તરફ નિર્બળતા, નિરુત્સાહ અને નિરાશા સિવાય બીજું કશું અંગ્રેજોને દેખાતું નહોતું. અંતે ઈ. ૧૭૮૩માં અંગ્રેજોએ સુલેહ કરવા ટિપુને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી. ઈ. ૧૭૮૪ના માર્ચની ૧૧મીએ મૅંગલોરમાં ટિપુ અને અંગ્રેજો વચ્ચે સંધિ થઈ. મ્હૈસૂરના રાજ્યમાં કદી દખલ નહિ કરવાનું, ટિપુ તથા તેના ઉત્તરાધિકારીઓ સાથે મૈત્રી જાળવી રાખવાનું અને શત્રુઓની સામે હમેશાં મદદ કરવાનું અંગ્રેજોએ કરાર દ્વારા કબૂલ કર્યું. ટિપુએ અંગ્રેજોનો બધો મુલક તેમને પાછો સોંપ્યો, જોકે બદલામાં તેને ડગલે ને પગલે અંગ્રેજો તરફથી કરારભંગ ને વિશ્વાસઘાત જ સાંપડયા. ટિપુએ પોતાની ઉદારતા બતાવી અને અંગ્રેજોને હલકા પાડયા, પરંતુ હૈદર તથા નાના ફડનવીસની ભારતમાંથી અંગ્રેજી સલ્તનતને આમૂલ ઉખેડી નાખવાની ધારણા પાર ન પડી.

ઝાઝાં જોડાં ખાય, (ઇ) ઝાઝું ડા'પણ ડોળતા;
પાસે પંદર પાઈ, (પણ) વાત વિલાયતની કરે!

મહાત્મા સર્રી સકતી ઉપદેશ આપતા હતા ત્યારે એક વીંછી તેમના શરીર પર ચડયો અને વારંવાર ડંખ મારવા લાગ્યો. આ જોઇને શિષ્યમંડળમાંથી કેટલાકે પૂછયું: 'વીંછી આટલા બધા ડંખ મારે છે તો ય આપ એને દૂર કેમ નથી કરતા?' મહાત્મા સર્રી બોલ્યા: 'જ્યારે હું ધૈર્ય વિષે ઉપદેશ આપી રહ્યો હોઉં ત્યારે હું પોતે જ ધૈર્ય ન બતાવી શકું તો એ મારે માટે કેટલું શરમજનક કહેવાય?'

અનેકાર્થી શબ્દ: **આળ**=ખોટો આરોપ; બહાનું; નુકસાન કે ઈજા; અપરાધ; શક્તિ; નિશાની; તરખૂચ.

કહેવતોની કથા: 'અગ્રે અગ્રે વિપ્ર,જટાળો તે જોગી.' એક બ્રાહ્મણ અને જોગી વચ્ચે ભિક્ષામાં સહીઆરા મળેલા શેરડીના સાંઠાની વહેંચણીમાં તકરારપડી.તેનીપતાવટવાણિયાને સોંપી. તેણે એવી વહેંચણી કરી કે અગ્રે= દરેક શુભ કાર્યમાં આગળ રહેનાર બ્રાહ્મણે આ અગ્રનો—આગરાનો—પાંદડાંવાળો પૂંછડાનો ભાગ લેવો,અને જોગી જટાળો તેણેજટા જેવાં મૂળિયાંવાળો થડિયાનો ભાગ લેવો;અને આમ કહી વચ્ચેનો મીઠો ભાગ વહેંચણીના બદલામાં પોતે રાખ્યો. બે બિલાડીઓનો ભાગ વહેંચી આપનાર વાંદરા જેવા એ વાણિયાના કૃત્યને માટે એની પૂર્તિ કરતું એ કહેવતનું બીજું પદ આ રીતે છે: 'વચ્ચેનો કંદ તે આરોગે નંદ'.

ગણિતગમ્મત: નીચેના ગુણાકારોમાંદરેકમાં ૧ થી ૯ સુધીના અંકો એક જ વખત વાપરવામાં આવ્યા છે. તમે આવા ગુણાકારો શોધી શકશો? (નૌતમ વખારિયા)

૧૭૩૮×૪=૬૯૫૨; ૧૯૬૩×૪=૭૮૫૨;
૪૮૩×૧૨=૫૭૯૬; ૨૯૭×૧૮=૫૩૪૬;
૧૯૮×૨૭=૫૩૪૬; ૧૫૭×૨૮=૪૩૯૬;
૧૮૬×૩૯=૭૨૫૪; ૧૩૮×૪૨=૫૭૯૬;

ધોવાનાં કપડાં બાફતી વખતે તેમાં છાલ સાથે કાપેલા લીંબુના થોડા કટકા નાખજો. આથી લુગડાંમાંના રીઠા ડાઘ પણ નીકળી જઇને બહુ ચોખ્ખાં થશે. (૨૫)

કબાટના કાચ અને અરીસા લૂછવા માટે પાણીનો પોતાનો ઉપયોગ કરવાથી કાચ જલદી સૂકાતો નથી અને કોરા લૂગડે લૂછવાથી કપડાનાં રૂંછાં ચોંટે છે. પણ સ્વચ્છ કાગળ પાણીમાં સાધારણ ભીંજવી તે વડે લૂછવાથી આ મુશ્કેલી દૂર થશે. (રમણ દેસાઇ)



પુખ્તવયના માનવીના શરીરમાંનીબધીલોહીની નળીઓની લંબાઇ ૬૦,૦૦૦ માઈલ થાય છે, જે અદ્ભુત ને વિશાળ જાળગૂંથણીમાં થઈને પાંચથી સાત ક્વાર્ટ લોહી સતત ફર્યા કરે છે.

માટલામાં ચોંટી ગએલું મીઠું ઉખેડતાં મુશ્કેલી પડે છે. અંદર રીંગણાં મૂકી રાખો,યા માટલાને ભીનું કપડું વીંટી રાખો; છૂટું પડી જશે.

'મોટાને કળાતું નથી કે પોતે મોટા છે; નાનાને કળાતું નથી કે પોતે નાના છે.'

સાકર ઝીણી વાટીને અંગારા ઉપર ભભરાવી તેનો નાસ લેવાથી માથાનો દુખાવો મટશે.



ભૂલકણા ભલાશેઠ (ચિત્રકાર - દલસુખ શાહ)

દક્ષિણ અમેરિકાની 'ઍમૅઝૉન' નદી દુનિયામાં મોટામાં મોટી છે. એ ૩૦૦૦ માઈલ લાંબી છે અને જ્યાં આટલાંટિક મહાસાગરને મળે છે ત્યાં તેનું મુખ ૫૦ માઈલ પહોળું છે.એક સેકન્ડમાં લગભગ ૪૦ થી ૫૦ લાખ ઘનફૂટ વહેતો તેનો પ્રવાહ બ્રાઝિલના કિનારાથી છેક ૧૫૦ માઇલ સુધીનાં મહાસાગરનાં પાણીની ખારાશને ઓછી કરે છે. દુનિયાની લાંબી નદીઓમાં ઍમૅઝૉનનો નંબર ત્રીજો છે.(મ.વી.)

કલાકણિકા: દેવમંદિરોમાં પૂજન-અર્ચન ને ભોગ-નૈવેદ્ય માટેનાં વિવિધમનોહર ઘાટનાં વાસણો ઉપરાંત બાધા-માનતાના પ્રસંગે જે અવનવી વસ્તુઓ દેવાર્પણ કરાતી તેમાં દેવોનાં વાહન(શિવનો નંદી, ઇન્દ્રનો હાથી વગેરે) અપાતાં.ઉપરાંત દેવના ભોગ(દૂધ) માટે ગાયો અર્પણ થતી જેમાં કામધેનુ શ્રેષ્ઠ ને ખાસ ગણાતી. એવી એક કામધેનુની(ખુદ ગાયના કદની) આ મૂર્તિ મદ્રાસના મીનાક્ષી મંદિરમાં છે.



શાસ્ત્રોક્ત વર્ણન પ્રમાણે એને માનવ-મુખ અને મોરનું પુચ્છ હોય છે. આવા કલ્પનોત્તેજક પ્રાણીનું સર્જન કરવામાં કલાકાર કેવો રંગે ચડે તેનું આ ઉદાહરણ છે.

હાથ કે કપડા ઉપર પડેલા શાહીના ડાઘ કોલસાની રાખ વડે ધોવાથી નીકળી જશે.



ગોપ : શ્રી રસિકલાલ પરીખે કરેલું તેમનું પહેલું ગણનાપાત્ર ચિત્ર આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'ના અંકમાં પ્રકટ થએલું એ સુયોગ નોંધવા અમે ફરી તે ૩૦૦મે માસે આ અંકમાં પ્રકટ કરીએ છીએ. ઢોળાવવાળી ટેકરીઓ પર ચરતાં મેઢાં, આરામથી બેઠેલી બકરી, પડખામાં લપાએલું ગાડરૂં અને પાસે પડેલી પાઘડી તથા લાકડી સાથે સામંજસ્ય સાધતી લંબાવેલા પગની નિરાંતની બેઠક જમાવી પાવા વગાડતો ગોપ ચિત્રમાંથી જાણે એ પ્રશાન્ત વાતાવરણના સુખના સૂર રેલી રહ્યો છે.





←ડાબી બાજુ: મુઘલ ગ્રંથાલેખનના એક વિશિષ્ટ-મનોહર નમૂનારૂપ. કવિ સાદી કૃત કાવ્ય 'ગુલિસ્તાન'ના આ પાનામાં, મથાળે કાવ્ય-કડીઓની સાથોસાથ વૈવિધ્યભરી પક્ષિચિત્રણનું કલાત્મક સંયોજન છે, અને નીચે એ ગ્રંથના લેખક તથા ચિત્રકારની સંયુક્ત તસ્વીરો છે. એમાં ડાબી બાજુનું ૧૭-૧૮ વરસનું પાત્ર તે એના ચિત્રકાર મનોહર(બસાવનના પુત્ર)નું પોતાનું સ્વહસ્તે દોરેલું છે, એ આ ચિત્રનું ખાસ મહત્ત્વ છે. જમણી બાજુનું સાપ પકડતી સ્ત્રીનું ચિત્ર દખ્ખણ શૈલીનું એક સરસ ઉદાહરણ છે. ધર્મચુસ્ત ઔરંગઝેબના શુષ્ક રાજ્યઅમલમાં મુઘલ કલાનાં ઊતરતાં પાણી થતાં ચિત્રકારો દેશના વિવિધ ભાગોમાં વહેંચાઇ ગયા, ત્યારે ઉત્તર હિંદની એ કળાના અનુસંધાનમાં દક્ષિણ હિંદમાં જે શૈલી ખીલી તે દખ્ખણ કે હૈદરાબાદી શૈલી તરીકે જાણીતી છે. એમાં મુઘલ કલાની સફાઇ અને રાજપૂત કલાનું વિષયમાધુર્ય હોવા છતાં સજીવતાની ઊણપ સ્પષ્ટ લાગે છે.

વર્ષ ૩૨ માનું વાર્ષિક સાંકળિયું

સન '૫૫ - જાન્યુઆરીથી ડિસેમ્બર - સળંગ અંક ૩૭૩થી ૩૮૪

મુખ્ય ચિત્રો — પૂર્ણરંગી

દ્વિરંગી, એકરંગી, રેખાંકન, વુડકટ વગેરે

શિલ્પ-સ્થાપત્ય

ફોટોગ્રાફ

કાવ્યો અને મુક્તકો

પ્રકીર્ણ નાના લેખો

વિભાગીય લેખો

આપણાં જંતુઓ

આપણાં પંખીઓ

આપણાં પ્રાણીઓ

કલાવાર્તા

ચિત્રબોધ

ટિકિટસંગ્રહ

માસમાસના પ્રસંગવિશેષ


સામયિક વિચાર

બીજા વિભાગો

માધુકરી

કાવ્યકંડિકાઓ

જીવનપરિચય



આ અંકની કોથળી ઉપર, આપના ગ્રાહકનંબરને છેડે જો ‘૧૨’નો અંક છાપ્યો હોય તો સમજશો કે આ અંક સાથે

આપનું લવાજમ પૂરું થયું

તે માટે નીચેનું નિવેદન વાંચવા વિનતિ છે

કુમારની ગ્રાહક-સંખ્યાનો આ સામે આપેલો આલેખ દર્શાવે છે તેમ છેલ્લાં વર્ષોમાં તેની લોકપ્રિયતાનો આંક ચડતો જ રહ્યો છે. લોકપ્રિયતાની એ પારાશીશીને પ્રમાણ ગણીએ તો આશા પડે છે કે, આજે છે તેટલા ગ્રાહકો તો ચાલુ રહેશે જ. અમારો આજ સુધીનો અનુભવ પણ કહે છે કે વર્ષ આખરે બંધ થનારા ગ્રાહકોનું પ્રમાણ અલ્પ–અતિ અલ્પ હોય છે, અને તેનો પણ મોટો ભાગ તો આર્થિક કારણોને લીધે જ બંધ થાય છે. એ વિષયમાં અમે નિરૂપાય છીએ; પરંતુ અગાઉ અમે એક વખત જણાવ્યું હતું તેનું પુનરુચ્ચારણ કરીએ તો, વર્ષના નવ રૂપિયા સામટા કદાચ ભારે લાગે તોપણ, મહિનાના બાર આના કે રોજની પાંચ પાઈના ખર્ચની સામે ‘કુમાર’ દ્વારા મળતું સાહિત્ય, કલા, જ્ઞાન, સંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું ભાથું વધુ મૂલ્યવાન નથી? જ્ઞાન, સંસ્કાર ને ચારિત્ર્યઘડતરની સામગ્રીને આપણા ખોરાક, પોષાક અને વસવાટ જેટલી જ રોજિંદી જરૂરિયાત જો આપણે ગણતા હોઈએ તો આ ખર્ચ પણ અર્થતંત્રનું એક આવશ્યક અંગ ગણાવું જોઈએ. એટલે, ફેર માત્ર દૃષ્ટિકોણનો છે–કે કુમારને આપણે ફક્ત ફુરસદિયા વાચનશોખનું સાધન ગણીએ છીએ, કે જીવનની એક અગત્યની જરૂરત?

આ રીતે વિચારવામાં આવે તો, અમને વિશ્વાસ છે કે આપનામાંનો કોઈ પણ ગ્રાહક ‘કુમાર’ બંધ કરવાનો વિચાર ભાગ્યે જ કરશે. હવે બાકી રહી એ લવાજમ ભરવાની વાત. દર વર્ષે અમે આ પત્રિકા દ્વારા જણાવીએ છીએ તે પરથી સૌ ગ્રાહકોને પ્રતીતિ છે કે **લવાજમ મની ઑર્ડરથી મોકલવું એ વધુમાં વધુ સરળ ને ઓછામાં ઓછું ખર્ચાળ છે.** છતાં નીચે જણાવેલી પાંચ પદ્ધતિ પૈકી આપ આપને અનુકૂળ જણાતી પદ્ધતિ સ્વીકારી શકો છો. **તે વિષેનો આપનો નિર્ણય ૧૫મી જાન્યુઆરી પહેલાં અમને પહોંચે તે રીતે નીચેના કાર્ડમાં ભરી મોકલવા કૃપા કરશો.**

અને જો ગ્રાહક ન રહેવું હોય તો પણ કૃપા કરી તે મુદ્દો પણ ભરી મોકલશો કે જેથી અમે વી.પી. કરવાના નાહકના ખર્ચમાં ન ઊતરીએ. એથી આપને માત્ર થોડી તકલીફ જ છે; પરંતુ નહિતર અમને પાંચ આનાનો ખર્ચ માથે પડશે.

છતાં, કોઈ સંજોગોમાં ૧૫મી જાન્યુઆરી ૧૯૫૬ સુધીમાં આપનો નિર્ણય નહિ મળે તો, આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવાના છો એમ સમજીને, આવતો અંક વી. પી. થી મોકલીશું તે સ્વીકારી લેવા કૃપા કરશો.

કાર્ડમાં આપનો ગ્રાહક-નંબર તો અવશ્ય ભરી મોકલશો. આ અંકની કોથળી પર તે આપ્યો છે.

↓ અહીંથી ફાડો અને આ કાર્ડ અવશ્ય ભરી મોકલો.

સામેના કાર્ડ વિષે સમજૂતી

લવાજમ: દેશમાં રૂ. ૯; (પરદેશમાં શિ. ૧૭) છે. તે મોકલવા જો—

(૧) મનીઑર્ડર કરશો તો ૩ આના થશે
(૨) ચેક બે આનામાં બીડી શકશો.
(૩) પોસ્ટલ ઑર્ડર પણ બે આનામાં.
(૪) એજન્ટને ૩ આના ભરવા પડશે.
(૫) વી. પી. થી મંગાવતાં સૌથી વધુ ખર્ચ થશે: દસ આના (૦-૧૦-૦)

અને ગ્રાહક ન રહેવું હોય તો પણ કૃપા કરીને તેમ જરૂર ભરી મોકલશો.

અને આપનો ગ્રાહક નંબર તો અચૂક લખશો. કોથળી ઉપર છે.

અહીંથી ફાડો અને આ કાર્ડ અવશ્ય ભરી મોકલો. →

વ્યવસ્થાપક ‘કુમાર’, અમદાવાદ. તા. ....

૧૯૫૬ના વર્ષના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. મારો ગ્રા. નં. છે.
એ માટેનું મારું લવાજમ [દેશમાં રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ. ૧૭] હું–

(૧) મનીઑર્ડરથી મોકલું છું.
(૨) ચેકથી મોકલું છું.
(૩) પોસ્ટલ ઑર્ડરથી મોકલું છું.
(૪) તમારા એજન્ટ .... મારફત મોકલું છું.
(૫) આવતો અંક નીચેને સરનામે વી. પી. થી મોકલી વસૂલ કરશો.
(૬) મારું નામ કમી કરશો.

(ઉપરના છ મુદ્દામાંથી જરૂરનો મુદ્દો રાખીને બાકીના બધા છેકી નાખવા.)

નામ ....

પૂરું સરનામું ....